સુવિચાર

સપના એટલે પગથિયાં વિનાની સીડી, સંકલ્પ એટલે નિશ્ચિત કરેલાં પગથિયાં!

# સમય મિરર




SAMAY MIRROR (MORNING DAILY)

samaymirror@gmail.com

RETAIL SELLING PRICE Rs. 3 ■ ANNUAL SUBSCRIPTION Rs. 900 ■ LANGUAGE : GUJARATI

RNI NO:-GUJGUJ/2022/84575

Year-3, Issue-210 ■ DATE : 10-6-2025 ■ TUESDAY ■ Page-10 ■ જેઠ સુદ ૧૪, વિક્રમ સંવંત-2081

■ OWNER : ZALA PRADIPSINH GHANSHYAMSINH ■ EDITOR, PRINTER & PUBLISHER : HINESH PRAVINBHAI PANCHOLI ■ MANAGING EDITOR : ZALA PRADIPSINH GHANSHYAMSINH

■ PLACE OF PUBLICATION : 201, JALARAM ASSOCIATE, 20- NEW JAGNATH, DR. YAGNIK ROAD, RAJKOT-360001 (GUJARAT) ■ PRINTED AT SANJ MEDIA SANJ SAMACHAR CORPORATE HOUSE KASTURBA ROAD, NEAR SHARDA BAUG, RAJKOT-360001


# મોદી સરકારના સાહસિક નિર્ણયોથી દેશમાં અજબ પરિવર્તન : જે.પી. નડ્ડા

## નિષ્ઠા અને સેવાભાવથી લોકોની જિંદગી સરળ બનાવવાનો પ્રયાસ કર્યો છે : નરેન્દ્ર મોદી



**સમય મિરર । નવી દિલ્હી**

સોમવારે મોદી સરકારે ૧૧ વર્ષ પૂર્ણ કર્યા. આ પ્રસંગે ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ સરકારના કામ, નિર્ણયો અને નીતિઓ વિશે વાત કરી. તેમણે કહ્યું કે નોટબંધી દરમિયાન, વિપક્ષી પાર્ટીઓ જનતાને ઉશ્કેરી રહી હતી, પરંતુ જનતા સરકારના સમર્થનમાં લાઇનોમાં ઉભી રહી હતી. લોકોને મોદીજીના નેતૃત્વમાં વિશ્વાસ હતો.

કલમ ૩૭૦: 'જો હું છેલ્લા ૧૧ વર્ષમાં અમારી સરકાર દ્વારા લેવામાં આવેલા સાહસિક નિર્ણયો વિશે વાત કરું તો તેને પ્રેસ કોન્ફરન્સમાં આવરી લેવાનું મુશ્કેલ બનશે. દેશે સ્વીકાર્યું હતું કે કલમ ૩૭૦ હટાવવી શક્ય નથી, પરંતુ મોદી સરકારે તે કર્યું અને જમ્મુ અને કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબુદ કરી. લોકસભા ચૂંટણીમાં ૫૮.૪૬% મતદાન થયું હતું, જ્યારે જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ચૂંટણીમાં ૬૩% મતદાન થયું હતું. આ પરિવર્તન મોદી સરકારના સાહસભર્યા નિર્ણયનું પરિણામ છે.

ભ્રષ્ટાચાર: 'આ એક પારદર્શક અને ભવિષ્યવાદી સરકાર છે. આપણે વિકસિત ભારતની વાત કરીએ છીએ અને આ ૧૧ વર્ષ તે વિકસિત ભારતનો મજબૂત પાયો બની ગયા છે. ૨૦૧૪ પહેલાની સરકાર ભ્રષ્ટાચાર અને નિરાશાના વાતાવરણથી ભરેલી હતી. પરંતુ ૨૦૧૪ પછી, વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં વાતાવરણ સંપૂર્ણપણે બદલાઈ ગયું. આજે લોકો ગર્વથી કહે છે, 'મોદી હૈ તો મુમકીન હૈ.' છેલ્લા ૧૧ વર્ષોમાં, અમે 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ' ના મંત્ર સાથે આગળ વધવા માટે સતત કામ કર્યું છે. અર્થતંત્ર: 'છેલ્લા ૧૧ વર્ષમાં, ભારત વિશ્વની અર્થવ્યવસ્થાઓમાં ૧૦મા સ્થાનથી પાંચમા સ્થાને પહોંચી ગયું છે. અને નવા IMF ડેટા અનુસાર, આપણે હવે ચોથા સ્થાને પહોંચવા જઈ રહ્યા છીએ. ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બની ગઈ છે.'

ચૂંટણીમાં ગોટાળાઃ 'વિપક્ષે ચૂંટણી પ્રક્રિયા પર સવાલ ઉઠાવતા પહેલા વિચારવું જોઈએ. જ્યારે તમે હિમાચલ, પંજાબમાં જીતો છો, ત્યારે બધું બરાબર છે. જ્યાં પણ તમે હારો, ત્યાં તમે ગોટાળાનો આરોપ લગાવવાનું શરૂ કરો છો. દર વખતે પ્રેસ કોન્ફરન્સમાં, તેઓ કહે છે કે આટલા બધા મત ઉમેરાયા, આટલા બધા મત ઉમેરાયા. આ કેવી રીતે યોગ્ય છે?'


નોટબંધીઃ મને યાદ છે કે નોટબંધી દરમિયાન, વિરોધ પક્ષો લાભ ખાંટવા માટે જનતાને ઉશ્કેરી રહ્યા હતા. પરંતુ ભારતનો સામાન્ય માણસ કલાકો સુધી બેંકની સામે ઊભો રહ્યો અને મોદી સરકારના નિર્ણયને ટેકો આપ્યો. જ્યારે નેતૃત્વમાં વિશ્વાસ હોય છે, ત્યારે જનતા ટેકો આપે છે. તમે ભૂલી ગયા હશો, પણ હું ભૂલ્યો નથી.

મોદી સરકારના ૧૧ વર્ષ પુરા થવા પર પીએમ મોદીએ સોશિયલ મીડિયા X પર વીડિયો પોસ્ટ કર્યો. સાથે જ તેમણે લખ્યું- અમારી સરકારની યોજનાઓના કેન્દ્રમાં ગરીબ ભાઈ-બહેનોની સાથે જન-જનનું કલ્યાણ થઈ રહ્યું છે. અમે પુરી નિષ્ઠા અને સેવાભાવ સાથે લોકોની જીંદગી સરળ બનાવવાના પ્રયાસ કર્યા છે. સોમવારે મોદી સરકારના ત્રીજા કાર્યકાળને એક વર્ષ પૂર્ણ થયું. આ સાથે જ, મોદી સરકારના ત્રણ કાર્યકાળના કુલ ૧૧ વર્ષ પૂર્ણ થયા છે. પીએમ મોદીએ રવિવારે કહ્યું હતું કે છેલ્લા ૧૧ વર્ષમાં, કેન્દ્રમાં NDA સરકારે મહિલાઓના નેતૃત્વ હેઠળ વિકાસની વ્યાખ્યા બદલી નાખી છે.

પીએમએ સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું, 'દેશની 'નારી શક્તિ'ને સશક્ત બનાવવા માટે સરકારની ઘણી યોજનાઓ શરૂ કરવામાં આવી હતી. સ્વચ્છ ભારત મિશનથી મહિલાઓને ગૌરવ મળ્યું. જન ધન યોજના દ્વારા તેમને બેંકિંગ સિસ્ટમ સાથે જોડવામાં આવ્યા.'

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ બપોરે ૧૨ વાગ્યે દિલ્હી ખાતે ભાજપ હેડકવાર્ટરમાં પ્રેસ કોન્ફરન્સ કરી અને સરકારની સિદ્ધિઓની યાદી રજૂ કરી. તેમજ, વિવિધ રાજ્ય અને જિલ્લા સ્તરના ભાજપ હેડકવાર્ટરમાં પણ કાર્યક્રમોનું આયોજન થશે.

ગયા વર્ષે ૯ જૂને મોદીએ વડાપ્રધાન તરીકે ત્રીજા કાર્યકાળ માટે શપથ લીધા હતા. તેમજ, મોદી સરકાર ૩.૦ ના ૭૧ મંત્રીઓએ પણ શપથ લીધા હતા. પીએમ ઉપરાંત, ૬૦ મંત્રીઓ ભાજપના અને ૧૧ અન્ય પક્ષોના હતા.



**મોદી સરકારની સળંગ ત્રીજી ઈનિંગનું પહેલું વરસ પુરું થતાં ભાજપના અધ્યક્ષની પત્રકાર પરિષદ**



# કેરળથી મુંબઈ જતી કાર્ગો શીપમાં ભેદી વિસ્ફોટથી કન્ટેનર ફેંકાયા

## 50થી વધુ કન્ટેનરો દરિયામાં ડૂબકદાવ રમવા લાગ્યા : ચાર ક્રૂ મેમ્બરો લાપતા

**સમય મિરર । નવી દિલ્હી**

કેરળના તટ પર એક દૂર્ઘટના થઇ છે. કોલંબોથી ન્હાના શેવા તરફ આવતા કન્ટેનર જહાજ MV WAN HAI ૫૦૩માં સમુદ્રમાં એક મોટો વિસ્ફોટ થયો છે. જહાજના અંડર ડેક (નીચલા ભાગ)માં આ વિસ્ફોટ કોચ્ચિથી લગભગ ૩૧૫ કિલોમીટર પશ્ચિમમાં થયો છે. દૂર્ઘટના થઇ પછી ૪ ક્રુ મેમ્બર ગુમ થયા છે તેમનો કોઇ અતો પત્તોનથી. આ અકસ્માતમાં ૫ લોકો ઈજાગ્રસ્ત થયાના સમાચાર છે. જહાજ પર કુલ ૨૨ ક્રુ મેમ્બર સવાર હતા. જહાજ પર કન્ટેનર લાદેલા હતા.

ક્રુ મેમ્બર્સને બચાવવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. જે જહાજ પર ૫૦ કન્ટેનર હતા તે સમુદ્રમાં પડી ગયા છે. ૬૦૦થી વધારે કન્ટેનર રાખવામાં આવ્યા હતા. નૌસેના અને તટરક્ષક જહાજો ઘટનાસ્થળેથી રવાના થયા હતા. વિસ્ફોટનું કારણ સ્પષ્ટ નથી થયુ, જો કે આશંકા છે કે આ કોઇ કન્ટેનરની અંદર વિસ્ફોટ થયો હતો.

ભારતીય નૌસેનાના પીઆરઓએ કહ્યુ છે કે કોઝીકોડના બેપોર તટ પર એક માલવાહક જહાજમાં વિસ્ફોટ થયો છે. આ જહાજ સિંગાપુરનો ફ્લેગ લગાવેલ કન્ટેનર જહાજ છે જેની લંબાઇ ૨૭૦ મીટર અને ડ્રાફ્ટ ૧૨.૫ મીટર છે આ જહાજ ૭ જૂને કોલંબોના એનસીપી મુંબઇ સાથે ૧૦ જૂને રવાના થયો હતો.

ભારતીય તટરક્ષક બળ (ICG)એ તરતજ રાહત અને બચાવ કાર્ય માટે ઓપરેશન શરૂ કરી દીધુ છે. કોસ્ટગાર્ડની ડોર્નિયર વિમાન (CGDO)ને ઘટના સ્થળે જાણકારી મેળવવા મોકલવામાં આવ્યુ છે. આ સાથે ત્રણેય સેના ICGS રાજદૂત( ન્યુ મેંગલોર) ICGS અર્ણવેષ (કોચ્ચી) ICGS સચેત અટ્ટીથી તાત્કાલીક રીતે રવાના કરી દેવામાં આવ્યા છે.

તટરક્ષક બળે કહ્યુ કે ગુમ લોકોની શોધખોળ અને તલાશ અને ઈજાગ્રસ્તોને પ્રાથમિક ઉપચાર આપવાનું કામ શરૂ કરવામાં આવ્યુ છે. જહાજ પર રહેલા બાકી ક્રુ મેમ્બર હાલ સુરક્ષિત છે. તટરક્ષક બળ સ્થિતિ પર ખુબજ બારીકાઇથી નજર રાખી રહ્યુ છે. રાહત માટે જહાજ અને વિમાન ઘટનાસ્થળે મોકલી દેવામાં આવ્યા છે. તમામ પ્રકારની સહાય કરવામાં આવી રહી છે.

# 5000માંથી હવે 6000નો કૂદકો છતાં કોરોનાની કોઈને પડી નથી

## અગાઉના વરસોમાં આ જ રીતે વાયરસની આગેકૂચ દુનિયા જોયા કરતી હતી : 124 દર્દીઓ સાજા થતાં ડિસ્ચાર્જ

**સમય મિરર । ગાંધીનગર**

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૩૫૮ નવા કેસ નોંધાયા છે. આ સાથે એક્ટિક કેસોની સંખ્યા ૬,૦૦૦ને પાર પહોંચી ગઈ છે. સોમવારે (૯ જૂન) સવારે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ સૌથી વધુ કેરળમાં કેસ નોંધાઈ રહ્યા છે, ત્યારબાદ ગુજરાત, પશ્ચિમ બંગાળ અને દિલ્હીમાં કેસો નોંધાયા છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે, ભારતમાં સક્રિય કોવિડ-૧૯ દર્દીઓની સંખ્યા ૬,૪૯૧ પર પહોંચી ગઈ છે. સૌથી રાહતની વાત એ છે કે, છેલ્લા ૨૪ કલાકમાં કોઈ કોરોના દર્દીનું મોત થયું નથી અને વધુ ૬૨૪ દર્દીઓ સાજા થતા ડિસ્ચાર્જ કરાયા છે. અગાઉ રવિવારે છેલ્લા ૨૪ કલાકમાં ૬ દર્દીના મોત થયા હતા. આ વર્ષે જાન્યુઆરીથી દેશમાં કોરોનાના કારણે ૬૫ લોકો મોત થયા છે. ૨૨ મે સુધી દેશમાં સક્રિય દર્દીઓની સંખ્યા ૨૫૭ હતી. વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં ડેટાની વાત કરીએ તો, આ વર્ષે કુલ ૬૪૯૧ એક્ટિસ કેસ નોંધાયેલા છે, જ્યારે ૬૮૬૧ દર્દીઓ સજા પણ થયા છે. આ ઉપરાંત



કોરોના સંક્રમીત કુલ ૬૫ લોકોએ જીવ ગુમાવ્યો છે. છેલ્લા ૨૪ કલાકના ડેટાની વાત કરીએ તો સૌથી વધુ ગુજરાતમાં ૧૫૮, ત્યારબાદ કર્ણાટકમાં ૫૭, પશ્ચિમ બંગાળમાં ૫૪, દિલ્હીમાં ૪૨, તમિલનાડુમાં ૨૫, મહારાષ્ટ્રમાં ૧૨, સિક્કીમમાં ૮, કેરાલામાં ૭, ઉત્તર પ્રદેશમાં ૬, રાજસ્થાન, મધ્યપ્રદેશ, પુડુચેરીમાં ચાર-ચાર, ઉત્તારાખંડમાં ૩, આસામ, હરિયાણામાં બે-બે, જ્યારે આંધ્રપ્રદેશ, બિહાર, ઓડિશા, તેલંગાણામાં એક-એક કેસ નોંધાયા છે. ડેટા મુજબ છત્તીસગઢ, પંજાબ, ગોવા, જમ્મુ અને કાશ્મીર, ઝારખંડ, હિમાચલ પ્રદેશ, ચંડીગઢ, ત્રિપુરા, અરૂણાચલપ્રદેશ અને મિઝોરમમાં એક પણ કેસ નોંધાયા નથી.

**2025માં કોરોનાથી કુલ મોત**

| | |
|---|---|
| કેરળ | ૧૫ |
| મહારાષ્ટ્ર | ૧૮ |
| કર્ણાટક | ૯ |
| દિલ્હી | ૭ |
| તમિલનાડુ | ૬ |
| ગુજરાત | ૨ |
| ઉત્તર પ્રદેશ | ૨ |
| મધ્ય પ્રદેશ | ૨ |
| પંજાબ | ૨ |
| પશ્ચિમ બંગાળ | ૧ |
| રાજસ્થાન | ૧ |
| કુલ | ૬૫ |

**2025માં સૌથી વધુ કેરળમાં ત્યારબાદ ગુજરાત એક્ટિવ કેસ**

| | | | |
|---|---|---|---|
| કેરળ | ૧૯૫૭ | પંજાબ | ૩૫ |
| ગુજરાત | ૯૮૦ | ઓડિશા | ૩૪ |
| પશ્ચિમ બંગાળ | ૭૪૭ | સિક્કિમ | ૩૧ |
| દિલ્હી | ૭૨૮ | પુડુચેરી | ૧૧ |
| મહારાષ્ટ્ર | ૬૦૭ | તેલંગાણા | ૯ |
| કર્ણાટક | ૪૨૩ | ગોવા | ૯ |
| ઉત્તર પ્રદેશ | ૨૨૫ | જમ્મુ અને કાશ્મીર | ૯ |
| તમિલનાડુ | ૨૧૯ | ઉત્તરાખંડ | ૬ |
| રાજસ્થાન | ૧૨૮ | આસામ | ૪ |
| હરિયાણા | ૧૦૦ | ઝારખંડ | ૪ |
| આંધ્ર પ્રદેશ | ૮૫ | હિમાચલ પ્રદેશ | ૩ |
| બિહાર | ૫૦ | ચંદીગઢ | ૨ |
| મધ્ય પ્રદેશ | ૪૩ | ત્રિપુરા | ૧ |
| છત્તીસગઢ | ૪૧ | કુલ | ૬૪૯૧ |

**રશિયાના 277 ડ્રોન અને 19 મિસાઈલોને યુક્રેને હવામાં જ તોડી પાડ્યા હોવાનો દાવો**

# રશિયાના ભયાવહ હુમલાઓ છતાં યુક્રેન જરાય ઝૂકતું નથી

**સમય મિરર । મોસ્કો**

રશિયા અને યુક્રેનની વચ્ચે છેલ્લા ત્રણ વર્ષથી ચાલી રહેલા યુદ્ધમાં ગઈ કાલની રાત યુક્રેન માટે ખૂબ જ ભયાનક રહી હતી. જ્યારે રશિયાએ યુક્રેન પર ૪૭૯ ડ્રોન અને ૨૦ મિસાઈલો દ્વારા અત્યાર સુધીનો સૌથી મોટો હવાઈ હુમલો કર્યો છે. યુક્રેની વાયુસેનાએ કહ્યું કે, આ હુમલામાં ખાસકરીને દેશના મધ્ય અને પશ્ચિમ વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા છે. થોડા દિવસો પહેલા યુક્રેને રશિયાની એરબસને નિશાન બનાવી હતી, અને ત્યાર બાદ કરવામાં આવેલો આ સૌથી મોટો હુમલો માનવામાં આવી રહ્યો છે. છતાં પણ યુક્રેન હજી ઝુંકતુ નથી.

યુક્રેનની વાયુસેનાએ દાવો કર્યો છે કે, તેમાથી ૨૭૭ ડ્રોન અને ૧૯ મિસાઈલોને હવામાં જ તોડીને નષ્ટ કરવામાં આવી હતી. યુક્રેનના દાવા મુજબ ૧૦ ડ્રોન અને મિસાઈલો પોતાના લક્ષ્ય સુધી પહોંચી શક્યા હતા. હુમલામાં એક શખ્સ ઘાયલ થયો છે. જો કે,યુક્રેનના દાવાની કોઈ પણ રીતે પૂષ્ટિ કરવામાં આવી નથી.

યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ કહ્યું કે, પૂર્વ અને ઉત્તર - પૂર્વ મોર્ચો પર પરિસ્થિતિ ખૂબ જ ખરાબ થઈ છે. જો કે તેમણે રશિયા દ્વારા થઈ રહેલા હુમલાથી થતાં નુકસાન અંગે વધુ માહિતી નહોતી આપી. યુક્રેનને તેના પશ્ચિમી સહયોગીથી, ખાસ કરીને એર ડિફેન્સ સિસ્ટમની જરૂરીયાત છે, પરંતુ અમેરિકાની નીતિને લઈને અનિશ્ચિતતાના કારણે સ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે.

આ દરમિયાન રશિયાએ એવો પણ દાવો કર્યો હતો કે, તેમણે તેમના પ્રદેશના સાત ભાગમાં ૪૯ યુક્રેનિયન ડ્રોન તોડી પાડ્યા છે. રશિયાના વોરોનેઝ વિસ્તારમાં ૨૫ ડ્રોન તોડી પાડવામાં આવ્યા છે.

# મુંબઈ હુમલાના આરોપી તહવ્વુર રાણાને પારિવારિક ફોન કરવા મુક્તિ

## તિહાર જેલના કડક નિયમો વચ્ચે દિલ્હીની પતિયાલા હાઉસ કોર્ટનો આતંકવાદીને રાહત આપતો હુકમ

**સમય મિરર । નવી દિલ્હી**

દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે સોમવારે ૨૬/૧૧ મુંબઇ આતંકી હુમલાનો આરોપી તહવ્વુર રાણાને પરિવારના સભ્યો સાથે ફોન પર વાત કરવાની અનુમતિ આપી છે. સ્પેશિયલ જજ જસ્ટિસ ચંદરજીતસિંહે આતંકી રાણાને એક વાર ફોન કોલ કરવાની છૂટ આપી છે. તેઓ માત્ર એક જ વાર પરિવાર સાથે વાત કરી શકશે.

દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે સોમવારે ૨૬/૧૧ મુંબઇ આતંકી હુમલાનો આરોપી તહવ્વુર હુસૈન રાણાને પરિવારના સભ્યો સાથે ફોન પર વાત કરવાની પરવાનગી આપી છે. સાથે જ જજે કહ્યું કે આ કોલ જેલ મેન્યુઅલના અનુસાર થશે અને તિહાડ જેલ પ્રશાસનની દેખરેખમાં જ થશે. અદાલતે તહવ્વુર રાણાના સ્વાસ્થ્યની રિપોર્ટ માગી છે. જે સોમવારથી ૧૦



દિવસની અંદર જમા કરાવવા પડશે. આ સાથે જ જેલ પ્રશાસને એ પણ સ્પષ્ટ કરવુ પડશે શું રાણાને નિયમિત ફોન કોલની અનુમતિ આપવી જોઇએ કે નહી. આ અંગે જોડાયેલા સ્પષ્ટીકરણ કોર્ટને રજૂ કરવાનો આદેશ આપ્યો છે.

તહવ્વુર રાણા એક પાકિસ્તાની-કેનેડિયન નાગરિક છે જે ૨૬/૧૧ ના મુંબઈ આતંકવાદી હુમલામાં કથિત રીતે સામેલ હતો. રાણાએ હુમલાખોરોને નાણાકીય અને લોજિસ્ટિકલ સહાય પૂરી પાડી હતી અને હુમલાનું કાવતરું ઘડવામાં સક્રિય ભૂમિકા ભજવી હતી. તે પહેલા અમેરિકામાં રહેતો હતો અને ૨૦૧૧ માં તેની ધરપકડ કરવામાં આવી હતી. તેને આતંકવાદીઓને આશ્રય આપવા અને તેમને સંસાધનો પૂરા પાડવાના આરોપમાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો. રાણાનું નામ પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠનો સાથે જોડાયેલું છે. તહવ્વુર રાણાની સાથે લશ્કર એ તૈયબા, હરકત અલ જિહાદી ઇસ્લામી જેવા ટેરર સંગઠનોના ઘણા અન્ય પાકિસ્તાની સહયોગીઓ સાથે મળીને હુમલાનું ષડયંત્ર રચ્યુ હતું.

## ધ વર્લ્ડ એરાઉન્ડ



# અમેરિકન એરપોર્ટ પર ભારતીય વિદ્યાર્થીને અકારણ હાથકડી

**નવી દિલ્હી :** અમેરિકાના નેવાર્ક એરપોર્ટ પર એક ભારતીય વિદ્યાર્થી સાથે ગુનેગાર જેવો વ્યવહાર કરાયો હોવાનો મામલો સામે આવ્યો છે. અમેરિકન અધિકારીઓએ વિદ્યાર્થીને ડિપોર્ટ કરતા પહેલા ઘૂંટણથી તેની ગરદન દબાવી, છી ફર્શ પર ઊંધો સુવડાવી હાથકડી લગાવી ગુનેગાર જેવો વ્યવહાર કર્યો છે. આ ઘટનાનો એક વીડિયો પણ વાયરલ થયો છે, જેના જોનારા ઘણા સોશિયલ મીડિયા યુઝર્સે ભારત સરકારને આવા કેસોમાં ધ્યાન આપવાની અપીલ કરી છે. ભારતીય-અમેરિકન ઉદ્યોગસાહસિક કુણાલ જૈને વિદ્યાર્થી સાથે થયેલા દુર્વ્યવહારનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. તેમણે ભારતીય દૂતાવાસને આ મામલે હસ્તક્ષેપ કરવા વિનંતી કરી છે. તેમણે વીડિયો શેર કરીને લખ્યું છે કે, વિદ્યાર્થી રડતો રહ્યો પરંતુ અધિકારીઓ તેની સાથે ગુનેગાર જેવો વ્યવહાર કરતા રહ્યા. તેમણે આ ઘટનાને અમાનવીય ગણાવી છે. હેલ્થબોટ એઆઈના અધ્યક્ષ કુણાલ જૈને એક્સ પર લખ્યું છે કે, 'મેં ન્યૂજર્સીના નેવાર્ક એરપોર્ટ પર એક ભારતીય યુવા વિદ્યાર્થીને ડિપોર્ટ થતા જોયો હતો. તેને હાથકડી પહેરાવાઈ હતી, તેની સાથે ગુનેગાર જેવો વ્યવહાર કરાયો. તે વિદ્યાર્થી હરિયાણાની ભાષા બોલતો હોય તેવું લાગી રહ્યું હતું.' વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે, એક અમેરિકન અધિકારી ભારતીય વિદ્યાર્થીની ફર્શ પર પાડતા, પછી તેને ઘૂંટણથી ગરદન દબાવતા અને હાથકડી પહેરાવતા જોવા મળી રહ્યો છે. તેમણે કહ્યું કે, છેલ્લા કેટલાક સપ્તાહમાં ભારતીય વિદ્યાર્થીઓને ડિપોર્ટ કરવાના અનેક મામલા સામે આવ્યા છે. તેનું કારણ એ છે કે, ડિપોર્ટ લોકો પોતાના પ્રવાસનું કારણ જણાવી શક્યા નથી. અમેરિકન અધિકારીઓ ડિપોર્ટ કરાયેલા લોકોને ગુનેગારોની જેમ પરત મોકલી રહ્યા છે. કેટલાક દિવસથી દરરોજ આવા ત્રણથી ચાર મામલા સામે આવ્યા છે.



# ઓપરેશન સિંદૂરના વ્યૂહબાજ DGMO રાજીવ ઘાઈને પ્રમોશન

**નવી દિલ્હી :** ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય સેના દ્વારા આપવામાં આવેલી બ્રીફિંગને કારણે ચર્ચામાં આવેલા લેફ્ટનન્ટ જનરલ અને DGMO Rajiv Ghaiને હવે બઢતી આપવામાં આવી છે. લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈને ડેપ્યુટી ચીફ ઓફ આર્મી સ્ટાફ (સ્ટ્રેટેજી)ના પદ પર બઢતી આપવામાં આવી છે. ભારતીય સેનાના તમામ ઓપરેશનલ વર્ટિકલ્સ ડેપ્યુટી ચીફ ઓફ આર્મી સ્ટાફ (સુરક્ષા) ને રિપોર્ટ કરશે. આ પહેલા ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈને ગયા અઠવાડિયે ઉત્તમ યુદ્ધ સેવા મેડલ (UYSM) એનાયત કરવામાં આવ્યો હતો. ગયા મહિને ઓપરેશન સિંદૂર સંબંધિત લશ્કરી બ્રીફિંગમાં તેઓ સેનાનો એક મહત્વપૂર્ણ ચહેરો હતા. રિપોર્ટમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈ ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (DGMO) નો હવાલો પણ સંભાળશે.ચીફ ઓફ આર્મી સ્ટાફ (COAS) જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ અગાઉ આધુનિક યુદ્ધમાં ટેકનોલોજીના વધતા મહત્વ પર ભાર મૂક્યો છે. COAS જનરલ દ્વિવેદીએ કહ્યું હતું કે,ઓપરેશન સિંદૂર માત્ર લશ્કરી પ્રતિક્રિયા નહોતી તે ભારતની એકતા,સંકલ્પ અને આત્મવિશ્વાસની અભિવ્યક્તિ પણ હતી.સરકારે અમને સંપૂર્ણ વ્યૂહાત્મક સ્વતંત્રતા આપી અને દેશવાસીઓ દ્વારા દર્શાવેલ વિશ્વાસ અમારા પ્રેરણા સ્ત્રોત બન્યો.આ બધાની મદદથી,અમે પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં ૯ આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો.

# હવે આંધ્રપ્રદેશમાં પ્રજનનદર ઘટતાં આર્થિક પ્રોત્સાહન અપાશે

## મુખ્યમંત્રી નાયડુ વસ્તી વધારવા યોજના બનાવશે

**નવી દિલ્હી :** દક્ષિણ ભારતના રાજ્ય આંધ્રપ્રદેશમાં પ્રજનન દર અંગે ચિંતાઓ વધવા લાગી છે. રાજ્યના મુખ્યમંત્રી હવે મોટા પરિવારોને નાણાકીય સહાય આપવાનું વિચારી રહ્યા છે. તાજેતરમાં જ તેમણે એક ઈન્ટરવ્યુમાં આવા સંકેતો આપ્યા છે. જોકે, આ અંગે હજુ સુધી સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. ખાસ વાત એ છે કે આંધ્રપ્રદેશમાં ૨થી વધુ બાળકો ધરાવતા લોકોને પંચાયત અને નાગરિક ચૂંટણી લડતા અટકાવવા માટેના કાયદામાં પણ સુધારા કરવામાં આવ્યો છે. અહેવાલ છે કે રાજ્ય સરકાર ઘટતાં પ્રજનન દરને પહોંચી વળવા માટે આ પગલું ભરી શકે છે. મુખ્યમંત્રી નાયડુએ કહ્યું, 'હું પરિવારને એક એકમ ગણીને નાણાકીય પ્રોત્સાહન આપવાનું વિચારી રહ્યો છું. મોટા પરિવારોને મોટા પ્રોત્સાહનો આપી શકાય છે.' તેમણે કહ્યું કે દક્ષિણના રાજ્યની સરકારોએ વર્તમાન વસ્તી વિષયક સ્થિતિ પર તેમની વ્યૂહરચના અંગે પુનર્વિચાર કરવાની જરૂર છે. નાયડુએ કહ્યું કે , 'શૂન્ય ગરીબી પહેલ હેઠળ, મેં પહેલેથી જ એક રસપ્રદ મોડેલ શરૂ કર્યું છે, જેમાં શ્રીમંત લોકો ગરીબ પરિવારોને દત્તક લેશે. તેનાથી માત્ર આવકનો તફાવત દૂર નહીં થાય પરંતુ સમગ્ર પરિવારનું કલ્યાણ પણ સુનિશ્ચિત કરશે.' રાજ્યના મુખ્યમંત્રી પ્રજનન દર અંગે ખૂબ ચિંતિત છે. તેમણે જણાવ્યું હતું કે આંધ્રપ્રદેશમાં પ્રજનન દર વધારવો પડશે. હાલના દરે, રાજ્યમાં ગંભીર સમસ્યાઓ ઊભી થશે... એટલા માટે હું મોટા પરિવારો પર વિચાર કરી રહ્યો છું. તેમણે તાજેતરમાં જ જાહેરાત કરી છે કે મહિલા કર્મચારીઓ ગમે તેટલી વખત પ્રસૂતિ રજા લઈ શકશે. રાજ્ય સરકારે અન્ય જાહેરાતો પણ કરી છે રાજ્ય સરકારે સંસ્થાઓ માટે પહેલેથી જ જાહેરાત કરી છે કે કાર્યસ્થળ પર બાળ સંભાળ કેન્દ્રો ફરજિયાત હોય અને સીએમ નાયડુએ શાળાએ જતાં દરેક બાળકને ૧૫,૦૦૦ રૂપિયાની નાણાકીય સહાય આપવાની વાત કરી છે. 'અમે આ રકમ સીધી વિદ્યાર્થીઓની માતાઓને આપીશું. આ ઉપરાંત, આંધ્રપ્રદેશની એનડીએ સરકાર યુગલોને વધુ બાળકો પેદા કરવા માટે નાણાકીય સહાય આપવાનું વિચારી રહી છે.'

### એક થા રાજા, એકથી રાની, રક્ત રંજિત કહાની

# મેઘાલયમાં હનીમૂન દરમિયાન ગુમ થયેલા દંપતી કેસમાં પત્નીની ધરપકડ

## પતિની લાશ ઉંડી ખીણમાંથી મળી આવી : અન્ય ત્રણ શકમંદ આરોપીઓની ધરપકડ

**સમય મિરર | સિલોંગ**



મેઘાલયમાં હનીમૂન માણવા ગયેલું ઇંદોરનું એક દંપતી લાપતા થયા પછી મેઘાલયના મુખ્ય મંત્રી કોનરાડ સંગમાએ નવી માહિતી આપી છે.

તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપર લખ્યું, ''માત્ર સાત દિવસની અંદર મેઘાલય પોલીસે રાજા હત્યાકાંડમાં મોટી સફળતા મેળવી છે.'' ''મધ્ય પ્રદેશના રહેવાસી ત્રણ હુમલાખોરોને પકડી લેવામાં આવ્યા છે. એક મહિલાએ આત્મસમપર્ણ કર્યું છે અને હજુ એક હુમલાખોરને પકડવા માટે અભિયાન ચાલુ છે.''

ઇંદોરના રાજા રઘુવંશી અને તેમનાં પત્ની સોનમ હનીમૂન માટે મેઘાલય ગયાં હતાં અને ૨૩મેથી તેમનો પતો મળતો ન હતો. ત્યાર પછી એક ખીણમાંથી રાજાનો મૃતદેહ મળી આવ્યો હતો, પરંતુ સોનમ હજુ સુધી લાપતાં હતાં.

મેઘાલય પોલીસના ડીજીપી (ડાયરેક્ટર જનરલ ઑફ પોલીસ) ઈદાશીશા નોગ્રાંગે મીડિયા સાથે વાત કરતા કહ્યું, ''પત્ની સોનમની ઉત્તર પ્રદેશના ગાઝીપુરમાંથી ધરપકડ કરવામાં આવી છે, જ્યાં તેમણે પોલીસ સમક્ષ આત્મસમર્પણ કરી દીધું હતું.''

તેમણે કહ્યું કે આખી રાત ચાલેલા દરોડા દરમિયાન ત્રણ અન્ય આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ડીજીપીએ કહ્યું કે, એક વ્યક્તિને ઉત્તર પ્રદેશથી પકડવામાં આવી છે, બીજા બે આરોપીને એસઆઈટીએ (સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ) ઇન્દોરથી પકડ્યા છે. સોનમે નંદગંજ પોલીસ સ્ટેશનમાં આત્મસમર્પણ કરી દીધું, ત્યાર પછી તેમની ધરપકડ કરવામાં આવી છે.

ઇંદોરના સાકાર નગરનાં રહેવાસી દંપતી ૨૯ વર્ષીય રાજા રઘુવંશી અને ૨૭ વર્ષીય સોનમ હનીમૂન માણવા મેઘાલય ગયાં હતાં. ૨૩ મેથી તેમનો સંપર્ક કપાઈ ગયો હતો.

૧૧ દિવસ પછી બીજી જૂને ઇસ્ટ ખાસી હિલ્સના વેઈસાડોંગ ધોધ પાસે લગભગ ૧૫૦ ફૂટ ઊંડી ખીણમાંથી રાજાનો મૃતદેહ મળી આવ્યો, પરંતુ સોનમનો કોઈ પતો ન હતો. રાજા રઘુવંશીનો મૃતદેહ ચોથી જૂનની સાંજે મેઘાલયથી તેમના ઘરે પહોંચાડવામાં આવ્યો હતો.

દંપતી ૨૩મેએ લાપતા થયું તેનાથી એક દિવસ અગાઉ જ મેઘાલયના નોંગ્રિયાટ પહોંચ્યું હતું. છેલ્લે શિપારા હોમસ્ટેમાંથી ચેક-આઉટ કરતી વખતે તેઓ એકસાથે જોવાં મળ્યાં હતાં.

પોલીસ સ્થાનિક લોકો અને ટુરિસ્ટ ગાઇડની પૂછપરછ કરીને મામલાની તપાસ કરી હતી, પરંતુ કોઈ કડી મળી ન હતી.

સોનમ રઘુવંશીના મામલે ઉત્તર પ્રદેશ પોલીસના અધિક ડાયરેક્ટર અમિતાભ યશે સમાચાર એજન્સી એએનઆઈને નિવેદન આપ્યું છે.

તેમણે કહ્યું કે ''સોનમ રઘુવંશીએ સવારે લગભગ ત્રણ વાગ્યે પોતાના પરિવારજનોને ફોન કર્યો અને જણાવ્યું કે તેઓ બનારસ-ગાઝીપુર મુખ્ય માર્ગ પર આવેલા ઢાબા પર ઊભાં છે. સોનમ રઘુવંશીના પરિવારજનોએ ઇંદોર પોલીસને માહિતી આપી અને ઇન્દોર પોલીસે યુપી પોલીસનો સંપર્ક કર્યો.''

''આ માહિતીના આધારે ગાઝીપુર પોલીસે સોનમનો કબજો લીધો અને તેને હોસ્પિટલે લઈ જવાયાં, જ્યાં તેમની મેડિકલ તપાસ કરવામાં આવી. ત્યાર પછી સોનમને વન સ્ટોપ સેન્ટર મોકલવામાં આવ્યા છે.''

યુપી પોલીસના અમિતાભ યશે જણાવ્યું કે, ''મેઘાલય પોલીસની ટીમ ઇંદોરથી ગાઝીપુર આવવા માટે રવાના થઈ છે. તે ગાઝીપુર પહોંચે તે સાથે જ સોનમ તેમને સોંપી દેવાશે.''

તેમણે કહ્યું કે ''યુપી પોલીસે સોનમ રઘુવંશીની કોઈ પૂછપરછ નથી કરી કારણ કે આ કામ મેઘાલય પોલીસનું છે.'' શુભાંશુ શુક્લાઃ પિતા જેને આઈએએસ બનાવવા માગતા હતા એ છોકરો અવકાશયાત્રી કેવી રીતે બની ગયો? મેઘાલય દંપતી ઇંદોર રાજા રઘુવંશી સોનમ પોલીસ હત્યા મધ્ય પ્રદેશઇ-મેજ સ્રોત,અગઈ ઈમેજ કેપ્શન,સોનમ રઘુવંશીના પિતા દેવી સિંહે આ કેસમાં સીબીઆઈ તપાસની માંગણી કરી છે સોનમ રઘુવંશીના પિતા દેવી સિંહે પત્રકારો સાથે વાત કરતા કહ્યું કે તેમની દીકરી સોનમ રઘુવંશી નિર્દોષ છે. તેમને પોતાની પુત્રી પર સંપૂર્ણ ભરોસો છે કે તેઓ આવું કૃત્ય કરી શકે નહીં.

દેવી સિંહે કહ્યું, ''બંને પરિવારો અને સંતાનોની સહમતિથી લગ્ન થયાં હતાં. પહેલા દિવસથી જ ત્યાંની સરકાર (મેઘાલય સરકાર) ખોટું બોલે છે. ત્યાંની સરકારે જણાવવું જોઈએ કે કોની-કોની ધરપકડ કરવામાં આવી છે. ગાઝીપુર જઈને દીકરીએ ધાબા પરથી જાતે ફોન લગાવ્યો હતો. પોલીસ ધાબે પહોંચી હતી અને ત્યાંથી લઈને આવી છે. સોનમ સાથે મારી વાત નથી થઈ.''

તેમણે કહ્યું કે, ''દીકરી (હત્યા) શા માટે કરાવે? જો આવું હોય તો તેઓ ફરવા કેમ ગયા હોત? મારી અમિત શાહજીને વિનંતી છે કે આની સીબીઆઈ તપાસ કરવામાં આવે. મેઘાલય પોલીસે વાત ઉપજાવી કાઢી છે.''

## પત્ની સોનમે પોતાના પતિની ઠંડે કલેજે હત્યા કરવા કાવતરું ઘડ્યું

ઇન્દોરના ટ્રાન્સપોર્ટ બિઝનેસમેન રાજા રઘુવંશીની હત્યા કેસમાં પોલીસે કસ્ટડીમાં લીધેલા ચાર શંકાસ્પદોમાં રાજ કુશવાહાનો પણ સમાવેશ થાય છે. રાજ સોનમના પિતાની દુકાનમાં કામ કરતો હતો. દોઢ વર્ષ પહેલા તે સોનમના ઘરની નજીક જ રહેતો હતો. સોનમ પર પણ હત્યાના આરોપ છે. જોકે, સોનમે પોતાને પીડિતા ગણાવી છે અને કહ્યું છે કે તેનું અપહરણ કરવામાં આવ્યું હતું. ક્રાઈમ બ્રાન્ચના એડિશનલ ડીસીપી રાજેશ દંડોતિયાએ જણાવ્યું હતું કે રાજ, વિશાલ ચૌહાણ, આકાશ રાજપૂત અને આનંદ કુર્મીને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. ચારેય આરોપીઓ ઇન્દોરના નંદબાગ વિસ્તારમાં રહેતા હતા. મેઘાલય પોલીસ ઇન્દોરમાં કસ્ટડીમાં લેવામાં આવેલા શંકાસ્પદોની પૂછપરછ કરી રહી છે. તેમણે આરોપીઓને પકડવામાં અમારી પાસે મદદ માંગી હતી, અમે તેમને સંપૂર્ણ સહકાર આપ્યો છે. બીજી તરફ, ઉત્તર પ્રદેશ પોલીસે ગાઝીપુરમાંથી સોનમને શોધી કાઢી છે. મેઘાલય પોલીસ સોનમની પૂછપરછ કરશે. જે કંઈ પણ મળશે તેને પુરાવા તરીકે લેવામાં આવશે. દંડોતિયાએ કહ્યું કે જ્યારે મેઘાલય પોલીસ સોનમની પૂછપરછ કરશે, ત્યારે ખબર પડશે કે તે હત્યાકાંડમાં સામેલ હતી કે નહીં. રાજાની હત્યાના આરોપસર કસ્ટડીમાં લેવાયેલો રાજ કુશવાહા સોનમના પિતાના પ્લાયવુડના બિઝનેસમાં બિલિંગનું કામ કરતો હતો. પોતાનાથી પાંચ વર્ષ નાના કર્મચારી સાથે અફેર સૂત્રો કહે છે કે હવે સોનમ રઘુવંશીનો પ્લાયવુડનો બિઝનેસ છે અને રાજ કુશવાહા તે જ પેઢીમાં બિલિંગનું કામ કરતો હતો. સોનમને રાજ સાથે અફેર હોવાનું કહેવાય છે, જે તેનાથી પાંચ વર્ષ નાનો છે. રાજા સાથે લગ્ન પછી પણ તેઓ સંપર્કમાં રહ્યા હતા. સોનમે હુમલાખોરોને પહેલેથી જ મોકલી દીધા હતા એવું કહેવાય છે કે સોનમ અને રાજે સાથે મળીને રાજાની હત્યાનું કાવતરું ઘડ્યું હતું. સોનમ અને રાજે ત્રણેય આરોપીઓને ગુવાહાટી મોકલી દીધા હતા, જ્યાંથી તેઓ શિલોંગ પહોંચ્યા. તેમણે એક બાઇક ભાડે લીધી અને પ્લાન મુજબ, સોનમ અને રાજાની પાછળ પાછળ ડબલ ડેકર વિસ્તાર સુધી પહોંચી ગયા. સોનમ રાજાને એકલા તે વિસ્તારમાં લઈ ગઈ અને તેની હત્યા કરાવી દીધી. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઇન્દોરના રાજ સાથે ત્રણેય આરોપીઓ સતત સોનમ અને રાજા રઘુવંશીનો પીછો કરી રહ્યા હતા. ઇન્દોર પોલીસે આ મામલે કંઈ પણ કહેવાનો ઇનકાર કર્યો હતો. કહ્યું કે મેઘાલય પોલીસ ધરપકડ કરાયેલા ત્રણેય આરોપીઓની પૂછપરછ કરી રહી છે.

# થાણેમાં ધસમસતી ટ્રેનમાંથી મુસાફરો બહાર ફંગોળાઈ ગયા

## પાંચના મોત , ૧૩ થી વધુ ઘાયલ મૃત્યુ : આંક ઉંચે જવાની સંભાવના

**સમય મિરર | મુંબઈ**

આજે સવારે થાણેના મુમ્બ્રા રેલવે સ્ટેશન પર લગભગ ૯ મુસાફર લોકલ ટ્રેનમાંથી નીચે પડી ગયા. જેમાં ૮ પુરુષો અને ૧ મહિલા સામેલ છે. તેમાં ૪નાં મોત થયાં હોવાનું જાણવા મળે છે. ૧૩ ઘાયલ થયા છે. બધા મુસાફરો ટ્રેનના ગેટ પર બેઠા હતા, જ્યાંથી તેઓ નીચે પડી ગયા. રેલવે વિભાગ આ મામલાની તપાસ કરી રહી છે.

આ ઘટના સવારે ૯:૩૦ વાગ્યે કસારા-CSMT લોકલ ટ્રેનમાં બની હતી. સવારે ઓફિસ જતી વખતે ભારે ભીડને કારણે આ દુર્ઘટના થઈ હતી. ઘાયલોને તાત્કાલિક નજીકની હોસ્પિટલ-માં લઈ જવામાં આવ્યા હતા.

રેલવે પ્રશાસન અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. અકસ્માતની તપાસ શરૂ કરી દેવામાં આવી છે. ઘટનાને કારણે લોકલ ટ્રેન સેવાઓને પણ અસર થઈ છે. રેલવે અધિકારીઓએ જણાવ્યું- અકસ્માત મુમ્બ્રા અને દિવા સ્ટેશનો વચ્ચે થયો મુમ્બ્રા રેલવે અકસ્માત અંગે, સેન્ટ્રલ રેલવેના સીપીઆરઓ સ્વપિનલ ધનરાજ નીલાએ જણાવ્યું હતું કે, 'આ અકસ્માત મુમ્બ્રા અને દિવા સ્ટેશનો વચ્ચે ડાઉન/ફાસ્ટ લાઇન પર થયો હતો.'



કસારા જતી મુંબઈ ટ્રેનના ગાર્ડે જણાવ્યું હતું કે મુંબઈ સ્ટેશન નજીક કેટલાક મુસાફરો ટ્રેનમાંથી નીચે પડી ગયા હતા. મૃતકોની ઓળખ કરવામાં આવી રહી છે. બધા મૃતકો ૩૦થી ૩૫ વર્ષની વયના છે.

જાન્યુઆરીમાં, ટ્રેનમાં આગ લાગી હોવાની અફવાને કારણે મુસાફરો પુષ્પક એક્સપ્રેસમાંથી કૂદી પડ્યા હતા.

જાન્યુઆરીમાં, પુષ્પક એક્સપ્રેસમાં આગ લાગી હોવાની અફવાને કારણે મુસાફરોએ ટ્રેનમાંથી કૂદી પડ્યા હતા.

જાન્યુઆરીમાં મહારાષ્ટ્રના જલગાંવમાં એક ટ્રેન અકસ્માત થયો હતો. લખનઉથી મુંબઈ જતી ૧૨૫૩૩ પુષ્પક એક્સપ્રેસમાં સવાર મુસાફરોને મહારાષ્ટ્રના જલગાંવમાં અકસ્માતના શિકાર થયા હતા. આ અકસ્માતમાં ૧૨ લોકોના મોત થયા હતા. અહીં, પાચોરા સ્ટેશન નજીક માહેજી અને પરધાડે વચ્ચે પુષ્પક એક્સપ્રેસમાં આગ લાગી હોવાની અફવા ફેલાઈ હતી. આ દરમિયાન એક મુસાફરે ચેઈન ખેંચી. ટ્રેન અટકી ગઈ અને ગભરાયેલા મુસાફરો કૂદી પડ્યા. આ દરમિયાન, બીજા ટ્રેક પર આવી રહેલી કર્ણાટક એક્સપ્રેસે ઘણા મુસાફરોને કચડી નાખ્યા હતા.

મધ્ય રેલવેના ભુસાવલ ડિવિઝનના સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે જે જગ્યાએ ઘટના બની ત્યાં એક તીવ્ર વળાંક હતો. જેના કારણે બીજા ટ્રેક પર બેઠેલા મુસાફરોને ટ્રેન આવવાનો અંદાજ ન રહ્યો. આ જ કારણ હતું કે આટલી મોટી સંખ્યામાં લોકો કર્ણાટક એક્સપ્રેસની ઝપેટમાં આવી ગયા હતા.

ગોરખપુર એક્સપ્રેસ સવારે ૫.૫૬ વાગ્યે પ્લેટફોર્મ ૧ પર આવી, જેના કારણે ટ્રેનમાં ચઢવા માટે ભાગદોડ મચી ગઈ હતી.

ગયા વર્ષે ઓક્ટોબરમાં મુંબઈના બાંદ્રા ટર્મિનસ પર થયેલી ભાગદોડમાં ૧૦ મુસાફરો ઘાયલ થયા હતા. આ ઘટના સવારે ૬ વાગ્યે પ્લેટફોર્મ નંબર ૧ પર બની હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ગોરખપુર-બાંદ્રા એક્સપ્રેસ પ્લેટફોર્મ પર આવી હતી અને તેમાં ચઢવા માટે મુસાફરોમાં ભાગદોડ મચી ગઈ હતી.

# ઈઝરાયેલ સરકારે એક્ટિવિસ્ટ ગ્રેટાના જહાજને ઘેરીને કબ્જે લઈ લીધું

**સમય મિરર | નવી દિલ્હી**

ઈઝરાયલે સ્વીડિશ પર્યાવરણ કાર્યકર્તા અને નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા ગ્રેટા થનબર્ગ અને તેના જહાજને કબજે કરી લીધું છે. સોમવારે વહેલી સવારે ૫ ઈઝરાયલી સ્પીડ બોટે જહાજને ઘેરી લીધું હતું. ત્યારબાદ સૈનિકો જહાજ પર ચઢી ગયા અને તેને પોતાના કબજામાં લઈ લીધું.

આ જહાજ ગાઝાના લોકો માટે રાહત સામગ્રી લઈ જતું હતું. મેડેલિન નામના આ જહાજમાં ૧૨ લોકો સવાર છે. બધા સેનાના કબજામાં છે. હવે આ જહાજને ગાઝાને બદલે ઈઝરાયલ લઈ જવામાં આવી રહ્યું છે.

ગ્રેટા અને તેના સાથીઓએ એક વીડિયો જાહેર કર્યો છે જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે ઈઝરાયલી સૈનિકોએ તેમનું અને તેના સાથીઓનું અપહરણ કર્યું છે.

ગ્રેટા ગાઝાના લોકો માટે દવા, અનાજ, બાળકો માટે દૂધ, ડાયપર અને વોટર પ્યુરીફાયર લઈ જઈ રહ્યા હતા.

થનબર્ગ તેની ટીમ સાથે ૧ જૂનના રોજ ઇટાલીના સિસિલી ટાપુથી રવાના થયા. ગ્રેટાએ રવાના થતા પહેલા એક નિવેદન આપ્યું-

જો માનવતામાં કોઈ આશા બાકી હોય, તો આપણે પેલેસ્ટાઇન માટે બોલવું જોઈએ. આ મિશન મુશ્કેલ અને ખતરનાક હોઈ શકે છે, પરંતુ ગાઝામાં શું થઈ રહ્યું છે તેના પર મૌન રહેવું વધુ ખરાબ છે.

ઈઝરાયલે ૨ માર્ચથી ગાઝામાં રાહત સામગ્રીની એન્ટ્રી પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકી દીધો છે, જેના કારણે ત્યાંના ૨.૩ મિલિયન લોકોમાંથી ૯૩% લોકો ભૂખમરાનો સામનો કરી રહ્યા છે. ડઝનબંધ બાળકો ભૂખમરાથી મૃત્યુ પામ્યા છે. મેડેલીન જહાજનો હેતું આ લોકોને મદદ પહોંચાડવાનો છે.

આ યાત્રા 'ફ્રીડમ ફ્લોટિલા' (FFC) નામની સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવી હતી, જેણે અગાઉ ગાઝામાં મદદ પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે. ગ્રેટા અને તેની ટીમ ઘણા વર્ષોથી ગાઝામાં ચાલી રહેલા ઈઝરાયલી ઘેરાબંધીનો વિરોધ કરી રહી છે.

FFCએ તેને એક શાંતિપૂર્ણ નાગરિક પ્રતિકાર તરીકે વર્ણવ્યું. તેમના મતે, જહાજ પરના તમામ કાર્યકરો અને ક્રૂ સભ્યો અહિંસાના સિદ્ધાંતમાં તાલીમ પામેલા છે અને આ મિશન સંપૂર્ણપણે શાંતિપૂર્ણ છે.

# રિઝર્વ બેન્કનો વ્યાજદર ઘટતાં હોમલોન માટે બેન્કોમાં હોડ

## વર્તમાન લોન ધારકોને પણ લાભ

**સમય મિરર | નવી દિલ્હી**

રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા વ્યાજદરમાં ઘટાડો કરાતા જ હવે બેંકોએ પણ ગ્રાહકોને વ્યાજદરનો ઘટાડો શરૂ કરી દીધો છે અને જાહેર ક્ષેત્રની બેંકોએ જે વ્યાજદર ઘટાડો કર્યો છે તેના કારણે બેંકના હાલના લોનધારક માટે વધુ લાભ મળે તેવી શકયતા છે.

એક તરફ આરબીઆઇએ છેલ્લી ત્રણ બેઠકમાં કુલ ૧ ટકાનો ઘટાડો કર્યો પરંતુ બેંકો અત્યાર સુધી વ્યાજદરમાં ઘટાડામાં ધીમી ગતિ આગળ વધતી હતી પરંતુ હવે બેંક ઓફ બરોડા અને એચડીએફસી બેંકે અનુક્રમે ૫૦ અને ૧૦ બેઝીક પોઇન્ટનો ઘટાડો કર્યો છે. જેના કારણે બીઓબીના પ્રાઇમ લેન્ડીંગ રેટ કે જેના આધારે અન્ય વ્યાજ નકકી થાય છે તે ૮.૧૫ ટકા થઇ ગયા છે.

જયારે પંજાબ નેશનલ બેંકે પણ તેના વ્યાજદરમાં ૫૦ બેઝીક પોઇન્ટના ઘટાડા સાથે ૮.૩૫ ટકાનો બેઝીક દર રાખ્યો છે. બેંકો સામાન્ય રીતે રીઝર્વ બેંકના જે રેપોરેટ સાથે જોડાયેલા દર હોય છે તેના આધારે પોતાના ધિરાણ દર નકકી કરતી હોય છે.

બેંકીંગ ક્ષેત્રના જણાવ્યા મુજબ જે સ્પર્ધા છે તેના કારણે ઓછા વ્યાજદર તરફ તેના ગ્રાહકો ખેંચાઇ ન જાય તે માટે વર્તમાન લોનધારકોને વધુ લાભ થાય તેવી સ્થિતિ બનાવી રહી છે.

બેંક ઓફ ઇન્ડિયા, બેંક ઓફ મહારાષ્ટ્ર અને સેન્ટ્રલ બેંક જેવી રાષ્ટ્રીયકૃત બેંક પણ રૂા. ૩૦ લાખ સુધીની હોમલોનમાં અત્યાર સુધી ૭.૮૫ ટકાના ધોરણે ધિરાણ ઓફર કરતી હતી અને હવે વ્યાજદર ઘટાડો આવતા તેના દરો ૭.૨૫ ટકા સુધી પહોંચે તો પણ આશ્ચર્ય થશે નહીં.

# ચીની હેકર્સે અમેરિકાના નેતા પત્રકારોના સ્માર્ટફોન હેક કર્યા

## ચીનના હેકર્સે અજાણ્યા અમેરિકનોના ફોન કોલ સાંભળવા, સંદેશા વાંચવા હેકિંગ અભિયાન ચલાવ્યાનો સુરક્ષા નિષ્ણાતોનો દાવો

**સમય મિરર | નવી દિલ્હી**

અમેરિકામાં સાયબર સુરક્ષા તપાસકારોએ ખૂબ જ નાના સ્તર પર અસામાન્ય સોફ્ટવેર ક્રેશ એટલે કે સાયબર હુમલાની નોંધ કરી છે. નાના સ્તર પર નેતાઓ,પત્રકારો, ટેક્નોલોજી અને સરકારી અધિકારીઓના સ્માર્ટફોન્સ હેક થયા હોવાનું તેમના ધ્યાનમાં આવ્યું છે. ગયા વર્ષના અંતથી શરૂ થયેલું હેકિંગ વર્ષ ૨૦૨૫માં પણ ચાલુ રહ્યું છે, જ્યાં અત્યાધુનિક સાયબર હુમલામાં યુઝર તરફથી એક પણ ક્લિક થયા વિના જ હેકર્સ તેમના ટાર્ગેટ વ્યક્તિના ફોનમાં ઘૂસણખોરી કરે છે અને ફોનમાં સાયબર હુમલાના કોઈ સંકેત પણ છોડતા નથી.

સાયબર સુરક્ષા કંપની આઈવેરીફાઈએ નોંધ્યું હતું કે, સાયબર હુમલાનો ભોગ બનેલા બધા જ લોકોમાં એક બાબત સમાન હતી. તેઓ ચીનની સરકારના હિતોના ક્ષેત્રોમાં કામ કરતા હતા અને ભૂતકાળમાં ચીનના હેકર્સે તેમને નિશાન બનાવ્યા હતા. વિદેશી હેકર્સે વધુ ને વધુ સ્માર્ટફોન્સ, અન્ય મોબાઈલ ડિવાઈસીસ અને એપ્સની ઓળખ કરી રહ્યા છે, જેનો તેઓ અમેરિકન સાયબર સંરક્ષણમાં નબળી લિંક તરીકે ઉપયોગ કરી શકે છે.

ચીનના સૈન્ય અને ઈન્ટેલિજન્સ સર્વિસીસ સાથે સંકળાયેલા જૂથોએ ટોચના પ્રભાવશાળી અમેરિકનોના સ્માર્ટફોન્સને નિશાન બનાવ્યા છે અને તેમના ટેલિકોમ્યુનિકેશન નેટવર્ક્સમાં હેકર્સ ખૂબ જ ઊંડા ઉતરી ગયા હોવાનો રાષ્ટ્રીય સુરક્ષા અને ટેક એક્સપર્ટ્સ દાવો કરી રહ્યા છે.

નિષ્ણાતોનું કહેવું છે કે આ બાબત સ્પષ્ટપણે દર્શાવે છે કે મોબાઈલ ડિવાઈસીસ અને એપ્લિકેશન્સ કેટલા જોખમી છે અને સાયબર હુમલાના સમયમાં તે સંવેદનશીલ માહિતી દુશ્મન દેશને પહોંચાડી શકે છે અથવા અમેરિકન હિતોને ખુલ્લા કરી શકે છે. નેશનલ સિક્યોરિટી એજન્સી અને ગૂગલના ભૂતપૂર્વ સાયબર સિક્યોરિટી નિષ્ણાત અને હવે આઈવેરીફાઈમાં ચીફ ઓપરેશન્સ ઓફિસર રોકી કોલે જણાવ્યું કે, દુનિયામાં અત્યારે મોબાઈલ સુરક્ષા જોખમમાં છે.કોઈનું પણ ધ્યાન તેમના ફોન્સમાં નથી.

અમેરિકન ઓથોરિટીએ ચીનના હેકર્સ દ્વારા અજાણ્યા અમેરિકનોના ટેક્સ્ટ અને ફોન વાતચીતની એક્સેસ મેળવવા માટે હેકિંગ અભિયાન ચલાવ્યું હોવાની ડિસેમ્બરમાં ચેતવણી આપી હતી. ઈલિનોઈસના પ્રતિનિધિ રાજા કૃષ્ણમૂર્તિએ જણાવ્યું હતું કે, ચીનના હેકર્સ રિયલ ટાઈમમાં ફોન કોલ્સ સાંભળવા અને ટેક્સ્ટ મેસેજીસ વાંચવા સક્ષમ હતા. રાજા કૃષ્ણમૂર્તિ ચાઈનીઝ કોમ્યુનિસ્ટ પાર્ટી અંગેની સમિતિમાં સિનિયર ડેમોક્રેટ અને પ્રતિનિધિ સભાની ઈન્ટેલિજન્સ કમિટિના સભ્ય છે.

ચીનના હેકર્સે વર્ષ ૨૦૨૪ના ચૂંટણી અભિયાન સમયે રિપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ અને ઉપપ્રમુખપદના ઉમેદવાર જેડી વેન્સ દ્વારા ઉપયોગમાં લેવાયેલા ફોન્સના એક્સેસ મેળવવા પણ પ્રયત્નો કર્યા હતા. ચીનની સરકારે સાયબર જાસૂસીના અમેરિકાના આક્ષેપો નકારી કાઢ્યા હતા અને અમેરિકા પર તેના પોતાના સાયબર ઓપરેશન્સ ચલાવવાનો આરોપ મૂક્યો હતો. અમેરિકા રાષ્ટ્રીય સુરક્ષાનું બહાનું બનાવી ચીનની કંપનીઓ પર પ્રતિબંધો મૂકે છે અને ચીનની ટેક્નોલોજી કંપનીઓને વૈશ્વિક બજારથી દૂર રાખે છે.

# આનંદો : મહાપાલિકાની દક્ષિણ ઝોનલ કચેરીનું કરાયું ભૂમિપૂજન

## સાઉથના વિસ્તારમાં રહેતા અરજદારોને હવે નજીકમાં જ મળશે સુવિધા, સેન્ટ્રલ કચેરીના ધક્કા થશે બંધ : ટૂંક સમયમાં જ થશે બાંધકામની કામગીરી

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા નાગરિકોને પોતાના નિવાસ સ્થાનથી નજીકના સ્થળે મહાનગરપાલિકાની વિવિધ સેવાઓ ઉપલબ્ધ બને તે માટે કટીબધ્ધ છે. રાજકોટ મહાનગરપાલિકાની સ્થાપનાથી તમામ વોર્ડ અને વિભાગોની કામગીરી

રાજકોટ મહાનગરપાલિકા નાગરિકોને પોતાના નિવાસ સ્થાનથી નજીકના સ્થળે મહાનગરપાલિકાની વિવિધ સેવાઓ ઉપલબ્ધ બને તે માટે કટીબધ્ધ છે. રાજકોટ મહાનગરપાલિકાની સ્થાપનાથી તમામ વોર્ડ અને વિભાગોની કામગીરી ઢેબરભાઈ રોડ કાર્યરત મુખ્ય કચેરી એટલે કે, સેન્ટ્રલ ઝોન ખાતેથી કરવામાં આવતી હતી.

વર્ષ ૧૯૯૮માં રાજકોટ શહેરની હદ વિસ્તારમાં મવડી અને રૈયા ગામનો સમાવેશ થતા મહાનગરપાલિકાના વિસ્તારમાં વધારો થયેલ. જેના ભાગરૂપે વર્ષ ૨૦૦૬માં ૧૫૦ ફૂટ રિંગ રોડ પર હરીસિંહજી ગોહિલ ભવન વેસ્ટ ઝોન કચેરી અને વર્ષ ૨૦૦૭માં ભાવનગર રોડ પર ઝવેરચંદ મેઘાણી ભવન ઈસ્ટ ઝોન ઓફિસનું નિર્માણ કરી, કાર્યરત કરવામાં આવી. જેને પરિણામ રૂપ નાગરિકોને વોર્ડ નિવાસસ્થાનથી નજીક ઝોન ઓફિસ ખાતેથી સુવિધાઓ પ્રાપ્ત થવા લાગી. બાદમાં, રાજકોટ



મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૧૫ માં કામગીરીનું વિશેષ વિસ્તૃતિકરણ કરી, વોર્ડ ઓફિસ ખાતેથી અમૂક સેવાઓ જેવી મિલકતવેરા, વ્યવસાયવેરા, વાહનવેરો, જન્મ મરણ પ્રમાણપત્ર, વિવિધ વસુલાત, ફરિયાદ નોંધણી વગેરે જેવી કામગીરી શરૂ કરવામાં આવી.

રાજકોટ શહેરની હદ વિસ્તારમાં વર્ષ ૨૦૧૫માં કોઠારીયા અને વાવડી ગામ અને વર્ષ ૨૦૨૦ માં મુંજકા, મોટા મૌવા, માધાપર, ઘંટેશ્વર અને મનહરપુર-૧ સહિતના ગામ વિસ્તારનો સમાવેશ થતા, રાજકોટ મહાનગરપાલિકાની હદમાં વિશેષ વધારો થયેલ છે. જેના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૦૭/૦૬/૨૦૨૫, શનિવારના રોજ વોર્ડ નં.૧૮, ટી.પી.સ્કીમ નં.૧૨(કોઠારીયા), એફ.બી.નં.૧૫/એ, બોલબાલા ૮૦ ફૂટ મેઈન રોડ, રાધે ચોક, રાધાકૃષ્ણ સોસાયટીની બાજુમાં વોર્ડ નં.૧૫,૧૬,૧૭,૧૮ માટે રૂ.૨૭.૫૮ કરોડના ખર્ચે અલગ સુવિધાયુક્ત સાઉથ ઝોન ઓફિસ નિર્માણ કરવાના કામનો શુભારંભ કરવામાં આવ્યો.સાઉથ ઝોન ઓફિસના નિર્માણ કરવાના કામના શુભારંભ કાર્યક્રમમાં મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય ડૉ.દર્શિતા શાહ, રમેશભાઈ ટીલાળા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડૉ.માધવ દવે, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડિયા, શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, વોર્ડ નં.૧૮ના કોર્પોરેટર સંજયસિંહ રાણા, સંદીપભાઈ ગાજીપરા, દક્ષાબેન વાઘેલા, ભારતીબેન પરસાણા, વોર્ડ નં.૧૬ના કોર્પોરેટર સુરેશભાઈ વસોયા, વોર્ડ નં.૧૭ના કોર્પોરેટર વિનુભાઈ ઘવા, રવજીભાઈ મકવાણા, કીર્તીબા રાણા, વોર્ડ નં.૧૮ના પ્રભારી ગેલાભાઈ રબારી, વોર્ડ નં.૧૮ના પ્રમુખ અનિલભાઈ દોંગા, વોર્ડ નં.૧૮ના મહામંત્રી મુન્નાભાઈ જોગરાણા, મીતેશભાઈ બોરીચા, જેન્તીભાઈ નોંધણવદરા, ચંદુભાઈ ગરનારા, જયપાલભાઈ ચાવડા, રાજુભાઈ નોંધણવદરા, હિમાંશુભાઈ રાજ્યગુરૂ, પ્રશાંતભાઈ જલુ, માલતીબેન ચાવડા, વર્ષાબેન સભાયા, સોનલબેન સોમૈયા, લતાબેન ગોરસીયા તથા વિસ્તારવાસીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

દક્ષિણ ઝોનલ કચેરી કુલ રૂા. ૨૭.૫૮ કરોડના ખર્ચે ૧,૯૯,૭૭૯ ચો.ફૂટ બિલ્ટપ એરિયામાં તૈયાર કરવામાં આવશે. કચેરીમાં ટોટલ પાંચ ફ્લોર તૈયાર કરાશે. બેઝમેન્ટમાં જેમાં કવટ પાર્કિંગ, લીફ્ટ, સીડી, રેમ્પ તથા ૭૫ કાર પાર્કિંગની ક્ષમતા ઉપલબ્ધ થશે. ગ્રાઉન્ડ ગ્રાઉન્ડ ફ્લોર પર ૩૦ કાર અને ૧૦૦ ટુ વ્હીલર ક્ષમતાનું પાર્કિંગ તેમજ સિવિક સેન્ટર તેમજ વેઈટીંગ રૂમ, ઝેરોક્ષરૂમ, લીફ્ટ સીડી, આધારકાર્ડ અને સિક્યુરીટી રૂમ બનાવવામાં આવશે. ફર્સ્ટ ફ્લોર પર કોન્ફરન્સ રૂમ, કમિશનર ઓફિસ, ટાઉન પ્લાનીંગ વિભાગ, સેકન્ડ ફ્લોર પર એસ્ટેટ બાંધકામ, આરોગ્ય, વિભાગ અને થર્ડ ફ્લોર પર પ્રોજેક્ટ, ડ્રેનેજ, સ્ટોરરૂમ અને ૫૦૦ વ્યક્તિની ક્ષમતાનો કોન્ફરન્સ રૂમ બનાવવામાં આવશે.

### રોગચાળો સતત વકરતા આરોગ્ય વિભાગમાં દોડધામ

# રાજકોટમાં કોરોના મહામારી વચ્ચે કમળા-ટાઈફોઈડના છ દર્દીઓ નોંધાયા

**સમય મિરર | રાજકોટ**

મનપાના આરોગ્ય વિભાગ દ્વારા ડોર ટુ ડોર કામગીરી દરમિયાન રોગચાળો વકર્યો હોવાનો રિપોર્ટ આપ્યો છે. ફરી વખત કમળા અને ટાઈફોઈડના નવા છ કેસ નોંધાતા આરોગ્ય વિભાગે પાણીજન્ય રોગચાળાથી બચવા આવશ્યક પગલા લઈ માર્ગદર્શીકા જાહેર કરી છે. તેમજ ૩૫૩ ક્લોરીંગ ટેસ્ટ કરી તેનો રિપોર્ટ આપવામા આવ્યો હતો.

રાજકોટ મહાનગર પાલિકાના આરોગ્યતંત્ર દ્વારા ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. આ રોગો માનવીની જીવનશૈલી સાથે સીધા સંકળાયેલા હોવાથી તેમાં લોકોનો સહકાર અત્યંત આવશ્યક છે. આ રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ સ્તરે ઘનિષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. વાહક નિયંત્રણની કામગીરી હેઠળ તા.૨/૬/૨૦૨૫ થી તા.૦૮/૦૬/૨૦૨૫ દરમ્યાન પોરાનાશક કામગીરી હેઠળ ૨૩,૮૫૦ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવેલ છે તથા ફિલ્ડવર્કરો દ્વારા ૨૦૮ ઘરોમાં ફોગીંગ કામગીરી કરેલ છે.

સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે. ડેન્ગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેકસ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળશે તો દંડ ફટકારવામાં આવશે.

### અનેક દુકાનોમાં સ્ટોક નહીં પહોંચ્યો હોવાની રાવ : સંચાલકોની કલેક્ટરને રજૂઆત

# રાજકોટમાં રેશનકાર્ડ ધારકોને બે મહિનાનો અનાજનો જથ્થો નહીં મળતાં ભારે હોબાળો

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેર અને જિલ્લામાં જૂન-૨૦૨૫ મહિનાના અનાજના જથ્થાના વિતરણમાં સર્જાયેલી અંધાધૂંધીને કારણે હજારો રેશનકાર્ડ ધારકો મુશ્કેલીમાં મુકાયા છે. રાજ્ય સરકાર દ્વારા ૨૩ મે, ૨૦૨૫ના રોજ બહાર પાડવામાં આવેલા પરિપત્ર મુજબ, રાજ્યના ૩૯ જિલ્લાઓમાં જૂન મહિનાનું અનાજ ૨૦ મે, ૨૦૨૫ સુધીમાં ગોડાઉનો સુધી પહોંચાડવાનું હતું. આ નિયત સમયમર્યાદા વીતી ગયા છતાં, રાજકોટ જિલ્લા સહિત અનેક સ્થળોએ રેશનનો જથ્થો પહોંચ્યો ન હોવાથી વેપારીઓ અને કાર્ડધારકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, રાજકોટ શહેર અને તાલુકાના ફેર પ્રાઈઝ શોપ એસોસિએશનના વેપારી ભાઈઓ દ્વારા કલેકટર



કચેરી ખાતે રાજ્ય પુરવઠા નિયામક અને જિલ્લા પુરવઠા અધિકારીને એક આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી. ઓલ ગુજરાત ફેર પ્રાઈઝ શોપ એસોસિએશનના મહામંત્રી હિતુભા જાડેજાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા જૂન મહિનાનું અનાજ ૨૦ મે સુધીમાં પહોંચાડવાનો આદેશ હોવા છતાં, આજે ૬ જૂન થઈ ગઈ હોવા છતાં ઘણા વેપારીઓને જૂન માસનો જથ્થો મળ્યો નથી.

જૂન માસમાં રેશનના વિતરણની મુદ્દત પૂરી થવા છતાં જથ્થો ન મળતા, અનેક રેશનકાર્ડ ધારકો તેમનો હકનો જથ્થો મેળવી શક્યા નથી. આવેદનપત્રમાં મુખ્યત્વે બે માંગણીઓ કરવામાં આવી છે કે રાજકોટ શહેર અને જિલ્લાના રેશનકાર્ડ ધારકો કે જેઓ જૂન માસના જથ્થાથી વંચિત રહ્યા છે, તેમને રેશનનું eKYC કરાવીને તેમજ અન્ય જરૂરીયાત પૂરી કરીને, જૂન માસનો જથ્થો પૂરો પાડી દેવામાં આવે અને જૂન માસના રેશન વિતરણની મુદત તુરંત લંબાવવામાં આવે, જેથી જે ગરીબ અને જરૂરિયાતમંદ રેશનકાર્ડ ધારકો અગાઉ જથ્થો મેળવી શક્યા નથી, તેમને પણ તેમનો હકનો જથ્થો મળી રહે.

# રાજકોટના ખંઢેરી ક્રિકેટ સ્ટેડિયમમાં તા. ૧૩ ૧૮ અને તા. ૧૯ નવેમ્બરે રમાશે વન-ડે મેચ

## ભારત-એ અને સાઉથ આફ્રિકા-એ ટીમ વચ્ચે જામશે ખરાખરીનો જંગ : ચેન્નાઈથી રાજકોટ મેચ ખસેડાઈ

**સમય મિરર | રાજકોટ**

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ ૨૦૨૫ માટે ઈન્ટરનેશનલ હોમ સીઝન અને સાઉથ આફ્રિકા એ ટુર ઓફ ઈન્ડિયા માટે અપડેટેડ શેડ્યૂલ જાહેર કર્યું છે. જેમાં રાજકોટમાં સૌરાષ્ટ્ર ક્રિકેટ એસો.ના નિરંજન શાહ સ્ટેડીયમમાં ૧૩, ૧૬ અને ૧૯ નવેમ્બરના રોજ વન-ડે મેચ યોજાશે.

ટીમ ઈન્ડિયા (સિનિયર મેન) ઘરે ટેસ્ટ મેચ, વન-ડે ઈન્ટરનેશનલ (ODI) અને ટ્વેન્ટી૨૦ ઈન્ટરનેશનલ (T20I) માં વેસ્ટ ઈન્ડિઝ અને સાઉથ આફ્રિકાનો સામનો કરશે, જેમાં ૨ ઓક્ટોબર ૨૦૨૫ થી અમદાવાદમાં વેસ્ટ ઈન્ડિઝ સામે IDFC ફર્સ્ટ બેંક ટેસ્ટ શ્રેણી શરૂ થશે. વેસ્ટ ઈન્ડિઝ




સામેની બીજી ટેસ્ટ, જે મૂળ કોલકાતા માટે યોજાવાની હતી, હવે નવી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં યોજાશે. દરમિયાન, ૧૪ નવેમ્બર, ૨૦૨૫ થી શરૂ થતી દક્ષિણ આફ્રિકા સામેની પહેલી ટેસ્ટ, નવી દિલ્હીથી કોલકાતાના ઇડન ગાર્ડન્સમાં ખસેડવામાં આવી છે.

ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં આઉટફિલ્ડ અને પીચના નવીનીકરણને કારણે, ટીમ ઈન્ડિયા (સિનિયર વિમેન્સ) અને ઓસ્ટ્રેલિયા વિમેન્સ વચ્ચેની IDFC ફર્સ્ટ બેંક ODI શ્રેણી ચેન્નાઈથી ખસેડવામાં આવી છે. પ્રથમ બે ODI હવે ન્યૂ ચંદીગઢના ન્યૂ PCA સ્ટેડિયમમાં રમાશે, જ્યારે ત્રીજી અને અંતિમ ODI નવી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાશે.

દક્ષિણ આફ્રિકાની પુરુષ અ ટીમ ૩૦ ઓક્ટોબર, ૨૦૨૫ થી શરૂ થતી બે મલ્ટી-ડે મેચ અને ત્રણ વન-ડે મેચમાં ભારત અનો સામનો કરશે. જ્યારે બે મલ્ટી-ડે મેચ બેંગલુરુના BCCI સેન્ટર ઓફ એક્સેલન્સ (COE) ખાતે યોજાવાની ચાલુ રહેશે, ત્યારે ત્રણ વન-ડે મેચ એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમથી રાજકોટના સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં ખસેડવામાં આવી છે.

### અસરગ્રસ્તો દ્વારા મ્યુનિસિપલ કમિશનરને આવેદન પાઠવી રજૂઆત

# લલુડી વોકળીનું ડિમોલિશન બિલ્ડરોને ખટાવવાનું કાવતરું : સ્થાનિકોનો આક્ષેપ

## મનપાએ ફાળવેલ ૨૫ વારિયા પ્લોટ લાભાર્થીઓ પાસેથી પરત લઈ લેવાતા કોર્પોરેશનમાં મોરચો : ન્યાયીક કાર્યવાહી કરવા માંગણી કરાઈ

**સમય મિરર | રાજકોટ**

શહેરના વોર્ડ નં. ૧૪માં આવેલ લલુડી વોકળી વિસ્તારના અસરગ્રસ્તોનું સ્થળાંતર કરવાનો પ્રશ્ન વધુ પેચીદો બન્યો છે. અસરગ્રસ્તોએ આજે કોર્પોરેશનમાં રજૂઆત કરી સ્ટેન્ડીંગ કમિટીએ ૧૯૯૩માં ૨૩૩ લાભાર્થીઓને ૨૫ ચો.મી. જમીન ફાળવી તેની ફી પણ વસુલ કરી છે અને હવે રાજકીય ઓથ ધરાવતા બિલ્ડરોને ખટાવવા માટે આ જગ્યા ખાલી કરાવવાનું કાવતરું કરવામાં આવી રહ્યું છે. તેથી ન્યાયના સિધ્ધાંત મુજબ અમારા બંધાણી હક્ક બાબતે આધાર-પુરાવા ચકાસી ન્યાય આપવામાં આવે તેમ જણાવ્યું હતું.



લલુડી વોકળા વિસ્તારના અસરગ્રસ્તોએ આજે મ્યુનિસિપલ કમિશનરને આવેદન પાઠવી જણાવેલ કે, મનપાના વિસ્તાર વોર્ડ નંબર ૧૪ રાજકોટ ટીપી ૬ અંતિમ ખંડ ૧૬૦ સબ પ્લોટ નંબર ૩૫ લલુડી વોકળી વિસ્તારમાં અમો આશરે ૪૫ વર્ષથી સ્ટેણાંક વસવાટ કરીએ છીએ. આ જમીનમાં રાજકોટ મ્યુનિસિપાલ કોર્પોરેશનમાં સ્ટેન્ડિંગ કમિટીમાં તારીખ : ૧૫/૭/૧૯૯૩ ના ઠરાવ નંબર ૨૩૩ થી લાભાર્થીને ૨૫ ચોરસ મીટર ફાળવવાનું નક્કી થયેલું હતું અને સ્થળ પર રોજકામ કરી તારીખઃ ૪/૩/૧૯૯૪ ના રોજ જરૂરી ફી વસૂલ કરી ને જગ્યા દરેક લાભાર્થીને ફાળવવામાં આવેલી હતી.

વિશેષમાં જણાવવાનું કે છેલ્લા ત્રણેક વર્ષેથી મનપાની વિવિધ બ્રાન્ચો દ્વારા પોલીસ પ્રોટેક્શન લઈને રજાના દિવસોમાં પણ વિવિધ પ્રકારની સંમતિ લેવી આધાર પુરાવા રજૂ કરવા અને તમો આ વિસ્તાર ખાલી કરીને RMC આવાસ યોજનામાં જવા ફરજ પાડવામાં આવે છે. આ કાર્યવાહી દરમિયાન આઘેડ વય મહિલાનું આઘાતમાં મૃત્યુ પણ થયેલ છે. જો આમ કરવામાં નહીં આવે તો અમો જેસીબી દ્વારા ડિમોલેશન કરી નાખીશું એવી ધમકી આપવામાં આવે છે. આ બાબતે અમો લતા વાસી દ્વારા એક જ માંગ છે કે અમારી માલિકી હોવા છતાં કેમ નોટીસ આપવામાં આવે છે?

આમાં કોઈ બિલ્ડર ગ્રુપ કે રાજકારણીનો અંગત સ્વાર્થ નથી ને તે બાબતે પણ તપાસ કરવા વિનંતી છે અથવા RMC દ્વારા આ અંતિમ ખંડ ૧૬૦ માં તાજેતરમાં કોઈ પ્રોજેક્ટ લોન્ચ થયેલ છે કે કેમ તેની વિગત હોય તો જાહેર કરવા બાબત આપ સાહેબ વિનંતી છે. અમો ગરીબી રેખા નીચે જીવતા તથા છૂટક મજૂરી અને બકાલું વેચીને ગુજરાન ચલાવતા પરિવાર છીએ. અમોને કુદરતી ન્યાયના સિદ્ધાંત અને અમારા બંધારણીય હક મુજબ અમોને શાંતિથી વસવાટ કરવા દેવામાં આવે અને અમારા આધાર પુરાવા ચકાસીને અમોને ન્યાય આપવા આપ સાહેબને નમ્ર વિનંતી છે.

### મનપાએ આપેલી જમીન ખાલસા કરવાનો પ્રયાસ

લલુડી વોકળીના અસરગ્રસ્તોએ મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરી ખુદ કોર્પોરેશને આપેલી જમીન ખાલસા કરાવાનો હિન પ્રયાસ થઈ રહ્યો હોવાનું જણાવ્યું હતું અને સાથો સાથ છેલ્લા ત્રણ માસથી લલુડી વોકળી વિસ્તારમાં વસવાટ કરતા તે લોકોને ધાકધમકી આપી તેમના નામ થકી આવાસો ફાળવવા માટે બળજબરી કરવામાં આવી રહી છે. વર્ષો પહેલા ફાળવવામાં આવેલ ૨૫ વારિયા પ્લોટ હવે ખાલી કરાવી સરકારી આવાસો ફાળવવામાં કોનું હિત છુપાયેલું છે. તેવી ઉગ્ર રજૂઆત સાથે બળજબરીથી આવાસ ફાળવવાનો ખેલ થઈ રહ્યાનું જણાવ્યું હતું.

# લોકમેળાના નિયમો સામે તંત્રને ચકરડીએ ચડાવશે ધંધાર્થીઓ

## માર્ગદર્શિકામાં છૂટછાટ આપવા માંગણી : ધંધાર્થીઓની બેઠકમાં રણનીતિ ઘડાઈ : એક પણ ફોર્મ ઉપડ્યું નહીં

**સમય મિરર | રાજકોટ**

સૌરાષ્ટ્રની ઓળખ સમાન પ્રસિદ્ધ લોકમેળો આ વખતે પણ શરૂઆતથી જ વિવાદોમાં સપડાયો છે. ગત વર્ષે SOP (સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર) ના કડક નિયમોને કારણે રાઈડ સંચાલકોને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મંજૂરી આપવામાં ન આવતા અનેક પ્રશ્નો ઉભા થયા હતા. ત્યારે, આગામી ૨૦૨૫ ના લોકમેળાની તૈયારીઓ લોકમેળા સમિતિ દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. આજથી મેળાના સ્ટોલ અને રાઈડ્સ માટેના ફોર્મ વિતરણની પણ શરૂઆત કરી દેવામાં આવી છે. જોકે, આજે એક પણ સ્ટોલ ધારકો દ્વારા ફોર્મ ઉપાડવામાં આવ્યા નથી અને લોકમેળાના ધંધાર્થીઓએ આગળની રણનીતિ માટે સાંજે બેઠક યોજી હતી.






પ્રાપ્ત વિગતો અનુસાર, રાઈડ સંચાલકોએ સ્પષ્ટપણે જણાવી દીધું છે કે જ્યાં સુધી તેમના SOP સંબંધિત પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે ત્યાં સુધી તેઓ એક પણ ફોર્મ ભરશે નહીં. એટલું જ નહીં, રાઈડ સંચાલકોના સમર્થનમાં અન્ય સ્ટોલ ધારકો અને વેપારીઓએ પણ જ્યાં સુધી રાઈડ સંચાલકોનો પ્રશ્ન હલ ન થાય ત્યાં સુધી ફોર્મ ન ઉપાડવાનો નિર્ણય કર્યો છે.

સૌપ્રથમ વખત બાલ ભવન ખાતે મેળા એસોસિએશન ૨૦૨૫ ની સાધારણ સભા યોજાઈ હતી. આ બેઠકમાં રાઈડ સંચાલકો, સ્ટોલ ધારકો તેમજ અન્ય વેપારીઓ સહિત મોટી સંખ્યામાં મેળા સાથે સંકળાયેલા લોકોએ ભાગ લઈ લોકમેળા માટે આગળની રણનીતિ ઘડી કાઢવામાં આવી છે. આ સાધારણ સભામાં જ્યાં સુધી રાઈડ સંચાલકોની SOP હળવી કરવામાં ન આવે અને તેમને મેળામાં રાઈડ્સ લગાવવાની મંજૂરી ન મળે ત્યાં સુધી એક પણ ફોર્મ ન ઉપાડવા અંગેનો ઠરાવ પણ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો છે. આ ઠરાવ મેળા સમિતિ અને વહીવટી તંત્ર પર દબાણ વધારશે.

**બાંધછોડ નહીં કરાય**

તો બીજી બાજુ કલેક્ટરે જણાવ્યું હતું કે કોઈપણ બાંધ છોડ કરવામાં નહીં આવે કારણ કે લોકમેળામાં દસ લાખથી વધુ લોકોને સુરક્ષાનો સવાલ છે અને નિયમો જે રાજ્ય સરકારે બનાવવામાં આવ્યા છે તે જ નિયમ લોકમેળામાં પાલન કરવાના રહેશે જો આગામી સમયમાં હરાજીમાં ભાગ લેવામાં નહીં આવે તો તંત્ર દ્વારા અન્ય રાજ્યમાંથી પણ રાઈડ સંચાલકોને બોલાવવાની વિચારણા ચાલી રહી છે.

# અશાંતધારાનો ઉલાળ્યો : ન્યુ કેદારનાથ સોસાયટીમાં વિધર્મીને મિલકત વેચાઈ

### કલેક્ટરને આવેદન પાઠવી ફરિયાદ કરતા સ્થાનિકો

**સમય મિરર | રાજકોટ**

કોઠારિયા રોડ ઉપર આવેલ ન્યુ કેદારનાથ સોસાયટીના રહીસોએ કલેક્ટરને આવેદન પત્ર આપી જણાવેલ છે કે, સરકારના આદેશ અનુસાર રાજકોટ શહેરના વોર્ડ નં. ૧૬ના કોઠારિયા રોડ પરની ઘણી બધી સોસાયટીમાં અશાંતધારો લાગુ પાડવામાં આવેલ છે. પરંતુ આ કાયદાનું પાલન થતું નથી. છેલ્લા થોડા સમયથી ન્યુ કેદારનાથ સોસાયટીમાં વિધર્મીઓ દ્વારા મકાન ખરીદવામાં આવે છે. જેની ફરિયાદ સોસાયટી દ્વારા ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં પણ કરવામાં આવેલ છે. આ અનુસંધાને ભક્તિનગર પોલીસ સ્ટેશન દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવેલ છે. આમ છતાં જમીન મકાન લે-વેચના એજન્ટો (દલાલો) દ્વારા હજુ પણ મકાનનું વેચાણ કરવામાં આવે છે.

અને ન્યુ કેદારનાથ સોસાયટી તથા



ન્યુ સાગર સોસાયટી વચ્ચે આવતા ૪૦ ફૂટ રોડ પર પાંચથી છ મકાનનું સોસાયટીના રહીશોને ગેરમાર્ગે દોરી વેચાણ કરેલ છે. તો સમગ્ર સોસાયટીના રહીશોની માંગણીને ધ્યાનમાં લઈ આ મકાનના વેચાણ કરાર રદ કરવા રજૂઆત કરાઈ છે. આ ઉપરાંત આ વિસ્તારમાં અશાંતધારો લાગુ હોવા છતાં અમુક નોટરી અને વકીલો દ્વારા કાયદાનું ઉલ્લંઘન કરી વિધર્મીઓને મકાન વેચાણના કરાર કરવામાં આવે છે. એવા વકીલોને તાત્કાલીક ધોરણે સૂચના આપી આવા કરાર ન થાય તે બાબતે જાણ કરવા માંગણી કરાઈ છે.

### બજારમાં અને શાળાઓમાં માત્ર 30 ટકા જ સ્ટોક આવ્યો હોવાની રાવ : વાલીઓમાં રોષ

# આવી રીતે ભણશે ? ૭૦ ટકાથી વધુ વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકથી રહ્યા વંચિત

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેર અને જિલ્લાની ૨૦૦૦ જેટલી સ્કૂલોમાં ઉનાળું વેકેશન પૂર્ણ થતાની સાથે આજથી પ્રથમ સત્રનો પ્રારંભ થયો છે. ત્યારે ગુજરાત બોર્ડની સ્કૂલોમાં ભણતા વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકોની અછત સર્જાઈ છે. ગાંધીનગર સ્થિત ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ સાથે જોડાયેલી રાજકોટ જિલ્લા મધ્યસ્થ ગ્રાહક સહકારી ભંડાર જે શહેર-જિલ્લાની ૭૦ દુકાનોનાં પાઠય પૂસ્તકોનુ વિસ્તરણ કરે છે તેને મંગાવેલા પાઠયપુસ્તકોમાથી માંડ ૩૦% સ્ટોક આવ્યો છે.

ધોરણ ૧થી ૧૨નો પૂરેપૂરો સેટ એકપણ રાઉન્ડમાં આવ્યો નથી ૨ રાઉન્ડમાં રૂ. ૩.૪૯ કરોડના પાઠ્યપુસ્તકોનો ઓર્ડર આપવામાં આવેલું છે તેમાંથી રૂ.૭૬,૯૪,૦૮૬નો સ્ટોક જ આવેલો છે. ધોરણ ૧મા ગુજરાતી, ધોરણ ૬મા અંગ્રેજી, ધોરણ ૮ના ગુજરાતી, ધોરણ ૧૨ના કોમર્સ અને સાયન્સના પુસ્તકો, ધોરણ ૧૨નું અર્થશાસ્ત્રનું પાઠ્યપુસ્તક આવ્યું નથી. દર વર્ષની જેમ આ વર્ષે પણ ધોરણ ૧થી ૧૨નો પૂરેપૂરો સેટ એકપણ રાઉન્ડમાં આવ્યો નથી. જેથી વિદ્યાર્થીઓને વાલીઓને પુસ્તકોનો પુરો સેટ મળતો નથી અને તેથી લાયસન્સ ધારક ૭૦ વેપારીઓને ૫૦ ટકા જેટલું આર્થિક નુકસાન જાય છે. રાજ્ય સરકાર વહેલી તકે પાઠ્યપુસ્તકોનું પ્રિન્ટિંગ અને બાઈડિંગ શરૂ કરાવે તે જરૂરી છે.

અપના બજારના ડિરેક્ટર મહેશભાઇ કોટકે જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લા મધ્યસ્થ ગ્રાહક સહકારી ભંડાર જિલ્લા કક્ષાની સહકારી સંસ્થા છે અને ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ-ગાંધીનગરના ડિસ્ટ્રીબ્યુટર તરીકેની જવાબદારી સંભાળું છું. ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ધોરણ ૧થી ૧૨ના પાઠ્યપુસ્તકો અમને આપવામાં આવે છે અને તે પુસ્તકોનું જિલ્લામાં વિતરણ કરવામાં આવે છે. અમારી હેઠળ ૭૦ જેટલા વેપારીઓ આવે છે. સૌથી પહેલો ઓર્ડર અમે રૂ.૧,૭૮ કરોડનો આપ્યો હતો જેની સામે રૂ. ૪૬,૩૬,૧૮૬ના પાઠ્યપુસ્તકો જ આવેલા છે. જ્યારે બીજો ઓર્ડર રૂ.૧.૭૧ કરોડનો આપ્યો હતો જેની સામે રૂ.૩૦,૫૭,૯૦૦ના પાઠ્યપુસ્તકો જ આવેલા છે. જ્યારે ત્રીજો ઓર્ડર ગઈકાલે જ રૂ. ૧,૦૧,૬૨,૩૦૫નો આપેલો છે. જેની સામે મંગળવારે પાઠ્યપુસ્તકો આવવાના છે હવે તે કેટલા આવશે તે ત્યારે જ ખ્યાલ આવશે.

## તંત્રીલેખ



# રાહુલ ગરબડના આક્ષેપો કરે છે પણ પુરાવા ક્યાં છે?

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ નવેમ્બર ૨૦૨૪માં યોજાયેલી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ભાજપને જીતાડવા માટે 'મેચ ફિક્સિંગ' કરવામાં આવ્યું હતું એવો આક્ષેપ કરતાં રાજકીય આક્ષેપબાજી શરૂ થઈ છે. રાહુલે અખબારોમાં લેખ લખીને ભાજપને જીતાડવા માટે કઈ રીતે કહેવાતું 'મેચ ફિક્સિંગ' કરવામાં આવ્યું હતું તેની વિગતો આપી છે. રાહુલના દાવા પ્રમાણે ભાજપ અને તેના સાથી પક્ષોએ ચૂંટણી જીતવા માટે કાવતરું ઘડેલું. આ કાવતરામાં કેન્દ્રીય ચૂંટણી પંચ પણ સામેલ હતું. આ બધાંએ ભેગાં મળીને યોજનાબધ્ધ રીતે પગલાં લઈને ભાજપની હારને જીતમાં પલટી નાંખી અને હવે મહારાષ્ટ્રની જેમ બિહારમાં પણ નવેમ્બરમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં મેચ ફિક્સિંગ થશે. રાહુલનું કહેવું છે કે, જે પણ રાજ્યમાં ભાજપ હારશે એવું લાગે ત્યાં ત્યાં આ કાવતરું અમલમાં મૂકી દેવાય છે.

રાહુલે ભાજપ અને ચૂંટણી પંચ બંનેને લપેટ્યાં છે તેથી બંનેએ રાહુલના આક્ષેપોને વાહિયાત ગણાવ્યા છે. ચૂંટણી પંચે રાહુલના દાવાને પાયાવિહોણા ગણાવીને કહ્યું છે કે, મહારાષ્ટ્રમાં ચૂંટણી પરિણામો પોતાની તરફેણમાં ના આવ્યાં પછી આવા આક્ષેપો કરવા વાહિયાત છે. કોંગ્રેસે આ આક્ષેપો પહેલાં પણ કરેલા. ચૂંટણી પંચે ૨૪ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ કોંગ્રેસને જવાબ આપ્યો તેમાં આ આક્ષેપોના જવાબ આપી દેવાયા છે અને આ જવાબ ચૂંટણી પંચની વેબસાઈટ પર ઉપલબ્ધ છે જ.

ભાજપે રાહુલ ગાંધીના આરોપોને શરમજનક ગણાવીને વળતો આક્ષેપ કર્યો છે કે, રાહુલ ગાંધી ફરીથી દેશની સંસ્થાઓને બદનામ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ચૂંટણી પંચે અગાઉ પણ આ મુદ્દાઓ પર સ્પષ્ટ જવાબ આપ્યો છે છતાં રાહુલ એકની એક રેકર્ડ વગાડ્યા કરે છે.

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીનાં પરિણામો આશ્ચર્યજનક હતાં તેમાં બેમત નથી. ગયા વર્ષે ૨૩ નવેમ્બરે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીનાં પરિણામો જાહેર થયાં તેમાં ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિએ ૨૩૦ બેઠક જીતીને મોટું આશ્ચર્ય સર્જેલું કેમ કે છ મહિના પહેલાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં મહાયુતિ સાવ ધોવાઈ ગઈ હતી. વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ૧૩૨, શિવસેનાએ (એકનાથ શિંદે) ૫૭ અને એનસીપી (અજિત પવાર)એ ૪૧ બેઠક જીતી હતી જ્યારે ઉધ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની મહાવિકાસ આઘાડી (એવીએમ)ને માત્ર ૪૬ બેઠક મળી. શિવસેના (ઉદ્ધવ)ને ૨૦ બેઠક, કોંગ્રેસને ૧૬ અને એનસીપી (શરદ પવાર)ને ૧૦ બેઠક મળી. સમાજવાદી પાર્ટીએ ૨ બેઠક જીતી હતી જ્યારે ૧૦ બેઠક અન્ય પક્ષોને મળી હતી.

આ પરિણામો પછી તરત જ કોંગ્રેસ સહિતના વિપક્ષોએ કાગારોળ મચાવી જ દીધેલી. ભાજપ અને સાથી પક્ષોએ ગરબડો કરીને ચૂંટણી જીતી હોવાના આક્ષેપ કરીને ઉદ્ધવની શિવસેના, કોંગ્રેસ અને શરદ પવારની એનસીપીએ ચૂંટણી પંચમાં પણ રજૂઆત કરેલી. ચૂંટણી પંચે એ વખતે પણ આ આક્ષેપોને વાહિયાત ગણાવીને ફગાવી દીધેલા. હવે રાહુલે પાછા એ જ મુદ્દા ઉઠાવ્યા છે ને પંચે એ જ જવાબ આપ્યો છે.

રાહુલ ગાંધીએ ઉઠાવેલા મુદ્દા ગંભીર છે તેમાં શંકા નથી પણ તેને સાબિત કરતા કોઈ નક્કર પુરાવા નથી એ પણ હકીકત છે. રાહુલના દાવા પ્રમાણે, ભાજપે પાંચ પગલાં દ્વારા મહારાષ્ટ્રમાં જીતનું કાવતરું પાર પાડ્યું હતું. રાહુલનાં કહેવાતાં પાંચ પગલાં પર નજર નાંખીને તેનું વિશ્લેષણ કરીશું તો રાહુલ નક્કર પુરાવા વિના અધ્ધરતાલ વાત કરી રહ્યા છે એ સમજાશે. રાહુલ ગાંધીએ પોતાના લેખમાં લખ્યું છે કે, ચૂંટણી પંચ પર કબજો, મતદાર યાદીમાં બોગસ મતદારો ઉમેરીને ગોટાળા, ચોક્કસ બેઠકો પર બોગસ મતદાન, મતદાનના આંકડા પહેલેથી જ વધારીને જાહેર કરવા અને પુરાવા છૂપાવવાની કોશિશ એ પાંચ પગલાં ભાજપ તથા તેના સાથી પક્ષોએ લીધાં હતાં.

રાહુલના દાવા પ્રમાણે, ૨૦૨૩માં ભાજપ સરકારે 'ચૂંટણી કમિશનર નિમણૂક અધિનિયમ' દ્વારા ચૂંટણી કમિશનરોની નિમણૂક કરતી સમિતિમાં ચીફ જસ્ટિસને બદલે એક કેન્દ્રીય મંત્રીને મૂકવાનો નિયમ બનાવતાં નિષ્પક્ષતાનો અંત આવ્યો અને સમગ્ર નિયંત્રણ સરકારના હાથમાં આવી ગયું. રાહુલની વાત મોં-માથા વિનાની છે કેમ કે માત્ર પસંદગીના કમિશનરોની નિમણૂક દ્વારા ચૂંટણીમાં ગોલમાલ ના કરી શકાય. ચૂંટણીની પ્રક્રિયામાં હજારો લોકો સંકળાયેલા હોય છે. સરકારી તંત્રમાં કામ કરતા આ લોકોને ત્રણ ચૂંટણી કમિશનર પોતાની રીતે નચાવી શકે એ શક્ય નથી.

રાહુલનો બીજો આક્ષેપ એ છે કે, મહારાષ્ટ્રમાં પુખ્ત વયનાં એટલે કે મતદાન માટે લાયક લોકો છે તેમના કરતાં વધુ વોટિંગ થયું હતું. ચૂંટણી પંચે સાંજે ૫:૩૦ વાગ્યે મતદાનના આંકડા જણાવ્યા પછી સાંજે ૫:૩૦થી ૭:૩૦ વાગ્યાની વચ્ચે ૬૫ લાખ લોકોએ મતદાન કર્યું હતું. એક મતદારને મતદાન કરવામાં લગભગ ત્રણ મિનિટ લાગે છે એ જોતાં ૬૫ લાખ લોકો બે કલાકમાં મતદાન કરે એ અશક્ય છે. મતદાન મથકમાં કોંગ્રેસ સહિતના પક્ષોના પોલિંગ એજન્ટો પણ હાજર હોય છે. ઉમેદવારો પોતે પણ પ્રક્રિયા પર નજર રાખતા જ હોય છે એ જોતાં ગરબડ થઈ તો તેની જાણ તાત્કાલિક કેમ ના કરાઈ ? ભાજપ તથા તેના સાથી પક્ષો માટે તમામ પોલિંગ એજન્ટોને ફોડી લેવા અશક્ય છે પણ માનો કે એવું કર્યું હોય તો પણ ઉમેદવારોને પણ ભાજપે ફોડી લીધેલા ?

રાહુલના કહેવા પ્રમાણે, અમે ચૂંટણીની વીડિયોગ્રાફી માગી ત્યારે કમિશને સ્પષ્ટ ઇનકાર કરી દીધો. ચૂંટણી પંચે નિયમ પણ બદલી નાખ્યો કે જેથી અમે વીડિયોગ્રાફી વિશે વધુ સવાલો પૂછી ન શકીએ. રાહુલનો આ મુદ્દો યોગ્ય છે ને પંચે આ અંગે સ્પષ્ટતા કરવી જોઈએ પણ માત્ર વીડિયો ના મળ્યા તેના કારણે મેચ ફિક્સિંગ થયું હોવાનું ના કહેવાય.

ચૂંટણી પંચ દૂધે ધોયેલું નથી જ અને તેનો ઈતિહાસ પણ શંકાસ્પદ છે. આ સંજોગોમાં માનો કે, પુરાવા છૂપાવતું હોય તો પણ પુરાવા વિના આક્ષેપ ના કરાય. કોંગ્રેસે પુરાવા આપવા જોઈએ, પણ તેના બદલે રાહુલ છ મહિનાથી આક્ષેપો જ કર્યા કરે છે. કાગળ પર જ યુધ્ધ લડ્યા કરે છે.

રાહુલે એક વાત સમજવાની જરૂર છે કે, કોંગ્રેસ તથા તેના સાથી પક્ષો માટે મહારાષ્ટ્રની ચૂંટણી ઢોળાઈ ગયેલું દૂધ છે તેથી તેના પર અફસોસ કરવાનો અર્થ નથી. તેના બદલે રાહુલે ભવિષ્યની ચૂંટણીઓ પર ધ્યાન આપવું જોઈએ. રાહુલને લાગે છે કે, બિહારની ચૂંટણીમાં પણ ભાજપ અને સાથી પક્ષો ગરબડ કરશે તો અત્યારથી આ ગરબડોના નક્કર પુરાવા શોધીને લોકો સામે મૂકી શકાય એવો પાકો બંદોબસ્ત કરવો જોઈએ. ખાલી આક્ષેપબાજી કરવાથી કંઈ ના થાય, ઊલટાનું હાસ્યાસ્પદ ઠરાય.

# ઑપરેશન સિંદૂરના એક મહિનામાં ભારત અને પાકિસ્તાનમાં શું બદલાયું?

## ભારતે કરેલા હુમલામાં જ્યાં નાગરિકો માર્યા ગયા, ત્યાં મોટાભાગે મસ્જિદો અથવા ધાર્મિક સ્થળ હતાં



પ્રસંગ રંગ

આજથી એક મહિના અગાઉ ૭ મેની વહેલી સવારે ભારતે જાહેરાત કરી કે જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૬ પર્યટકોની હત્યાના જવાબમાં ભારતે પાકિસ્તાન અને પાકિસ્તાન પ્રશાસિત કાશ્મીરમાં નવ 'આતંકવાદી ઠેકાણા' પર હુમલા કર્યા છે.

ભારતે લાંબા સમયથી પાકિસ્તાન પર સરહદ પારના આતંકવાદને ટેકો આપવાનો અને ૨૦૧૯માં પુલવામા તથા ૨૦૦૮માં મુંબઈના હુમલા જેવી ઘટનામાં સામેલ હોવાનો આરોપ મૂક્યો છે. પહલગામમાં થયેલી ઘટના અંગે પણ ભારતે આવા જ આરોપ લગાવ્યા અને હુમલાખોરોને પાકિસ્તાનનો ટેકો હતો તેવો દાવો કર્યો છે. પાકિસ્તાને આ હુમલામાં કોઈ ભૂમિકા હોવાનો હંમેશાં ઇનકાર કર્યો છે. ભારતના તાજેતરના આરોપો પણ પાકિસ્તાને નકારી કાઢ્યા છે. શુક્રવારે મોડી રાતે પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે એક નિવેદન આપીને કહ્યું કે ભારતે પહલગામ હુમલામાં પાકિસ્તાન પર આરોપ મૂક્યા છે, પરંતુ તેના માટે કોઈ નક્કર પુરાવા નથી આપ્યા.

પાકિસ્તાને પહલગામ હુમલા અંગે સ્વતંત્ર તપાસ સમિતિમાં સામેલ થવાની પણ દરખાસ્ત કરી હતી. પાકિસ્તાને દાવો કર્યો કે મે મહિનામાં ભારતે કરેલા હુમલામાં ''જ્યાં નાગરિકો માર્યા ગયા, ત્યાં મોટા ભાગે મસ્જિદો અથવા ધાર્મિક સ્થળ હતાં.'' પાકિસ્તાને એવો દાવો પણ કર્યો કે સંઘર્ષ દરમિયાન તેમણે ભારતીય વિમાનોને પાડી દીધાં છે. જોકે, ભારતે હજુ આ દાવાની સત્તાવાર પુષ્ટિ નથી કરી. ભારત અને પાકિસ્તાન અણુ હથિયારોથી સજ્જ પડોશી દેશો છે. મે મહિનામાં ચાર દિવસ સુધી સૈન્ય સંઘર્ષ એટલી હદે વધી ગયો કે નિષ્ણાતોના કહેવા મુજબ ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધ પછી આવું ક્યારેય નહોતું થયું.

બંને દેશોએ એકબીજાને નુકસાન પહોંચાડવા મોટા પાયે ડ્રોનનો ઉપયોગ કર્યો હોય એવું પહેલી વખત બન્યું. આ સાથે જ યુદ્ધ વિમાનો, મિસાઈલો અને સોશિયલ મીડિયા પર ખોટી અને ભ્રામક માહિતીએ આ તણાવ વધારી દીધો. ૧૦ મેએ અચાનક સંઘર્ષવિરામની જાહેરાત થઈ અને બધું અટકી ગયું. ચાર દિવસનો આ એવો સંઘર્ષ હતો જેમાં બંને પક્ષોએ દાવો કર્યો કે તેમનો વિજય થયો છે અને સામેનો પક્ષ હારી ગયો છે.

જોકે, આ દરમિયાન નિયંત્રણ રેખા નજીક રહેતા કેટલાય લોકોનાં જીવન બદલાઈ ગયાં. કેટલાયે ક્રોસ ફાયરિંગમાં પોતાનાં પરિવારજનો ગુમાવી દીધાં અને કેટલાયનાં ઘર તોપમારામાં નાશ પામ્યાં. પહલગામ હુમલા પછી ભારતમાં બદલો લેવાની માંગણી ઊઠી હતી અને મીડિયામાં આવી ઘટનાનો તાત્કાલિક જવાબ આપવાની તરફેણ કરતા અહેવાલ આવવા લાગ્યા. પાકિસ્તાનના ભૂતપૂર્વ સચિવ અને ઈસ્લામાબાદ સ્થિત ઇન્સ્ટિટ્યૂટ ઑફ રિજનલ સ્ટડીઝના અધ્યક્ષ જૌહર સલીમ કહે છે કે ભારતના ''શરૂઆતથી જ ઉશ્કેરણીજનક વલણ''ના કારણે પાકિસ્તાન માટે જટિલ સ્થિતિ પેદા થઈ હતી. તેઓ કહે છે, ''પાકિસ્તાનના કૂટનીતિક દૃષ્ટિકોણમાં પરિવર્તન જોવા મળ્યું. તે પ્રતિક્રિયાત્મક હોવાના બદલે સક્રિય કૂટનીતિક બની ગયું.'' છતાં ભારતને હુમલો કરતા રોકી ન શકાયું. ભારતે પોતાના હુમલામાં ''૧૦૦થી વધુ આતંકવાદીઓને મારવાનો, આતંકીઓનાં ઠેકાણા નષ્ટ કરવાનો, પાકિસ્તાનના મહત્ત્વનાં હવાઈ ઠેકાણાં અને ઍર ડિફેન્સ સિસ્ટમને બરબાદ કરવાનો'' દાવો કર્યો. તરત જ પાકિસ્તાને પણ હુમલાની જાહેરાત કરી અને થોડા જ કલાકોમાં ભારતના ત્રણ રાફેલ ફાઈટર વિમાન સહિત છ ભારતીય વિમાનોને તોડી પાડવાનો દાવો કર્યો.

ભારતે આ નુકસાનની સત્તાવાર પુષ્ટિ નથી કરી. પરંતુ ભારતના ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ અનિલ ચૌહાણે તાજેતરમાં આપેલા નિવેદનને ઘણા લોકો ભારતીય વિમાનોને થયેલા નુકસાનના પરોક્ષ સ્વીકાર તરીકે જુએ છે. એક ઇન્ટરવ્યૂમાં તેમણે બ્લૂમબર્ગ ટીવીને જણાવ્યું કે, ''જેટ પાડવામાં આવ્યું કે નહીં તે મહત્ત્વનું નથી, આવું કેમ થયું તે મહત્ત્વનું છે.'' પાકિસ્તાને દાવો કર્યો કે તેમણે ભારતના હુમલાનો જોરદાર જવાબ આપ્યો છે. તેમણે બહાવલપુર જેવા ક્ષેત્રને લઈને પણ માહિતી આપી જે ભારતના ઑપરેશન સિંદૂર હેઠળ નિશાન બન્યા હતા. સંરક્ષણ નિષ્ણાત અને ભારતીય નેવીના ભૂતપૂર્વ અધિકારી કોમોડોર અનિલ જયસિંહ કહે છે, ''ભારત સરહદ પાર કર્યા વગર મિસાઈલો અને ડ્રોન્સનો ઉપયોગ કરીને પાકિસ્તાનમાં સચોટ હુમલા કરીને ત્યાં આતંકવાદી માળખાને ધ્વસ્ત કરવા સક્ષમ હતું.''

ભારતે કહ્યું કે તેણે ''નવ આતંકી શિબિર'' નષ્ટ કર્યા છે, ''આતંકવાદી સંગઠનોના કમાન્ડરોને'' માર્યા છે અને પાકિસ્તાની ''ઍર ડિફેન્સની નબળાઈ'' ઉજાગર કરી છે. બીજી તરફ પાકિસ્તાને ભારતના આ દાવાને નકારી કાઢ્યા છે. ઈસ્લામાબાદ સ્થિત ડિફેન્સ નિષ્ણાત આમીર રાણા માને છે કે ''શક્તિ સંતુલન કોઈ એક દેશની તરફેણમાં નમેલું છે એમ કહેવું વહેલું ગણાશે.'' આમિર રાણાએ કહ્યું, ''પાકિસ્તાની સેનાને હવે એ ભરોસો થઈ ગયો છે કે તે એકથી વધુ મોરચા પર પોતાનાથી ઘણા મોટા દુશ્મનનો સામનો કરી શકે છે. ભારત માટે આ આશ્ચર્યજનક હતું.'' આ સંઘર્ષ પછી પાકિસ્તાનમાં સૌથી શક્તિશાળી વ્યક્તિ ગણાતા પાકિસ્તાની સેના પ્રમુખ આસીમ મુનીરની લોકપ્રિયતા વધી ગઈ, જે ઘરેલુ રાજકારણમાં હસ્તક્ષેપ અને ઇમરાનખાનના ટેકેદારો સામે કાર્યવાહીના કારણે ઘટી ગઈ હતી. કોમોડોર અનિલ જયસિંહ કહે છે કે ભારતના હુમલા ભવિષ્યના આતંકવાદી હુમલાને રોકી શકે છે અને ''આવું ફરીથી થાય તો તે પાકિસ્તાન માટે નુકસાનકારક હશે.'' લેખક અને આતંકવાદ વિરોધી પોલિસીના નિષ્ણાત અજય સાહની કહે છે કે પાકિસ્તાન આનાથી ડરીને પીછેહઠ કરશે તેની સંભાવના ઓછી છે. તેઓ પાકિસ્તાનની પોતાને 'વિજેતા' ગણાવવાની રણનીતિ તરફ ઇશારો કરે છે.

પાકિસ્તાને જ્યારે પોતાના મિલિટરી ઍરબેઝ પર હુમલાની વાત સ્વીકારી, ત્યારે પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફે દાવો કર્યો હતો કે તેમના દેશે ''ભારત પર પલટવાર પણ કર્યો છે.''

અજય સાહની કહે છે, ''પાકિસ્તાન આ કાર્યવાહીથી પાછળ ખસે તેની શક્યતા નગણ્ય છે. હવે કદાચ પાકિસ્તાની આતંકી ઠેકાણાઓએ એક નવી સ્થિતિમાંથી પસાર થવું પડશે.'' ઈસ્લામાબાદમાં સંરક્ષણ નિષ્ણાત આમિર રાના કહે છે, ''સંઘર્ષ વિરામ એ વાતની ગેરંટી નથી કે સૈન્ય સંઘર્ષ સમાપ્ત થઈ ગયો છે.'' આમિર રાણાએ કહ્યું કે સંઘર્ષ વખતે પાકિસ્તાનનું ધ્યાન ચીનના શસ્ત્રોના ઉપયોગ અને તેની ટેક્નોલોજી પર હતું. તેઓ કહે છે, ''તેનાથી વધુ મહત્ત્વનું એ છે કે પાકિસ્તાને ચીનની ટેક્નોલોજીનો કેટલો અસરકારક રીતે ઉપયોગ કર્યો.'' જ્યારે ભારતીય વિશ્લેષક અજય સાહની માને છે કે પાકિસ્તાનની સૈન્ય કાર્યવાહીએ ''સૈન્ય ટેક્નોલોજીના સ્વરૂપમાં ચીનને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠિત અને પ્રોત્સાહિત કર્યું છે. તેઓ કહે છે કે આનાથી ભારત અને ચીન વચ્ચેની ખાઈ વધુ ઊંડી થશે અને પાકિસ્તાન સાથે ચીનના સંબંધ વધુ મજબૂત બનશે. ૧૦ મેના રોજ, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી કે ભારત અને પાકિસ્તાન આખી રાત ચાલેલી લાંબી વાતચીત પછી ''તાત્કાલિક અને સંપૂર્ણ યુદ્ધવિરામ માટે સંમત થયા છે''. આ સાથે જ ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતા તણાવમાં અચાનક વળાંક આવ્યો.પાકિસ્તાને આ જાહેરાતને આવકારી, જ્યારે ભારતે ટ્રમ્પના સંઘર્ષવિરામ કરાવવાના દાવા વિશે કંઈ ન કહ્યું. ભારતે માત્ર સંઘર્ષવિરામ પર સહમતિની વાત કરી. જોકે, પછી ભારતે કહ્યું કે ઑપરેશન સિંદૂર હજુ ખતમ નથી થયું. ભારત લાંબા સમયથી કહેતું આવ્યું છે કે પાકિસ્તાન સાથેના કોઈ મુદ્દાને દ્વિપક્ષીય રૂપે ઉકેલવો જોઈએ. કેટલાક લોકોનો તર્ક છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચેના તાજેતરના સંઘર્ષથી પાકિસ્તાનને પોતાનાથી અલગ રાખવાના ભારતના કેટલાય વર્ષોના કૂટનીતિક પ્રયાસો પર પાણી ફેરવી શકે છે. ખાસ કરીને જ્યારે ભારતે જમ્મુ અને કાશ્મીરને મળેલો વિશેષ દરજ્જો ખતમ કરી દીધો છે ત્યારે. ભૂતપૂર્વ ડિપ્લોમેટ નિરુપમા રાવ કહે છે, ''વૈશ્વિક પરિદશ્યમાં ભારત અને પાકિસ્તાનને ફરીથી નજીક લાવવાની વાતો થવી, ખાસ કરીને અમેરિકા દ્વારા સંઘર્ષવિરામમાં પોતાની ભૂમિકાના નિવેદનના સંદર્ભમાં જોવામાં આવે તો ભારત માટે આ કૂટનીતિક પીછેહઠ ગણાય.'' ઑબ્ઝર્વર રિસર્ચ ફાઉન્ડેશનમાં આંતરરાષ્ટ્રીય સંબંધોના પ્રોફેસર હર્ષ પંત કહે છે કે અલગ અલગ દેશોમાં સર્વદળીય પ્રતિનિધિમંડળ મોકલવાનો ભારતનો નિર્ણય દુનિયા સમક્ષ પોતાની વાત રજૂ કરવાનો પ્રયાસ છે. આ દરમિયાન પાકિસ્તાને પણ પાંચ દેશોમાં પોતાના પ્રતિનિધિમંડળ મોકલ્યા છે. પાકિસ્તાની વિદેશ મંત્રાલયે પણ કહ્યું છે કે આ પ્રતિનિધિંડળોનો હેતુ ''દુનિયા સમક્ષ પાકિસ્તાનનું વલણ રજૂ કરવાનો'' છે.આ ઉપરાંત પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફે સ્વયં અઝરબૈજાન અને તુર્કી સાથે ત્રિપક્ષીય બેઠકમાં વ્યક્તિગત રીતે ભાગ લીધો હતો. આ બંને દેશો હાલના સંઘર્ષ પછી પાકિસ્તાનને ટેકો આપતા જણાય છે.

પાકિસ્તાનના ભૂતપૂર્વ વિદેશ સચિવ જૌહર સલીમ કહે છે કે, ''પાકિસ્તાને પહેલેથી નક્કી કરી લીધું હતું કે તે દુનિયાને જણાવશે કે ભારત આ ક્ષેત્રને યુદ્ધ તરફ ધકેલી રહ્યું છે.'' આ સંઘર્ષ પછી ભારતે પોતાની કૂટનીતિક રેખાને 'પુનઃવ્યાખ્યાયિત કરી' છે. હવેથી ભારતની ધરતી પર કોઈ પણ 'આતંકવાદી હુમલો' એક્ટ ઑફ વોર ગણવામાં આવશે. ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરીએ એક પ્રેસ બ્રીફિંગમાં એક તસવીર દેખાડીને કૂટનીતિક આક્રમકતા વધારી દીધી. આ તસવીરમાં દેખાતી એક વ્યક્તિને ભારતીય મીડિયામાં ''યુએન દ્વારા જાહેર કરાયેલ આતંકવાદી'' હાફિઝ અબ્દુલ રૌફ તરીકે ઓળખાવાઈ. તસવીરમાં તેઓ ભારતીય હુમલામાં માર્યા ગયેલા લોકો માટે પ્રાર્થના કરતા જોવા મળે છે. વિદેશ ગયેલા પ્રતિનિધિમંડળે પોતાની અલગ અલગ બેઠકોમાં આ તસવીરોને અન્ય દેશો સાથે શેર કરી. પ્રોફેસર હર્ષ પંતે બીબીસી હિંદીને જણાવ્યું કે ભારતીય પ્રતિનિધિમંડળના સભ્યો ''પાકિસ્તાન સમર્થિત આતંકવાદ પ્રત્યે ભારતના બદલાતા દૃષ્ટિકોણ વિશે દુનિયાને જણાવવાના હેતુથી કામ કરે છે.'' પાકિસ્તાને આ તસવીરમાં સામેલ વ્યક્તિ આતંકવાદી હોવાની વાત નકારી અને તે સામાન્ય વ્યક્તિ છે એવો દાવો કર્યો હતો. પાકિસ્તાને આતંકવાદને ટેકો આપવાનો કે પોતાની ધરતી પર ''આતંકી માળખું'' હાજર હોવાની વાત પણ નકારી હતી. પાકિસ્તાનના જૌહર સલીમે કહ્યું કે, તેનાથી વિપરીત પાકિસ્તાની પ્રતિનિધિમંડળનો હેતુ એ ''પુરાવા'' આપવાનો છે કે ''પાકિસ્તાનની અંદર ભારત ત્રાસવાદને પ્રોત્સાહિત કરે છે.'' જૌહર સલીમ કહે છે કે, આ ઉપરાંત અન્ય મુદ્દામાં કાશ્મીર પ્રશ્નને આંતરરાષ્ટ્રીય સ્તરે લાવવો અને બંને દેશો વચ્ચેની સિંધુ જળસંધિ (જેને પહલગામ હુમલા પછી ભારતે સસ્પેન્ડ કરી દીધી છે) તરફ દુનિયાનું ધ્યાન ખેંચવાનો સમાવેશ થાય છે. ઑપરેશન સિંદૂર પછી રાષ્ટ્રના નામે સંબોધનમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સિંધુ જળસંધિને અટકાવી દેવાની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે ''લોહી અને પાણી એક સાથે ન વહી શકે.'' ભારત એક તરફ આખી દુનિયામાં આ સંઘર્ષ અંગે પોતાનો દૃષ્ટિકોણ બીજા દેશો સમક્ષ મૂકવાની કોશિશ કરે છે, બીજી તરફ વડા પ્રધાન નરેન્દ્ર મોદી સ્થાનિક રાજકારણમાં આ મુદ્દાને સતત કેન્દ્રમાં રાખી રહ્યા છે.

# ભૂલથી મફતમાં લેવાઈ ગઈ આ વસ્તુઓ તો થઇ શકો છો ગરીબ, જાણો કઇ ?



વાસ્તુશાસ્ત્રમાં કેટલીક એવી વસ્તુઓનો ઉલ્લેખ છે જે મફતમાં લેવી જોઈએ નહીં. આવા નિયમોનું પાલન ન કરવાથી ઘરમાં આર્થિક તંગી, તણાવ અને નકારાત્મક ઊર્જાનો પ્રવેશ થઈ શકે છે.

વાસ્તુશાસ્ત્ર માત્ર ઘરની રચનાના નિયમો સુધી સીમિત નથી, પણ આપણા રોજિંદા જીવન સાથે જોડાયેલી કેટલીક નાની બાબતો પર પણ પ્રકાશ પાડે છે. વાસ્તુમાં એવી કેટલીક વસ્તુઓનું ઉલ્લેખ છે, જેને અવગણી ના શક્યા. આ વસ્તુઓ નકારાત્મક ઊર્જા લાવે છે અને જીવનમાં આર્થિક તેમજ માનસિક તકલીફો ઊભી કરી શકે છે.

વાસ્તુશાસ્ત્ર અનુસાર મીઠું શનિ ગ્રહ સાથે સંબંધિત માનવામાં આવે છે. એવું કહેવાય છે કે જો કોઈ વ્યક્તિ પાસેથી મીઠું મફતમાં લેવામાં આવે, તો તે વ્યક્તિના જીવનમાં દેવું વધી શકે છે. સાથે માનસિક અને શારીરિક સમસ્યાઓ પણ ઊભી થઈ શકે છે. આથી મીઠું લેવું હોય તો બદલામાં કંઈક આપવું ખૂબ જ જરૂરી છે.

બીજા કોઈના જૂના અથવા વપરાયેલા પર્સનો ઉપયોગ કરવો પણ વાસ્તુ દોષનું કારણ બની શકે છે. એવું માનવામાં આવે છે કે બીજા દ્વારા આપવામાં આવેલ પર્સ લક્ષ્મીજીના આશીર્વાદને દૂર કરી શકે છે. આવી પરિસ્થિતિમાં વ્યક્તિને નાણાકીય નુકસાન ભોગવવું પડી શકે છે.

રૂમાલ વ્યક્તિની અંગત વસ્તુ હોય છે અને તેનો સીધો સંબંધ ઊર્જા સાથે હોવા માનવામાં આવે છે. કોઈ બીજાનો વપરાયેલ રૂમાલ લેવાનો કે વાપરવાનો અર્થ છે તેમના તણાવ અથવા નકારાત્મક ઊર્જાને પોતે સ્વીકારવી. આથી આવા રૂમાલથી સંબંધોમાં ઝઘડા અને મતભેદ વધે છે.

માચીસના ડબ્બા પણ નકારાત્મક ઊર્જા સાથે જોડાયેલા હોય છે. જો તમે વારંવાર બીજાની પાસેથી માચીસ મફતમાં માંગો છો, તો ઘરમાં રહેતા લોકોને વચ્ચે તણાવ, ઝઘડા અને તાત્કાલિક સમસ્યાઓ ઉભી થઈ શકે છે. આવું કરવાથી રાહુ દોષ પણ ઊભો થઈ શકે છે.

આ તમામ વસ્તુઓ ઘરનાં શાંતિપૂર્ણ વાતાવરણને અસર કરે છે. જ્યારે આપણે મફતમાં આવી વસ્તુઓ લઈએ છીએ, ત્યારે તે ઘરમાં ઉલ્ફટ અને નકારાત્મક ઊર્જા પ્રવેશાવે છે. જેનાથી સંબંધોમાં તણાવ અને જીવનમાં અવરોધ ઊભા થાય છે.

જો ભૂલથી આવી કોઈ વસ્તુઓ લીધી હોય તો વાસ્તુશાસ્ત્રમાં તેના ઉકેલ પણ છે. જેમ કે મીઠું મફતમાં લીધું હોય તો તેની બદલીમાં કોઈ પૌરાણિક ગ્રંથ દાન આપો અથવા કોઈ દાન કરીને દોષને ટાળી શકાય છે.

# કિડનીને ડેમેજ થતા બચાવવી હોય તો આજથી જ ખાવાનું શરુ કરી દો આ ચાર વસ્તુઓ



કિડની આપણા શરીરનું ફિલ્ટર છે. તે બોડીમાંથી કચરો કાઢવાનું કામ કરે છે. આથી તેનું સ્વસ્થ્ય રહેવું ખુબ જરૂરી છે. જો તમે તમારી ડાયટમાં અમુક વસ્તુ સામેલ કરો છો તો તેનાથી કિડની હેલ્ધી રહે છે.

લોકોની ખરાબ ખાવા પીવાની આદતોને કારણે કિડનીની બીમારીના કેસ વધી રહ્યા છે. આ સ્થિતિમાં આપણે આપણી કિડનીની કાળજી લેવી જોઈએ. કિડની લોહીમાંથી ઝેરી પદાર્થોને ફિલ્ટર કરવાનું અને શરીરમાં પ્રવાહી બેલેન્સ જાળવવાનું કામ કરે છે. આ સ્થિતિમાં જો કિડની સ્વસ્થ ન હોય તો તેની આખા શરીર પર ખરાબ અસર પડે છે. આથી કિડનીને સ્વસ્થ રાખવા માટે સ્વસ્થ આહાર લેવો ખૂબ જ જરૂરી છે. ચાલો જાણીએ એવા ચાર ફૂડ વિશે જે કિડનીને હેલ્ધી રાખે છે.

ઓરેગાનો, પાર્સલે અને સિલેંટ્રો જેવા હર્બ્સ ન માત્ર ખોરાકનો સ્વાદ વધારે છે પણ કિડની માટે પણ ખૂબ ફાયદાકારક હોય છે. તેમાં ભરપૂર માત્રામાં એન્ટી-ઓક્સિડન્ટ હોય છે જે શરીરમાંથી ફ્રી રેડિકલ દૂર કરે છે અને કિડનીને નુકસાન થવાથી બચાવે છે. આથી આહારમાં આ હર્બ્સનો જરૂરથી સમાવેશ કરો.

બીટને કિડની માટે સુપરફૂડ માનવામાં આવે છે. તેમાં સારી એવી માત્રામાં નાઈટ્રેટ્સ હોય છે, જે કિડનીમાં બ્લડ પ્રેશર ઘટાડવામાં મદદ કરે છે. હાઈ બ્લડ પ્રેશર કિડની બીમારીનું મુખ્ય કારણ છે આથી બીટ ખાવાથી કિડની સ્વસ્થ રાખવામાં મદદ મળે છે. બીટમાં ફાઈબર, ફોલેટ અને વિટામિન સી પણ હોય છે, જે રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે. તેમાં સામેલ બીટાલેન એન્ટી-ઓક્સિડન્ટ કિડનીને ઓક્સિડેટીવ સ્ટ્રેસથી પણ બચાવે છે. આથી તમારા આહારમાં બીટનો સમાવેશ કરો. બ્લુબેરી કિડની માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. કેમ કે તેમાં પોટેશિયમ ઓછું અને એન્ટી-ઓક્સિડન્ટ વધુ હોય છે. કિડનીની બીમારીથી પીડિત લોકોને ઘણીવાર પોટેશિયમનું સેવન ઓછું કરવાની સલાહ આપવામાં આવે છે અને બ્લૂબેરી આ માટે એક બેસ્ટ ઓપ્શન છે. વધુમાં તેમાં વિટામિન સી અને ફાઈબર હોય છે, જે પાચનતંત્રને સ્વસ્થ રાખે છે. આ સિવાય તેમાં રહેલ એન્થોસાયનિન કિડનીને ઈન્ફ્લેમેશનથી બચાવે છે. મેકાડેમિયા નટ્સમાં ફોસ્ફરસ ઓછું હોય છે અને હેલ્થી ફેટ વધુ હોય છે, જે કિડનીના કાર્ય માટે ફાયદાકારક સાબિત થાય છે. આ સિવાય તેમાં મોનોઅનસેચ્યુરેટેડ ફેટ્સ હોય છે, જે હૃદયના સ્વાસ્થ્ય માટે પણ ગુણકારી માનવામાં આવે છે. આ બદામ પ્રોટીન અને ફાઈબરથી ભરપૂર હોય છે, જે શરીરને ઉર્જા પ્રદાન કરે છે. આથી દરરોજ મુઠ્ઠીભર મેકાડેમિયા નટ્સ ખાવાથી કિડની સ્વસ્થ રહે છે.



# સંસાર પૂર્તિ





# નવવધૂના બ્રાઈડલ ટ્રૂઝોમાં કપડાં, જ્વેલરી અને એસેસરીઝ સંબંધિત નાની-નાની બાબત ભૂલાઈ ન જવી જોઈએ

સગપણ અને લગ્નની વચ્ચેનો સમયગાળો જીવનનો શ્રેષ્ઠ તબક્કો હોય છે. આ દરમિયાન ભાવિ દંપતી એકબીજાને મળે છે તથા ઓળખવાનો પ્રયાસ કરે છે. તેમની વચ્ચે પ્રેમ પાંગરે છે. જોકે આ ગાળામાં જ કન્યાએ લગ્નની તૈયારીઓ કરવાની હોય છે અને કપડાં, જ્વેલરી, અન્ય એસેસરીઝ સંબંધિત નાની-નાની વાતો ભૂલાઈ ન જવાય તેની ખાસ તકેદારી રાખવાની હોય છે. નવવધૂના બ્રાઈડલ ટ્રૂઝોમાં શું શું હોવું જોઈએ તે આપણે જાણીએ.

આજની યુવતીઓ ભારતીય અને પાશ્ચાત્ય બન્ને શૈલીના પોશાક પહેરવાનું પસંદ કરે છે અને લગ્ન બાદ પણ પોશાક સંબંધિત કોઈ બંધન તેના પર લાદવમાં આવતું નથી. એટલે સૌથી પહેલાં 'ઇન્ડિયન ફોર્મલ'માં ક્યા ક્યા વસ્ત્રો લઈ જઈ શકાય તે જોઈએ.

- સંગીત ફંકશન : લગ્ન સમયે રાખવામાં આવેલા સંગીત ફંકશનમાં નેટની જરદોશી વર્કવાળી પારદર્શક સાડી, લ્હેંગો અથવા એથનિક અનારકલી ડ્રેસ પહેરી શકાય. આ પ્રસંગે પેસ્ટલ શેડ્સ સુંદર લાગે છે.

- મહેંદી ફંકશન : આ અવસર વાઈન રંગની બનારસી કે કાંજીવરમ સાડી અથવા સ્ટ્રકચર્ડ (રેડીમેડ) સાડી સુંદર દેખાય છે. નવવધૂ ઇચ્છે તો સેમી રેડીમેડ સાડી પણ પસંદ કરી શકે છે.

- લગ્નનું રિસેપ્શન : રિસેપ્શનમાં બધાની નજર નવવધૂ પર જ હોય છે. આથી આ પ્રસંગ માટે ખૂબ સમજી વિચારીને પરિધાનની પસંદગી કરવી. લાલ, લીલા, બરગંડી, ગુલાબી કે વાઈન રંગના હેવી વર્કવાળા લહેંગા-ચોલી પહેરવા. આના પર જડાઉ જ્વેલરી સુંદર દેખાશે.


- સાડી : નવવધૂએ પોતાના ટ્રૂઝોમાં બનારસી, બાંધણી અને સિલ્કની સાડીઓ ખાસ લેવી. આ પારંપરિક સાડીઓ ક્યારેય આઉટ ઓફ ફેશન થાય નહિ અને નવોઢા પર સુંદર પણ લાગે. પાર્ટી-ફંકશન માટે પર્પલ, વાઈન, ઇલેક્ટ્રીક બ્લુ જેવા વાઈબ્રન્ટ રંગની સાડી ખાસ ખરીદવી. પ્લેન











શિફોનની સાડી એમ્બ્રોઇડરી કરેલા બ્લાઉઝ સાથે ખૂબ જ સુંદર દેખાશે. પ્રિન્ટેડ ક્રેપ અને જ્યોર્જટની સાડી પણ અત્યંત સ્ટાઈલીશ લાગશે. આજકાલ તો ક્રિસ્ટલ વર્કની સાડીઓની પણ ફેશન છે.

- સલવાર સૂટ : લગ્ન બાદ સગા-સંબંધીઓના ઘરે જમવા અને મળવા જવાનો સિલસિલો લાંબા સમય સુધી ચાલે છે. આવા વખતે ટ્રેન્ડી સલવાર-સૂટ સારા દેખાશે. આજકાલ અનારકલી ડ્રેસનો ટ્રેન્ડ છે. અને તે ખૂબ જ સારા દેખાય છે. આથી થોડાક હેવી અને થોડાક લાઈટ વર્કવાળા અનારકલી ડ્રેસને રાખવા. 'એ' લાઈનની કેટલીક કુર્તીઓ પણ સાથે રાખવી જેને લેગિંગ્સ સાથે પહેરી શકાય. ફ્રેન્ડસ અથવા સાથે કામ કરનારાઓને ત્યાં લંચ કે ડિનર પર જઈ રહ્યા હો તો શોર્ટ કુર્તી અને પેન્ટ ફ્યુઝન લુક આપી શકશે. આથી એવા આઉટફિટ પણ સાથે રાખવા.

- વેસ્ટર્ન આઉટ ફિટ : પાશ્ચાત્ય શૈલીના પરિધાન પહેરનાર યુવતીએ એક ફોર્મલ બ્લેક ટ્રાઉઝર, બ્રાઈટ રંગના કેટલાક ફોર્મલ સેટ, કેટલાક રંગીન સ્ટોલ, એક જેકેટ અને ટ્રાઉઝર સેટ તથા બોડી ફિટિંગવાળા ગોઠણ સુધીની લંબાઈના ડ્રેસની ખરીદી અવશ્ય કરવી.

નાઈટવેરમાં સાટિનની એક નાઈટી સાથે કોટનના આરામદાયક નાઈટવેર પણ રાખવા.

અન્ય સામગ્રીમાં મેકઅપ કિટ મૂકવાનું ભૂલવું નહિ. આ કિટમાં આઈ અને ફેસ મેકઅપ રિમુવર, ટોનર, મોઈશ્ચરાઈઝર, સનસ્કીન, લિપસ્ટિક, ડેલી સુફલે અથવા ફાઉન્ડેશન, કોમ્પેક્ટ, કાજળ, લિપકલર, કાંસકો અને બ્રશ હોવા જોઈએ.

આ ઉપરાંત એક કિટમાં ટૂથબ્રશ, ટૂથપેસ્ટ, માઉથવોશ, શેમ્પૂ, ફેસવોશ, પરફ્યુમ શાવરજેલ અને લોશન મૂકવું.

એક જ્વેલરી બોક્સમાં સોનાના તથા અન્ય કિંમતી ઘરેણાં મૂકવા. બીજા એક જ્વેલરી બોક્સમાં બધા ડ્રેસ સાથે મેચ થતી જ્વેલરી અને એસેસરીઝ મૂકવી.

હાઈ હિલ્સના સેન્ડલ, કેટલાક રંગીન ચંપલ અને સુવિધાજનક હોય તેવા શુઝ પણ ખરીદવા. આ ઉપરાંત એક કલચ, એક નાનું પર્સ અને એક મોટું પર્સ રાખવું. એટલે જરૂરિયાત પ્રમાણે તેનો ઉપયોગ કરી શકાય.

- ધ્યાનમાં રાખવા જેવી વાતો

* લગ્ન પછી કયા દિવસે શું પહેરવું તે પહેલેથી નક્કી કરી લેવું.

* બધા જ ડ્રેસ અને સાડી સાથે મેચીંગ એસેસરીઝ મૂકવી.

* સાસરિયાઓને આપવાની વસ્તુઓને અલગ બેગમાં મૂકવી જેથી ગોટાળો ન થાય.

* ભાવિ પતિની પસંદને પણ ધ્યાનમાં રાખવી. તેમની પસંદના રંગ અને ટ્રેન્ડને ખરીદી કરવાથી તેઓ ખુશ થશે.

* ભારે આભૂષણો ઉપરાંત કેટલીક લાઈટ જ્વેલરી પણ રાખવી.

* ફેશન ટ્રેન્ડ અનુસાર વેસ્ટર્ન લુકના ઇયરરીંગ્સ તથા પાર્ટીવેર રાખવા.

* કપડાં સાથે મેચ થતી ઈમિટેશન જ્વેરરી પણ રાખવી.

ન ઈમરજન્સી કિટ : ઈમરજન્સી કિટમાં સોય-દોરો, સેફટી પીન, નાની કાતર, રૂના પૂમડાં રિફ્રેશર ટિસ્યુ, સેનેટરી નેપકીન, એન્ટાસિડ, બામ તથા પેઈન કિલર્સ ગોળી, મોબાઈલ ચાર્જર, પેન-પેડ, વોટર આઈ-ડી અથવા ડ્રાઈવિંગ લાઈસન્સ મૂકવું.

# ભારતની રાષ્ટ્રપ્રેમી નારીઓનો આદર્શ



અહલ્યાબાઈએ યુદ્ધનો સામનો કરવાની તૈયારી પણ કરી. ક્ષિપ્રા નદીના એક કાંઠા પર રાઘોબાની સેનાએ મોરચો બાંધ્યો તો બીજા કાંઠા પર અહલ્યાબાઈના લશ્કરે જમાવટ કરી. હોળકરની સેનાનું ખમીર જોઈ રાઘોબા નાસીપાસ થયા અને યુદ્ધ કર્યા વિના જ, અહલ્યાબાઈ સાથે સુલેહ કરીને પુણે પાછા જતા રહ્યા. ૧૭૮૮માં રામપુરના સરદારો અને ચંદ્રાવત રાજપૂતોનો બળવો પણ અહલ્યાબાઈએ આવા જ ખમીર સાથે નિરસ્ત કર્યો. રિયાસતમાંના ભીલ જાતિના આદિવાસીઓમાં પ્રશાસન પ્રત્યે જે અસંતોષ હતો તે કુનેહપૂર્વક દૂર કરવા અહલ્યાબાઈએ તેમની વાજબી માગણીઓ સ્વીકારી અને તેમની સાથે સુલેહનું વલણ અખત્યાર કર્યું. આ બધાં કારણે એક કુશળ, વ્યવહારુ અને નીડર પ્રશાસક તરીકે અહલ્યાબાઈની છાપ ઊભી થઈ.

અહલ્યાબાઈની લગભગ અઠ્ઠાવીસ વર્ષની પ્રશાસક તરીકેની કામગીરી દરમિયાન રિયાસતની આવકમાં નોંધપાત્ર વધારો થયો, કાયદાઓમાં પ્રગતિશીલ સુધારા દાખલ થયા, કરબોજ હળવો બનાવવામાં આવ્યો, ન્યાય સુલભ બને તે માટે પૂરતી સંખ્યામાં ઠેરઠેર યોગ્યતા ધરાવતા ન્યાયાધીશોની નિમણૂકો કરવામાં આવી, પડતર જમીન ખેડાણ હેઠળ લાવી કૃષિ-ઉત્પાદનમાં વૃદ્ધિ હાંસલ કરવામાં આવી અને ડાકુઓની કનડગત દૂર કરવા તેમના ખૂંખાર સરદાર મનરૂપસિંગને ફાંસી આપવામાં આવી.

પ્રજાભિમુખ અને ધર્મપરાયણ અહલ્યાબાઈએ રામેશ્વર જેવાં ઘણાં તીર્થસ્થાનોમાં અન્નક્ષેત્ર શરૂ કર્યાં; અયોધ્યા, ઉજ્જૈન, નાથદ્વારા, નાસિક, પંઢરપુર, ચિત્રકૂટ, પુષ્કર, ગંગોત્રી અને કેદારનાથ જેવાં સ્થાનો પર નવાં મંદિરો બંધાવ્યાં અને કાશી, સોમનાથ, ગયા, પરળી વગેરે ખાતેનાં મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો; બદરીનારાયણ, મથુરા, હરિદ્વાર, રામેશ્વર, અમરકંટક, ટેહરી, સપ્તશૃંગી જેવાં અનેક સ્થળો પર ધર્મશાળાઓ બંધાવી; કાશી, પ્રયાગ, કુરુક્ષેત્ર જેવાં તીર્થસ્થાનો પરની નદીઓ પર ઘાટ બંધાવ્યા; ઘણાં મંદિરો માટે વાર્ષિક સાલિયાણાની કાયમી જોગવાઈ કરી; ઘણી નવી સડકો બનાવી જેમાં કોલકાતાથી બનારસ સુધીના રસ્તાના નિર્માણકાર્યનો પણ સમાવેશ થાય છે. શિવભક્ત હોવાથી દેશનાં બારે જ્યોતિર્લિંગો માટે તેમણે ઉદાર સખાવત કરી છે.

અમેરિકન લશ્કરી અધિકારી કર્નલ વાયલીના માર્ગદર્શનને આધારે અહલ્યાબાઈએ પાશ્ચાત્ય ઢબે પોતાના લશ્કરની પુનર્રચના કરી હતી.

અહલ્યાબાઈની સ્મૃતિમાં ૧૭૯૯માં મહેશ્વર ખાતે નર્મદા નદીના કાંઠા પર એક ઘાટ તથા અહલ્યેશ્વર મહાદેવનું મંદિર બાંધવામાં આવ્યાં છે.

# ભારતની પહેલી ૧૬ વર્ષની ફોર્મ્યુલા-૪ રેસર શ્રેયા લોહિયા

દુનિયામાં જાતજાતના લોકો જોવા મળે છે. એમાં અમુક લોકો એવા હોય છે જે, એક વખત પોતાના ગોલને નક્કી કરી લે, પછી જ્યાં સુધી મંજિલ ન મળે ત્યાં સુધી જંપીને બેસતા નથી. બીજી બાજુ એવા લોકો પણ છે, જે પરિસ્થિતિઓનું બહાનું કાઢીને જીવનમાં કંઇ કરતા નથી. ભારત દેશ દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરી રહ્યો છે. રોજ આપણા દેશમાં એવા લોકો વિશે સાંભળવા મળે છે, જે દુનિયાભરમાં પોતાનું અને દેશનું નામ રોશન કરી રહ્યા છે. એમાં થોડા સમય પહેલાં એક છોકરીએ કમાલ કરી દીધો છે. એ નાની હતી ત્યારે એણે પોતાનો ગોલ નક્કી કર્યો અને જ્યાં સુધી તેને મંજિલ ન મળી ત્યાં સુધી જંપીને ન બેઠી. એ છોકરીનું નામ શ્રેયા છે. ફક્ત ૧૬ વર્ષની શ્રેયાએ મોટરસ્પોર્ટ્સના ઈતિહાસમાં પોતાનું નામ સોનેરી અક્ષરે નોંધાવી દીધું.

મોટરસ્પોર્ટ્સ સામાન્ય રીતે પુરુષોની રમત માનવામાં આવે છે. આ રમતમાં તેણે મહારત હાંસલ કરી. અત્યારે શ્રેયા લોહિયા સૌથી નાની ઉંમરની રેસિંગ સનસની બની ચૂકી છે. ફોર્મ્યુલા ફોર રેસિંગમાં ભાગ લેનાર ભારતની પહેલી મહિલા ડ્રાઈવર બની છે. તેણે આ ભગીરથ કામ ફક્ત સોળ વર્ષની ઉંમરમાં કરી બતાવ્યું છે. આ ઉંમરમાં દેશની મોટાભાગની કિશોરી શું પહેરવું એને લઈને ગોસિપ કરતી જોવા મળે છે, જ્યારે શ્રેયાએ આ ઉંમરે હૈદરાબાદ બ્લેકબર્ડ્સનું પ્રતિનિધિત્વ કર્યું, એટલું જ નહીં એમાં પહેલી ભારતીય ફોર્મ્યુલા ફોર ચેમ્પિયનશિપમાં સારા અંક મેળવી મોટી ઉપલબ્ધિ હાંસલ કરી.

હિમાચલ પ્રદેશના સુંદરનગરની રહેવાસી શ્રેયાએ ફક્ત નવ વર્ષની ઉંમરમાં મોટરસ્પોર્ટ્સની યાત્રા શરૂ કરી હતી. એ વખતે તેણે કાર્ટિંગ શરૂ કર્યું હતું. ગતિ અને પરફેક્શનને લઈને તેનામાં ગજબનું ટેલેન્ટ હતું. આ ટેલેન્ટને કારણે જ તે અન્યની સરખામણીમાં ઝડપથી આગળ વધી શકી. શ્રેયાએ વિવિધ પ્રતિયોગિતાઓમાં ૩૦થી વધારે વખત પોડિયમ ફિનિશ હાંસલ કર્યું છે. નિરંતર પ્રયત્ન અને તેના પ્રત્યેના સમર્પણને કારણે શ્રેયા અનેક પુરસ્કાર મેળવી શકી. જેમાં દેશમાં મોટરસ્પોર્ટ્સ માટે નિયામક સંસ્થા ફેડરેશન ઓફ મોટર સ્પોર્ટ્સ ક્લબ ઓફ ઈન્ડિયાની ચાર માન્યતા મેળવી છે.



શ્રેયા ફક્ત મોટરસ્પોર્ટ્સમાં જ ધૂમ મચાવી રહી છે એવું નથી, પરંતુ તે પોતાના અભ્યાસ ઉપર પણ એટલું જ ધ્યાન આપે છે. તે ૧૧મા ધોરણમાં અભ્યાસ કરે છે અને વિજ્ઞાનની સ્ટુડન્ટ છે. તે કહે છે કે, મોટરસ્પોર્ટ્સનું ઝનૂન મારી કરિયર કરતાં પણ વધારે છે, તેથી શ્રેયા ફોર્મ્યુલા ૧, ફોર્મ્યુલા ૨, ફોર્મ્યુલા ૩, ફોર્મ્યુલા ૪, ફોર્મ્યુલા ઇ, વર્લ્ડ રેલી ચેમ્પિયનશિપ અને વર્લ્ડ એન્ડ્યોરેન્સ ચેમ્પિયનશિપ સહિત વિવિધ રેસિંગને એક પ્રશંસક તરીકે આજે પણ જુવે છે અને તેનું સમર્થન કરે છે. નાનકડી શ્રેયાની રેસિંગ યાત્રા રોટેક્સ મેક્સ ઈન્ડિયા કાર્ટિંગ ચેમ્પિયનશિપ રેસમાં ભાગ લઇને શરૂ થઇ હતી. આ રેસમાં તેણે માઈક્રો મેક્સ શ્રેણીમાં મજબૂત રીતે ચોથું સ્થાન મેળવ્યું હતું. મોટરસ્પોર્ટ્સમાં આ શ્રેયાના ઉદયની શરૂઆત હતી. તેણે મેળવેલી ઉપલબ્ધિને માન્યતા આપતાં ફેડરેશન ઓફ મોટરસ્પોર્ટ્સ ક્લબ ઓફ ઈન્ડિયાએ શ્રેયાને મોટરસ્પોર્ટ્સમાં ઉત્કૃષ્ટ મહિલા પુરસ્કાર આપીને તેને સન્માનિત કરવામાં આવી. ૨૦૨૨માં શ્રેયાને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી, જે બાળકો માટે ભારતનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર માનવામાં આવે છે. રેસિંગ ઉપરાંત શ્રેયા બહુ પ્રતિભાશાળી એથ્લીટ પણ છે. તેણે બાસ્કેટબોલ, બેડમિન્ટન, પિસ્ટલ શૂટિંગ, સાઈક્લિંગ અને સ્ટ્રેંથ ટ્રેનિંગમાં ખાસ ઈન્ટરેસ્ટ છે.

આ બધી રમત ફિઝિકલ ફિટનેસમાં અભિવૃદ્ધિ કરે છે. શ્રેયાના પિતા રીતેશભાઇ કહે છે કે, પૂનાથી બેંગ્લોર અમે તેને રેસિંગ કોમ્પિટિશનની તાલીમ લેવા માટે લઇ જતા હતા. શરૂઆતમાં અમને બહુ અઘરું પડતું હતું, પણ પછી ટેવાઇ ગયા. બીજું, મોટરસ્પોર્ટ્સ એ શ્રેયાનો આત્મા છે, એવું કહી શકાય. એનું મોટરસ્પોર્ટ્સ પ્રત્યેનું ઝનૂન તેને અહીં સુધી લઇ આવ્યું છે. પુરુષોની ગેમમાં એક મહિલા અને એમાંય સ્કૂલમાં ભણતી છોકરીનો પગપેસારો એ બહુ મહેનત અને હિંમત માંગી લે એવી રમત છે. તેમ છતાં પોતાના શોખને પૂર્ણ કરવાના ઝનૂનને સાબિત કરી બતાવ્યું કે, પ્રતિભા અને દૃઢ સંકલ્પ પુરુષપ્રધાન રમતમાં પણ સફળતા અપાવી શકે છે. શ્રેયા ભારતમાં મહત્ત્વાકાંક્ષી મહિલા રેસર્સ માટે એક પથપ્રદર્શકના રૂપમાં છે, જો એવું કહેવામાં આવે તો જરાય ખોટું નથી.

# ગોબી મંચુરિયન રેસિપી



ફ્લાવરથી બનેલું મંચુરિયન કોઈપણ પાર્ટીમાં સ્ટાર્ટરની જેમ બહુ પસંદ કરવામાં આવે છે. તેને ગ્રેવીની સાથે પણ બનાવી શકાય છે પરંતુ સૂકું ગોબી મંચુરિયન વધારે લોકપ્રિય છે કારણકે તેને સાંજના ભોજનની સાથે પીરસી શકાય છે. તેને બનાવવા માટે બે પ્રક્રિયા છે ૧) ફ્લાવરના ટુકડા તૈયાર કરવા ૨) સાંતળેલો સૂકો મસાલો તૈયાર કરવો. નીચે આપેલી રેસીપીની સાથે રેસ્ટોરન્ટ સ્ટાઈલ ગોબી મંચુરિયન બનાવતા શીખીએ. અમારા મંચુરિયન સ્પેશીયલ વિભાગમાંથી તમે અલગ-અલગ પ્રકારની ઈન્ડો-ચાઈનીઝ વાનગી સરળતાથી ઘરે બનાવી શકો છો.

## સામગ્રી

- ૧/૨ કપ કોર્ન ફ્લોર
- ૫ ટેબલસ્પૂન મેંદો
- ૧ મધ્યમ ફ્લાવર, મધ્યમ આકારના ટુકડાઓમાં કાપેલું
- ૧/૨ ટીસ્પૂન લસણની પેસ્ટ
- ૧/૨ ટીસ્પૂન આદુંની પેસ્ટ
- તેલ, તળવા માટે
- મીઠું, સ્વાદ પ્રમાણે
- ૧/૨ કપ પાણી

સૂકા મસાલા માટેઃ

- ૧૧/૨ ટીસ્પૂન લસણની પેસ્ટ
- ૨ ટીસ્પૂન આદુંની પેસ્ટ
- ૨ લીલા મરચાં, બારીક સમારેલા
- ૧ મોટી ડુંગળી, બારીક સમારેલી
- ૧ નાનું લીલું કેપ્સીકમ, બારીક સમારેલું
- ૧૧/૨ ટેબલસ્પૂન સોયા સોસ
- ૧/૨ ટેબલસ્પૂન ચીલી સોસ
- ૨ ટેબલસ્પૂન ટોમેટો કેચપ/ટામેટાંનો સોસ
- ૨ ટેબલસ્પૂન તેલ
- ૨ ટેબલસ્પૂન લીલી ડુંગળી (સ્પ્રિંગ ઓનિયન), બારીક સમારેલી
- મીઠું, સ્વાદ પ્રમાણે

## ગોબી મંચુરિયન બનાવવાની વિધિ

ફ્લાવરના ટુકડાઓને મીઠાવાળા પાણીમાં મધ્યમ આંચ પર ૩-૪ મિનિટ માટે ઉકાળો. ઉકાળ્યા પછી તેમાથી વધારાનું પાણી કાઢીને તેને ટીશ્યૂ પેપર અથવા નેપકીન પર પાથરી દો. એક બાઉલમાં મેંદો, કોર્ન ફ્લોર, ૧/૨ ટીસ્પૂન આદુંની પેસ્ટ, ૧/૨ ટીસ્પૂન લસણની પેસ્ટ, ૧/૨ કપ પાણી અને મીઠું નાખીને ખીરું તૈયાર કરી લો. તે ઢોસાના ખીરાની જેમ ન તો વધારે ઘટ્ટ હોવું જોઈએ ન તો વધારે પાતળું. ફ્લાવરના ટુકડાઓને ખીરામાં નાખીને બરાબર મિક્ષ કરો. ખીરું ફ્લાવરને ચારે બાજુ સમાનરૂપે લાગી જવું જોઈએ.એક કડાઈમાં મધ્યમ આંચ પર તેલ ગરમ કરો. ૬-૮ ફ્લાવરના ટુકડાઓને ધીમેથી તેલમાં નાખીને હલ્કા બદામી રંગના થાય ત્યાં સુધી તળો. તળેલા ફ્લાવરના ટુકડાઓને એક થાળીમાં પાથરેલા પેપર નેપકીનની ઉપર કાઢો. આ જ રીતે બાકી બધા ટુકડાઓને પણ તળી લો. એક પહોળા મોઢા અને પાતળા તળિયાવાળી કડાઈમાં મધ્યમ આંચ પર ૨ ટેબલસ્પૂન તેલ ગરમ કરો. તેમાં ૨ ટીસ્પૂન આદુંની પેસ્ટ, ૧૧/૨ ટીસ્પૂન લસણની પેસ્ટ, કાપેલા લીલા મરચાં, કાપેલું કેપ્સીકમ અને કાપેલી ડુંગળી નાખોં. બધી સામગ્રીને ૩-૪ મિનિટ માટે ઊંચી આંચ પર સાંતળો. તેમાં સોયા સોસ, ટોમેટો કેચપ, ચીલી સોસ અને મીઠું નાખોં.તેને ચમચાથી હલાવીને એક મિનિટ માટે પકાવો. તેમાં તળેલા ફ્લાવરના ટુકડા નાખોં. બધી સામગ્રીને હળવેથી કડાઈમાં ઉછાળીને મિક્ષ કરો અને ૧-૨ મિનિટ માટે ઊંચી આંચ પર પકાવો. તેને એક થાળીમાં કાઢો અને લીલી ડુંગળીથી સજાવીને ટોમેટો કેચપ અથવા ચીલી સોસની સાથે ગરમા-ગરમ પીરસો.

# સાંઈ મકરંદના જીવન સંગિની એટલે કુન્દનિકા

વાર્તાકાર. પિતાનું નામ નરોત્તમદાસ, પતિ મકરંદ દવે. ઉપનામ 'સ્નેહધન'. વાર્તા, નવલકથા અને નિબંધક્ષેત્રે અર્પણ. પ્રારંભનું પ્રાથમિક-માધ્યમિક કક્ષાનું શિક્ષણ પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરામાં. ૧૯૪૮માં ભાવનગરમાંથી બી.એ. થયાં. મુખ્ય વિષયો રાજકારણ અને ઈતિહાસ. 'યાત્રિક' અને 'નવનીત'નાં સંપાદક તરીકેની ઊજળી કામગીરી પણ તેમણે બજાવી હતી. સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર તેમને ૧૯૮૫માં પ્રાપ્ત થયો.

તેમનું રસક્ષેત્ર વૈવિધ્યભર્યું રહ્યું છે. જીવન અને જગત પ્રત્યેનો તેમનો દૃષ્ટિકોણ અપાર વિસ્મયોથી ભરેલો છે. શેક્સપિયર અને ઈબ્સન જેવા વિદેશી નાટ્યકારો અને શરદચંદ્ર તેમજ રવીન્દ્રનાથ જેવા બંગાળી લેખકો ઉપરાંત ધૂમકેતુ જેવા ગુજરાતી લેખકો તેમની રસ-રુચિને અનેકશઃ સંકોરતા રહ્યા છે. તેથી સ્વાભાવિક રીતે તેમના લેખન ઉપર તેઓનો



પ્રભાવ વિસ્તરતો જણાય. 'પ્રેમનાં આંસુ' (૧૯૫૪), 'વધુ ને વધુ સુંદર' (૧૯૬૮), 'કાગળની હોડી' (૧૯૭૮) અને 'જવા દઈશું તમને' (૧૯૮૩) તેમના પ્રમુખ વાર્તાસંગ્રહો છે. તેમની વાર્તાઓમાં માનવસતવેદનાના કોઈક ને કોઈક અંશને હૃદ્ય રીતે ઉઠાવ મળતો જણાય છે. પ્રેમ, પ્રકૃતિ, સંગીત અને ચિંતન જેવાં તત્ત્વો તેમની વાર્તાઓમાં એક યા બીજી રીતે બળ પૂરતાં રહે છે. તેમનાં પાત્રો લાગણીશીલ છે.

'પરોઢ થતાં પહેલાં' (૧૯૬૮), 'અગનપિપાસા' (૧૯૭૨), 'સાત પગલાં આકાશમાં' (૧૯૮૪) તેમની મુખ્ય નવલકથાઓ છે. પ્રારંભની બંને નવલકથાઓ મનુષ્યના ભીતરને સુપેરે ઉદ્દઘાટિત કરી આપે છે. એ માટે બહિર વાસ્તવ અને એના ઘટનાપ્રસંગોને તેમણે ખપમાં લીધાં છે, પણ તે દ્વારા માણસના મૂલ સ્રોતને જ પકડવાનો ને નિરૂપવાનો તેમનો ઉપક્રમ રહ્યો છે. માનવ છેવટે પોતાના ઉપર જ આવીને ઠરીઠામ થાય છે, આનંદરૂપ નાભિ-કસ્તૂરીને પામે છે અને હૃદયની સત્તા જ પર્યંતે સર્વેસર્વા બની રહે છે, એવો તાર એ કૃતિઓમાંથી પકડી શકાય છે.

સાહિત્ય અકાદમી, દિલ્હી-પુરસ્કૃત 'સાત પગલાં આકાશમાં' પ્રમાણમાં કંઈક જુદી પડતી નવલકથા છે. ભિન્ન ભિન્ન રીતે ઊહાપોહ જગવી ચૂકેલી આ કૃતિમાં નારીશોષણની સામે સામાજિક વિદ્રોહની વાત કેન્દ્રમાં રહી છે. સ્ત્રી જુદે જુદે રૂપે કેટલું અને કેવું સહન કરતી આવી છે તે અહીં અનેક સ્ત્રીઓ અને તેમના પરિવાર દ્વારા અભિવ્યક્ત થયું છે. આ સમસ્યાપ્રધાન કૃતિમાં હેતુ કંઈક આગળ રહે છે અને કલાતત્ત્વ પાછળ. આમ છતાં એનું ચોક્કસ દસ્તાવેજી મૂલ્ય રહ્યું છે. 'ચંદ્ર તારા વૃક્ષ વાદળ'માં તેમણે ભાવપૂર્ણ નિબંધો આપ્યા છે. પ્રકૃતિ, પંડ અને બ્રહ્માંડમાંથી સારવી લીધેલી કેટલીક ક્ષણોને અહીં રોચક શબ્દરૂપ મળ્યું છે. ઉપરાંત શ્રીમતી લોસ ઇંગ્લસ વાઇલ્ડરની નવલકથાનો અનુવાદ 'વસંત આવશે'; મેરી એલન ચેઝનાં શૈશવનાં સ્મરણોનો અનુવાદ 'દિલભર મૈત્રી'; બંગાળી લેખિકા રાણી ચંદના પ્રવાસવર્ણનનું ભાષાન્તર 'પૂર્ણકુંભ' તેમની પાસેથી મળ્યાં છે.

'દ્વાર અને દીવાલ' તેમજ 'પરમ સમીપે' અનુક્રમે તેમના પ્રકીર્ણ લેખો અને પ્રાર્થનાસંકલનના સંગ્રહો છે. વલસાડથી ધરમપુર જવાના રસ્તે નંદિગ્રામ આશ્રમ સ્થાપીને કુન્દનિકાબહેન અને મકરંદભાઈએ આદિવાસી સમાજની સેવા આરંભેલી; પરંતુ ઈ. સ. ૨૦૦૫માં મકરંદભાઈનું અવસાન થતાં એ આશ્રમનું સંચાલન કુન્દનિકાબહેન કરતા હતા.

# વેરાવળમાં નવી નીતિઓથી ૧૫ મહિનાથી બાંધકામ ઉદ્યોગ ઠપ્પ

## નવા નિયમ સામે વ્યથા ઠાલવતા બિલ્ડર, એન્જિનિયર અને બાર એસોસિએશન : નવા પ્રોજેક્ટની મંજુરી માટે નેવાના પાણી મોભે ચડતા હોવાનો તંત્ર સામે આક્રોશ

**સમય મિરર | વેરાવળ**

વેરાવળ શહેરમાં બાંધકામ ક્ષેત્રે સંકળાયેલા તમામ હોદ્દેદારો તથા સભ્યોની એક બેઠક મળેલ જેમાં વેરાવળ-પાટણ વિસ્તારમાં છેલ્લા ૧૫ મહિનાથી વિકાસ કાર્યો ઠપ્પ હોય અને નવી નીતિઓ અને ડીર કેટેગરીમાં સમાવેશથી જનતાને ગંભીર અન્યાય થઇ રહેલ હોય તેથી તાત્કાલિક હસ્તક્ષેપની માંગ ઉઠેલ છે. આ બેઠકમાં બિલ્ડર એસો., એન્જિનિયર એસો. તેમજ બાર એસો. ના સભ્યો ઉપસ્થિત રહી ચિંતન મનન કરેલ હતું.

ગીર સોમનાથ જિલ્લાના મુખ્ય મથક વેરાવળ-પાટણ વિસ્તારમાં છેલ્લા ૧૪ થી ૧૫ મહિનાથી તમામ પ્રકાર ની બાંધકામ પરવાનગીઓ, સબ-પ્લોટ, લે આઉટ મંજૂરી ઓ અને ગુજરાત રેગ્યુલરાઈઝેશન ઓફ અનઓથોરાઈઝડ ડેવલપમેન્ટ એક્ટ-૨૦૨૨ (GRUDA-૨૦૨૨ ACT) હેઠળની ઈમ્પેક્ટ ફી સંબંધિત મકાન રેગ્યુલરાઇઝેશન ની કામગીરી સંપૂર્ણપણે ઠપ્પ હોય જેના કારણે સ્થાનિક નાગરિકો, બિલ્ડરો અને વિકાસ સાથે સંકળાયેલા તમામ વર્ગો ને પારાવાર મુશ્કેલી નો સામનો કરવો પડી રહ્યો છે. આ સમસ્યાથી વિકાસ કાર્ય અટકેલા પડ્યા છે. વેરાવળ-પાટણ વિસ્તારમાં બાંધકામ ને લગતી કોઈ નવી મંજૂરી મળતી નથી, જેના કારણે આર્થિક પ્રવૃત્તિઓ થંભી ગઈ છે. નવા નોટિફિકેશનની અસરો અને અનિશ્ચિતતા સર્જાઈ છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા તા.૦૨/૦૬/૨૦૨૫ ના રોજ બહાર પાડવામાં આવેલ હુકમથી સત્તામંડળ (VPADA) માં ફક્ત DP અને TP સંબંધિત ઓફલાઈન કામગીરી ચાલુ રહેશે. આ કામગીરી ખરેખર ક્યારે ચાલુ થશે તે અંગે અનિશ્ચિત સમય લાગશે તેવી સ્થિતિ છે, જે અત્યંત ચિંતાજનક છે. વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા (O.G. Area) અંતર્ગત અને નવા સમાવિષ્ટ ૧૨ ગામોની લેઆઉટ તથા સબ-પ્લોટ ની ફાઇલો ટાઉન પ્લાનિંગ ઓફિસ, ગીર સોમનાથ હસ્તક હોવા છતાં તે પણ હાલ બંધ છે. નવા નિયમ મુજબ, વિસ્તારમાં ઝોનિંગ થયા બાદ જ કામગીરી ચાલુ થશે, જેનો અર્થ એ થાય છે કે અનિશ્ચિત સમય સુધી વિકાસ કાર્યો અટકેલા રહેશે. પેન્ડિંગ ફાઈલો અંગે સ્પષ્ટતા નો અભાવ છે. તા.૨૮/૦૪/૨૦૨૫ પહેલા ટઙ્ઢઅઉઅ માં પેન્ડિંગ રહેલી ફાઈલો તથા GRUDA ACT - ૨૦૨૨ હેઠળની પેન્ડિંગ ફાઈલો અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી, જેના કારણે અરજદારો દ્વારા ભરવામાં આવેલી સ્કુટિની ફી પણ નિરર્થક સાબિત થઈ રહી છે. D7A માંથી D2 કેટેગરીમાં અન્યાયી સમાવેશ છે. વેરાવળ-પાટણ વિસ્તારને અગાઉ ઉ૭અ કેટેગરીમાંથી સીધા ઉ૨ કેટેગરીમાં (Direct 40 VLp Land Contribution) મૂકી દેવાનો નિર્ણય લેવામાં આવેલ છે. અમારા વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ (બંને બાજુ સમુદ્ર, બે નદીઓ અને ઓછી ઉપયોગી જમીન) ને ધ્યાને લીધા વિના આ ૪૦ ટકા જમીન કોન્ટ્રીબ્યુશનનો નિયમ લાદવો અત્યંત અન્યાયી અને અવ્યવહારૂ છે. આ નિર્ણય અમારા વિસ્તારના વિકાસને વધુ અવરોધશે અને બિનખેતી થયેલી જમીનો ના પેન્ડિંગ લેઆઉટનો મુદ્દો મુખ્ય છે. આ વિસ્તારમાં અનેક જમીનો બિનખેતી (NA) થયેલ છે પરંતુ તેના લેઆઉટ પાસ કરાવવાના બાકી છે. જો આ લેઆઉટ જૂના નિયમ મુજબ પાસ કરવામાં નહીં આવે, તો બહુ મોટી સમસ્યાઓ ઊભી થશે. ૪૦ ટકા જમીન કોન્ટ્રીબ્યુશનના હિસાબે જમીન વેચનાર (ખેતીની જમીન વેચનાર) અને ખરીદનાર (બિનખેતીની જમીન અને લેઆઉટની અપેક્ષાએ ખરીદનાર) વચ્ચે મોટા વાંધા, ઝઘડાઓ અને કોર્ટ કેસ થવાની પ્રબળ સંભાવના છે, જેનાથી કાયદાકીય અને સામાજિક સમસ્યાઓમાં ખૂબ જ વધારો થશે. આ અત્યંત સંવેદનશીલ મુદ્દાને પણ તાત્કાલિક ધ્યાને લેવા વિનંતી છે.

આર્થિક મંદીનો માહોલ છે. બાંધકામની મંજૂરી ન મળવાને કારણે બેંકો લોન નથી આપતી, પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓ પણ ફોર્મ ભરી શકતા નથી, જેના પરિણામે સમગ્ર વિસ્તારમાં એક કૃત્રિમ મંદી ઊભી થઈ છે. આ પરિસ્થિતિ વેરાવળ-પાટણની જનતા માટે અન્યાય સમાન છે. દ્વારકા-ઓખા શહેરી વિકાસ સત્તામંડળના મુકાબલે વેરાવળની જનતાને સ્પષ્ટપણે અન્યાય થતો હોવાની ફરીયાદ ઉઠી છે. આ સમસ્યાના તાત્કાલિક નિરાકરણ માટે, દ્વારકા-ઓખા શહેરી વિકાસ સત્તામંડળના મોડેલ (જ્યાં સત્તામંડળ જાહેર થયા પછી પણ જૂની પદ્ધતિથી બે-બે વાર કામગીરી ચાલુ રાખવાની સત્તાઓ સોંપાઇ હતી) મુજબ વેરાવળ પાટણ વિસ્તાર વિકાસ સત્તામંડળ (VPADA), વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા અને ૧૨ ગામો માટે નગર નિયોજક, ગીર સોમનાથને પૂર્વવત સત્તાઓ સોંપીને રબેતા મુજબ મંજૂરીનું કામ તાત્કાલિક ચાલુ કરવા માટે સરકાર સમક્ષ ઉગ્ર રજૂઆત કરવામાં આવી હોવાનું જણાવેલ છે.

# સાવરકુંડલામાં કોમી એકતા વચ્ચે ઈદુલ-ઉલ-અઝહાની થઈ ઉજવણી

## દેશની અખંડિતા માટેની દુઆ કરવા હજારો હાથ ઉઠ્યા

**સમય મિરર | સાવરકુંડલા**



સાવરકુંડલા ખાતે ઈદુલ ઉલ અઝહા ની કોમી એકતા અને ભાઈચારાની લાગણી વચ્ચે સંપન્ન થયો હતો.

સાવરકુંડલા ખાતે પીર સૈયદ સરકાર મુનીરબાપુ કાદરીની આગેવાની નજરો કરમ થી અત્રેની જુમ્મા મસ્જિદ ખાતેથી એક સવારી નીકળી હતી આ સવારી શહેરના વિવિધ વિસ્તારમાં ફરી ઇદગાહ એ નમાજના રૂપમા ફેરવાઈ ગયેલ હતી ત્યાં હજારો મુસ્લિમ બિરાદરો એ ઈદુલ ઉલ અઝાહા સામૂહિક નમાજ અદા કરી હતી અને ભારત દેશમાં કોમી એકતા અને ભાઈચારાની લાગણી જળવાઈ રહે દેશ પ્રગતિના શિખરોસર કરે તેવી દુઆ કરવામાં આવી હતી

સાદાતે કિરામ ઉલ્માં એ કીરામ વિવિધ જમાત ના પ્રમુખો આગેવાનો હજારો સંખ્યામાં લોકોએ નમાજ અદા કરી હતી એમ ઇકબાલભાઈ ગોરીએ એક યાદીમાં જણાવ્યું હતું.

# સાવરકુંડલાના સ્વામિનારાયણ ગુરૂકુલમાં ૮૦થી વધારે આંખના દર્દીઓની નિઃશુલ્ક સારવાર થઈ

## ટ્રસ્ટ દ્વારા સ્વામી જ્ઞાન પ્રસાદદાસજીની સ્મૃતિમાં નેત્ર નિદાન કેમ્પ યોજાયો

**સમય મિરર | સાવરકુંડલા**




શિક્ષણ સંસ્કાર અને ચારિત્ર્ય નિર્માણના ધામ સમા સ્વામીનારાયણ ગુરુકુળ સાવરકુંડલા દ્વારા મોતિયાના દર્દથી પીડાતા દર્દીઓને ધ્યાનમાં રાખી તા. ૬-૬-૨૦૨૫ને શુક્રવારના રોજ શાસ્ત્રી સ્વામી જ્ઞાનપ્રસાદદાસજીની પાવન સ્મૃતિમાં ૩૩૬ માં નેત્ર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં વિરનગર હોસ્પિટલના સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટરો દ્વારા ૬૦ જેટલા મોતિયાના દર્દીઓની તપાસ કરવામાં આવી, જેમાંથી કુલ ૨૦ જેટલા દર્દીઓને મોતિયાના ઓપરેશનની જરૂર હોય એમને સંસ્થા દ્વારા વિનામૂલ્યે ઓપરેશન તેમજ સારવાર આપવામાં આવી હતી

અને જે દર્દીઓને ચશ્મા અને દવાઓની જરૂર હતી એમને સંસ્થા દ્વારા વિનામૂલ્યે ચશ્મા તેમજ દવાઓ પૂરી પાડવામાં આવી હતી. ૩૩૬માં વિના મૂલ્યે મહા નેત્રયજ્ઞનું દિપ પ્રાગટ્ય સંસ્થાના વડા પરમ પૂજ્ય શાસ્ત્રી ભગવતપ્રસાદ દાસજી સ્વામી તથા વીરનગર હોસ્પિટલના ડોક્ટર સાથે કરવામાં આવેલ.

નેત્રકેમ્પના યજમાન પદે - સ્વ . અલ્પાબેન સુદેશકુમાર સામજી હિરાણીનાં સ્મરણાર્થે (લાછાણી ) નવો વાસ , માધાપર - કચ્છ તથા પરિવાર- હસ્તે . જોશીદાદા , સાવરકુંડલા. રહ્યા હતા. નેત્રયજ્ઞને સફળ બનાવવા સંસ્થાનાં કોઠારી અક્ષર મુક્ત દાસજી સ્વામી વડપણ હેઠળ સંસ્થાના કર્મચારીઓ એ જેહમત ઉઠાવી હતી.

# દીવની સરકારી માધ્યમિક શાળામાં NSS દ્વારા કરાયું વૃક્ષારોપણ



દીવ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના એનએસએસ યુનિટ દ્વારા વૃક્ષારોપણ કરાયું શાળાના પ્રાચાર્ય વિજય બામણીયાના સફળ નેતૃત્વ હેઠળ શાળાના એનએસએસ યુનિટના વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ કરી અને પર્યાવરણ જાગૃતિ માટે શપથ લીધા હતાં.

# આર્મીની ટ્રેનીંગ પૂર્ણ કરી વતન ઉનાનાં વાંસોજ આવતા ગ્રામજનો દ્વારા સ્વાગત કરાયું

## ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ સહિત અગ્રણી એ બહુમાન કર્યું : રેલીમાં તમામ જોડાયા

**સમય મિરર | ઉના**

ઉના તાલુકાના વાંસોજ ગામે યુવાનો દ્વારા વર્ષો પછી પ્રથમ વખતે દેશ ની સેવાઓ માટે સૈન્ય માં આર્મી મેન તરીકે પસંદગી પામેલા ગામ નાં યુવાન નું ઉત્સાહ પૂર્વક સન્માન કરવા ભવ્યાતિભવ્ય કાર્યક્રમ કરીને રેલી યોજી વાજતેગાજતે ડી જે નાં તાલે સ્વાગત કર્યું હતું. એહમદપુર માંડવી ચેકપોસ્ટ થી દુર એક કીમી આવેલાં ઊના નાં વાંસોજ ગામે ભૂતનાથ મહાદેવ મંદિર ગામના લીં બડીયા ચોરા તથા કામળિયા પરિવાર ના ચામુંડમાં ના મંદિર સુધી રેલી સ્વરૂપે સૈનિક ને સન્માન સાથે કાર્યક્રમ સ્થળે લાવવામાં આવ્યા હતાં

ત્યાં ઉપસ્થિત ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ તેમજ ભાજપ નાં અગ્રણી આગેવાનો ગામ નાં સરપંચ તેમજ તાલુકા પંચાયત નાં કારોબારી ચેરમેન મોહનભાઈ વાજા સહિત અગ્રણીઓ એ ફુલ ગુચ્છ આપી શાલ ઓઢાડીને બહુમાન કરાયું હતું આ તકે ભોજન સમારોહ નું આયોજન બીજલભાઈ સોલંકી(કોળી સમાજના માજી પટેલ) ના સહયોગ થી કરાયું હતું કોળી સમાજ પટેલ બાબુભાઈ ભીમાંભાઈ વંશ, સોલંકી રમેશભાઈ, પ્રવીણભાઈ મકવાણા ગોપાલભાઈ કામળીયા, સહિત નાં યુવાનો ને પ્રોત્સાહન આપી ગામ નો યુવાન અગ્નિ વીર યોજના હેઠળ દેશ ની



આર્મી ની ટ્રેનિંગ પૂર્વ કરી આવતાં ઉષ્માભેર રેલી નું સફળતા પૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ગામના આગેવાનો, સરપંચ, માજી સૈનિક ગીર સોમનાથ પ્રમુખ કેપ્ટન અશોકભાઈ માજી સૈનિક ઉના તાલુકા પ્રમુખ રાઠોડ નથુ બાપુ વાસોજ ગામ નાં માજી સૈનિક સોલંકી ધીરુભાઈ જીવાભાઈ સહિત બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા

વાસોજ ગામના યુવાનો અને શાળા માં અભ્યાસ કરતાં બાળકોને ગામનાં માજી સૈનિક ધીરૂભાઇ સોલંકી દ્વારા પોતાનું યોગદાન આપીને પ્રોત્સાહિત કરતાં હોય યુવાનો સૈનિક તરીકે દેશ ની આર્મી માં જોડાઈ તેવું માર્ગદર્શન આપીને યુવાનો આગળ આવે દેશ ભક્તિ સાથે સેવા સ્વપન કરે તેવી જાગૃતિ કેળવી રહ્યા છે.

# સાવરકુંડલામાં નગરપાલિકા દ્વારા પર્યાવરણ સુરક્ષા માટે જાગૃતિ ઝુંબેશ

## વૃક્ષારોપણ સહિતના કાર્યક્રમો યોજાયા

**સમય મિરર | સાવરકુંડલા**

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિતે 'Ending Plastic Pollution Globally' થીમ હેઠળ સાવરકુંડલા નગરપાલિકા દ્વારા પર્યાવરણ સુરક્ષા અને જાગૃતિ માટે અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપ પ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, સદસ્યો, સ્થાનિક આગેવાનો, ચીફ ઓફિસર, સ્ટાફ અને ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં સખી મંડળોની બહેનો ઉત્સાહભેર જોડાયા હતા.આજના દિવસની સૌથી મહત્ત્વપૂર્ણ પ્રવૃત્તિઓમાંની એક વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. પર્યાવરણનું સંતુલન જાળવવા અને હરિયાળી વધારવા માટે વૃક્ષારોપણ અનિવાર્ય છે. આ કાર્યક્રમ દ્વારા ઉપસ્થિત સૌને વૃક્ષોનું મહત્ત્વ



સમજાવીને વૃક્ષો વાવવા અને તેનું જતન કરવા પ્રેરણા આપવામાં આવી હતી. આશા વ્યક્ત કરવામાં આવી હતી કે આ કાર્યક્રમ સાવરકુંડલા અને આસપાસના વિસ્તારમાં પર્યાવરણ પ્રત્યે નવી ચેતના જગાવશે અને દરેક નાગરિક પ્રકૃતિના સંરક્ષણમાં પોતાનો ફાળો આપવા માટે પ્રેરિત થશે.

સાવરકુંડલ નગરપાલિકા દ્વારા આયોજિત આ કાર્યક્રમ પર્યાવરણ સંરક્ષણ માટે સામુહિક પ્રયાસોના મહત્ત્વને ઉજાગર કરે છે અને ભવિષ્યમાં આવા વધુ કાર્યક્રમો યોજી પર્યાવરણ જાગૃતિ વધારવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### કોન્ટ્રાક્ટર દ્વારા આચરેલા કૌભાંડના પોપડા ઉખડ્યા : વાહન ચાલકોને ભારે હાલાકી : ગાંધીનગર સુધી ફરિયાદના એંધાણ

# ધોરાજીના જૂનાગઢ રોડ પર ૧૦ કિલોમીટરમાં પાથરેલો ડામર કાંકરી બની જતા રોષ ફેલાયો

**સમય મિરર | ધોરાજી**

ધોરાજી ઉપલેટા નાં ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયા એ થોડાક દિવસો પહેલા જ સરદાર ચોક ખાતે જામકંડોરણા ચોકડી થી સરદાર ચોક , ફરેણી રોડ , જમનાવડ રોડ રેલવે ફાટક સુધી, જુનાગઢ રોડ થી તોરણીયા પાટીયા સુધી નો ડામર રોડ થાય તે માટે ખાતમુહૂર્ત વિધિ કાર્યક્રમ યોજાયો હતો અને યોગ્ય સમયે ડામર રોડ નું કામગીરી કોન્ટ્રાકટર દ્વારા કરવામાં આવેલ તેમાંનો જુનાગઢ રોડ પર મુખ્ય રોડ છે. સોમનાથ વેરાવળ થી જુનાગઢ અને ધોરાજી થીં જામનગર જવા માટે નો મુખ્ય માર્ગ છે જ્યાં રોજ નાં હજારો વાહનો ની અવરજવર થતી હોય છે અને ધોરાજી થીં જુનાગઢ રોડ તોરણીયા પાટીયા સુધી નો



ડામર રોડ ની કામગીરી ની શરૂઆત અને કામ પણ કરવામાં આવી હતી ત્યાં જ રોડ પર નો ડામર અદ્રષ્ય થઈ ગયો રોડ પર ફક્ત કાંકરા જોવા મળેલ અને આખો રસ્તો ફક્ત કાંકરા જ જોવા મળેલ અને વાહનો આ કાંકરા નાં રસ્તા માં સ્લીપ થવા નાં બનાવો ની હાળમાળા થવા લાગી અને રાહદારીઓ કે ખેતરે જતાં ખેડૂતો કે અપડાઉન કરતાં લોકો મુશ્કેલી માં મુકાઈ ગયા અને આ જુનાગઢ રોડ પર નો ડામર અદ્રષ્ય થઈ ગયો અને કોંગ્રેસ આગેવાનો થી પહોંચી અને તાત્કાલિક સ્થળ પર પહોંચી અને આ અને કાંકરા હાથ થી પગ થી નિકળી રહયા હતા અને ડામર અદ્રષ્ય એટલે કે ગાયબ થઈ ગયો જોવા મળેલ અને કોંગ્રેસ આગેવાન અને સ્થાનિક લોકો એ ધોરાજી માં ભાજપ નો વિકાસ ગાંડો થયો હોય તેમ અને રોડ રસ્તા માં ભ્રષ્ટાચાર થયાં નો આક્ષેપ લગાવ્યો હતો અને ડામર રોડ ગુણવત્તા પર સવાલો ઉઠાવ્યા હતા અને આ રસ્તો ઘણા વર્ષો ની યાતનાઓ સહન કરી અને મુશ્કેલીઓ વેઠવાની હવે રોડ ની કામગીરી થઇ રહી છે ત્યારે પણ ડામર રોડ લઈને લોકો માં નારાજગી જોવા મળેલ અને આની યોગ્ય તપાસ કરી ને કોન્ટ્રાકટર પર યોગ્ય પગલાં લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

# પોરબંદરની રઘુવંશી એકતા અને લેડી ક્લબ દ્વારા પાઠ્ય પુસ્તકનું વિતરણ

## જરૂરિયાત વાળા પરિવારો માટે કરાયેલું સેવાકાર્ય

**સમય મિરર | ગોસા (ઘેડ)**

દર વર્ષની જેમ આ વર્ષે પણ જરૂરિયાત વાળા પરિવારોને મદદરૂપ બનવા ધોરણ ૧ થી ૧૨ સુધીના ગુજરાતી , ઈંગ્લિશ મીડિયમ ના પાઠ્યપુસ્તકો જે વાર્ષિક વાર્ષિક પરીક્ષા પૂર્ણ થયે પરિણામ આવી ગયા બાદ ઘણા પરિવારો પસ્તી માં જવા દેતા હોઈ છે તે પુસ્તકો પસ્તી માં આપવાના બદલે રઘુવંશી એકતા લેડી અને હેપ્પી લેડી ક્લબ પોરબંદર દ્વારા તે પાઠ્યપુસ્તકો હિતેશ કારિયા ટિફિન સેવા સ્થળે લોકો ને અપીલ કરીને ત્યાં આપી જવા પ્રેરિત કરીને તે પાઠ્યપુસ્તકો ના સેટ કલેક્શન કરવામાં આવ્યા હતા અને ત્યારબાદ સંસ્થાની ટીમ દ્વારા અલગ અલગ ધોરણ અને ઉપયોગમાં લઈ શકાય તે મુજબ સેટ બનાવી જરૂરિયાત વાળા પરિવારોને આપવા આયોજન કરેલ હતું જે અંતર્ગત ૨૫ થી વધુ




પરિવારોના બાળકોના પરિવારોને મોંઘવારીમાં મદદરૂપ બનવા પાઠ્યપુસ્તકો નું વિતરણ હિતેશ કારિયા ટિફિન સેવા સ્થળ રાધેશ્યામ મંદિર ખાતે કરવામાં આવેલ હતું

કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રોજેક્ટ ચેરમેન ભાવનાબેન તન્ના, અલકાબેન દતાણી, ની આગેવાની માં ભુમી કારિયા, બિંદૂબેન રાજા, ભાવનાબેન રાઈમગીયા વિગેરે એ જહેમત ઉઠાવી હતી પ્રોજેક્ટને સફળ બનાવવા માટે રઘુવંશી એકતા ના પ્રમુખ હિતેશ કારિયા, ગીતાબેન તન્ના દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ.

# યુવા સેના ટ્રસ્ટ દ્વારા આયોજીત સર્વજ્ઞાતિ સમૂહલગ્નમાં ૧૧ નવદંપતિ લગ્નગ્રંથીથી જોડાયા

## ટ્રસ્ટના પ્રમુખના જન્મદિવસ નિમિત્તે થયેલા સેવાકાર્ય : શહેરના અગ્રણીઓએ આશિર્વચન આપ્યા

**સમય મિરર | રાજકોટ**

યુવા સેના ટ્રસ્ટ દ્વરા પ્રમુખ પ્રધ્યુમનસિંહ ઝાલા ના જન્મદિવસે સર્વજ્ઞાતિ સમુહલગ્ન સંપન્ન થયા ૧૧ દિકરીઓને ૧૬૦ થી વધુ વસ્તુ કરીયાવર રૂપે ભેટ આપવામાં આવી હતી.

નિરાધાર ૧૧ દિકરીઓને પિતાતૃલ્ય વાત્સલ્ય સાથે દાતાના સહયોગથી નાત જાતના ભેદભાવ વગર સમુહલગ્ન સંપન્ન થયા જેમાં નામી અનામી દાતાઓ તેમજ મહેમાનો ઉપસ્થીત રહયા

યુવા સેના ટ્રસ્ટ રાજકોટ ના પ્રમુખ પ્રધ્યુમનસિંહ ના જન્મદિન નિમીતે તા. ૦૮-૦૬-૨૦૨૫ ના રોજ સમાજની નિરાધાર અનાથ દિકરીઓને જાતિ-જ્ઞાતિના ભેદભાવ વિના ૧૧ દિકરીઓને પિતાતુલ્ય વાત્સલ્ય તેમજ ૧૬૦ થી વધુ વસ્તુ કરીયાવર રૂપે ભેટ આપી ૧૧ કન્યાઓને વિદાય આપવામાં આવી. આવા અતિ મોંઘવારીના સમયમાં દિકરીઓને પરણાવવી ગરીબ પરિવારો માટે અતિ મુશ્કેલ અને



કઠીન છે આવા સમય કાળમાં યુવા સેના ટ્રસ્ટ ારા અનાથ દિકરીઓને દરવર્ષે સમુહલગ્નનું આયોજન કરવામા આવે છે. તેમજ દિકરીના માતા અથવા પિતા હયાત નથી તેવી દિકરીઓને લગ્ન કરી આપવામા આવે છે.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન રાજકોટના મેયર નયનાબેન પેઢડીયા તેમજ સાધુ રઘુરામ મહારાજ અમરગઢ ભીચરી તથા નામીઅનામી દાતાઓ હાજર રહેલ આ કાર્યક્રમને સફળ બનાવવા યુવા સેના ટ્રસ્ટ ની મહિલા પાંખ તેમજ યુવા સેના ટ્રસ્ટના મેમ્બરોએ ખુબ જ જહેમત ઉઠાવેલ અખબાર ના માધ્યમથી ટ્રસ્ટના પ્રમુખએ બધાનો ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો ભવિષ્યમાં પણ બધાનો સાથ સહકાર મળતો રહેશે અને પ્રમુખ પ્રધ્યુમનસિંહ ઝાલા ના ૫૩ માં જન્મદિવસે શુભેચ્છાનો વરસાદ વરસાવવા બદલ તેમજ સમુહલગ્નનાં સફળ આયોજન બદલ ઠેર ઠેર થી પ્રમુખને શુભકામના ઓ પાઠવવામાં આવેલ આ સુંદર કાર્યને લોકોએ બિરદાવેલ. આ સમુહ લગ્નમાં તન મન અને ધનથી જેઓનો સહયોગ મળેલ છે તેઓનો ટ્રસ્ટના પ્રમુખએ આભાર વ્યક્ત કરેલ.

### શોભાયાત્રા અને ધર્મસભા યોજાઈ : વિવિધ ક્ષેત્રના અગ્રણીઓએ હાજરી આપી આશિર્વચન પાઠવ્યા

# નટેશ્વર મહાદેવ મંદિરનો જીર્ણોદ્ધાર થતાં પુનઃ પ્રાણ પ્રતિષ્ઠાના મંગલ અવસરની ઉજવણી

**સમય મિરર | રાજકોટ**

રાજકોટના નટેશ્વર મહાદેવ મંદિર ના જીર્ણોદ્ધારનો સંકલ્પ લેનાર શ્રી મનોજ મારું અને સુરુભા જાડેજા ના દેખરેખ હેઠળ નટેશ્વર મહાદેવ મંદિરનો જીર્ણોદ્ધાર કરી ને સુંદર શીખરબંધ મંદિરનું નિર્માણ કરવામાં આવેલ છે. નટેશ્વર મહાદેવ મંદિરમાં મહાદેવજીના પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા નિમિતે શોભાયાત્રા શેઠ હાઈસ્કુલ થી પ્રસ્થાન થઈ ત્યારે હર હર મહાદેવના નાદ સાથે સોરઠીયાવાડી સર્કલ, પવનપુત્ર હનુમાન ચોક થઈ ૮૦ ફુટ રોડ ઉપર થઇ ને ભક્તિનગર સર્કલ થઈ મંદિર સુધીની આ શોભાયાત્રામાં રાસની રમઝટ બોલાવી હતી. સાથે ભાઈઓની રાસ મંડળી એ રાસ લીધા હતા.

નટેશ્વર મહાદેવ મંદિરમાં મહાદેવજીના પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા નિમિતે ભવ્ય ધર્મસભા યોજાઈ હતી. આ ધર્મસભામાં સંત સમુદાય સર્વ હિન્દુ ધર્મ આચાર્ય સભાના મહાસચિવ તથા સંયોજક પરમ પૂજ્ય સ્વામી પરમાત્માનંદજી સરસ્વતીજી




બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના પરમ પૂજ્ય બ્રહ્મ તીર્થ સ્વામી, ગુરુકુલ સ્વામિનારાયણ મંદિરના પરમ પૂજ્ય દેવકૃષ્ણ સ્વામી, મુખ્ય સ્વામિનારાયણ મંદિર રાજકોટના પરમ પૂજ્ય રાધા રમણ સ્વામી, જગતગુરુ ગર્ગાચાર્ય પીઠાધિશ્વર, પંચના અખાડા (મુજકુંદ ગુફા) જૂનાગઢના પરમ પૂજ્ય મહેન્દ્ર નંદગીરીજી મહારાજ, કુવાડવાના પરમ પૂજ્ય યતિ બ્રહ્મ દેવજી મહામંડલેશ્વર, ધોરાજીના પરમ પૂજ્ય શ્રદ્ધાનંદ ગીરીજી મહારાજ; બાલાજી મંદિર રાજકોટના પરમ પૂજ્ય વિવેક સાગર સ્વામી, આત્મીય કોલેજ રાજકોટના પરમ પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામી તેમજ મેયર નયનાબેન વિનોદભાઈ પેઢડીયા, સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા; રાજયસભાના સાંસદ રામભાઈ મોકરિયા ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા; પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, ભાજપના સૌરાષ્ટ્ર વિભાગના પ્રવકતા રાજુભાઈ ધ્રુવ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સૌરાષ્ટ્ર પ્રાંતના નરેન્દ્રભાઈ દવે; કોર્પોરેટર મનીષભાઈ રાડીયા, નિલેશભાઈ જલુ; શ્રીવર્ષાબેન રાણપરા; શ્રીજોશીબેન; કિશનભાઈ ટીલવા, બોલબાલા ટ્રસ્ટના સ્થાપક જયેશભાઈ ઉપાધ્યાય, ગૌતમભાઈ ગૌસ્વામી, ચમત્કારીક હનુમાનજી મંદિરના ટ્રસ્ટી સર્વ ગિરિરાજસિંહજી રાઠોડ, ધર્મેન્દ્રભાઈ ભગત, જીતુભાઇ મહેતા સહિત સૌરાષ્ટ્ર ના રાજકીય સામાજિક અગ્રણીઓ, સાધુ સંતો મહંતો ધર્મસભામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલામાં રખડતા પશુઓના પીવાના પાણી માટે વલખાં

## ભૂગર્ભ જળ ખલાસ થઈ જતાં અને સત્તાધીશોના આંખ આડા કાનથી અબોલ જીવોને પડતા ફાંફા

**સમય મિરર | સાવરકુંડલા**



સાવરકુંડલા શહેરમાં આમ તો બોરવેલ દ્વારા મોટાભાગના શહેરોમાં પાણી પુરવઠા વિતરણ કરવામાં આવે છે. સમગ્ર સાવરકુંડલામાં અનેક વિસ્તારોમાં બોરવેલ દ્વારા ભૂગર્ભ પાણી ખેંચી શહેરને પાણી પુરવઠો પૂરો પાડવાનો ખૂબ વર્ષો જૂનો ક્રમ છે. શહેરના ભૂગર્ભ પેટાળમાં ૭૦૦,૮૦૦ કે ૧૦૦૦ ફૂટ જેટલાં ઉંડા બોરવેલ દ્વારા ગરમ ગરમ પાણી ખેંચીને પાઈપ લાઈન દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં પાણી પુરૂ પાડવામાં આવી રહ્યું છે.

એક ગાય એક બોરવેલના પાઈપ લાઈન દ્વારા પાણી અપાતાં વાલ્વનાં ઉપર લીક થતાં પાણીનો એક નાનકડા એવા પાઈપમાં મોઢું નાખીને પાણી પીવાનો પ્રયાસ કરી રહી છે.!! આ વાલ્વમાંથી નીકળતાં પાણીથી પોતાની તૃષા છીપાવવા પ્રયાસ કરી રહી છે.!! શહેરની કરૂણતા પણ એ છે કે શહેરમાં રસ્તે રખડતાં પશુઓની સંખ્યા પણ ઘણી છે. જ્યારે ઘાસચારો કે પશુઓના આહાર માટે તો રામ ધણી જેવી સ્થિતિ હોય તેમ લાગે છે.!!! જો કોઈના હ્રદયમાં રામ વસે તો આ અબોલ પશુઓને ભોજન માટે કંઈક આપે... એટલે શહેરની ગલીઓ અને રસ્તાઓ જ તેમને મન ગૌચર..!! હા, પશુઓને પીવાનું પાણી પણ પર્યાપ્ત માત્રામાં તો જોઈએ'ને? માનવજાતને હેલ્ધી રહેવા માટે વધુ પાણી પીવાની તબીબો દ્વારા સલાહ આપવામાં આવે છે. પરંતુ આ રસ્તે રઝળપાટ કરી રહેલાં મૂંગા અબોલ નિર્દોષ પશુઓ માટે પાણી પીવાની વ્યવસ્થા ક્યાં? અને કેવી? આ રસ્તે રખડતા પશુઓ કહે છે કે અમારે સ્નાન કે હાથપગ ધોવા માટે પાણી નથી જોઈતું,

પરંતુ તરસ છીપાવવા તો પાણી આપો..! જો કે કોઈ જીવદયા પ્રેમી હોય તો ઘર પાસે પાણીની નાની કુંડીઓમાં પાણી ભરે છે. પરંતુ એવા તો ખૂબ જૂજ હોય'ને? આવી પરિસ્થિતિમાં જ્યાંથી પણ પાણી પ્રાપ્ત થયું, જેવી સ્થિતિમાં પ્રાપ્ત થયું, તરસ છીપાવવા માટે આ રખડતાં પશુઓ માટે એ પાણી અમૃત સમાન..!! બોરવેલનું પાણી તો ગરમ હોય.. છતાં બીજો વિકલ્પ ન હોય રસ્તા કે શેરીઓમાં રખડતા પશુઓ એ પાણીથી પણ તરસ છીપાવવાનો પ્રયાસ કરતાં જોવા મળે છે.!!!

ગાયને આપણે માતા તરીકે પૂજીએ છીએ તેની આવી હાલત માટે જવાબદાર કોણ? મોટી મોટી ગુલબાંગ હાંકતાં નેતાઓ આ સમસ્યાનો હલ કરી શકશે ખરા? જો કે એક વાત પણ સ્પષ્ટ છે કે આ અબોલ નિર્દોષ રખડતાં ભટકતા પશુઓને મત આપવાનો અધિકાર નથી. એટલે એની સમસ્યાનો પ્રત્યાઘાત મતલક્ષી રાજકીય પરિપેક્ષમાં આવે ખરો? એમ આ અબોલ જીવો અંદરો અંદર એકબીજાને સવાલ કરી રહ્યા હોય પણ ખરાં.. આવા નિર્દોષ અબોલ પશુઓ માટે પાણી પીવા માટેના જાહેર અવેડા કેટલા? એ તો ગુગલ મેપ પર જોઈએ તો ખ્યાલ આવે.!! જો કે રસ્તે રખડતા આ અબોલ નિર્દોષ પશુઓને પણ આ અવેડાની જાણકારી હોય ખરી?

વ્યક્તિના માલિકીના પશુઓને તો એ પશુઓના માલિક અવેડા તરફ દોરી જાય અને પાણી પીવડાવે પરંતુ આ રખડતાં ભટકતા મૂંગા અબોલ પશુઓના રખેવાળ કોણ? આ અબોલ નિર્દોષ પશુઓ પૂછે પણ ખરાં કે સિંધુ જળ સંધિ રદ કર્યા બાદ વધેલા જળનો ઉપયોગ આ રખડતાં ભટકતા પશુઓની તૃષા સંતોષવા માટે થશે ખરો?

# રાણાવાવની એકતા આર્કેડ સોસાયટીમાં જુગાર રમતા પાંચ જુગારીઓ ઝડપાયા

## પોલીસે રોકડ સહિત રૂ.૧.૩૦ લાખનો મુદામાલ જપ્ત કર્યો

**સમય મિરર | ગોસા (ઘેડ)**

પોરબંદરના રાણાવાવમાં એકતા આર્કેડ સોસાયટીમાં રહેણાંક ના મકાનમાં બહારથી માણસો બોલાવી તીનપતી રોનપોલીસ નામનો હાર જીતનો જુગાર રમતા પાંચ સખ્શો ને રૂ.૧,૩૦, ૪૦૦ ના મુદ્દામાલ સાથે રાણાવાવ પોલીસે પકડી પાડેલ તમામ સામે કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે. રાણાવાવ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.વી.મોરી તથા પોલીસ સટાફના માણસો રાણાવાવ પોલીસ સ્ટેશન વિસ્તાર માં પેટ્રોલિંગની ફરજ પર હતા અને સર્વેલન્સ સ્ટાફના પોલીસ કોન્સ્ટેબલ સંજય વાલાભાઈ તથા સરમણ દેવાયતભાઈ તથા જયમલ સામતભાઇનાઓને અગાઉથી સંયુક્ત ખાનગીરાહે બાતમી હક્કીક્ત મળેલ હોય.



તસવીર : વિરમ કે આગઠ

જે હકીકત આધારે રાણાવાવ એકતા આર્કેટ સોસાયટીમાં આરોપી લીલાભાઈ રણમલભાઈ કડછા ઉ.વ.૬૦ એકતા માર્કેટ રાણાવાવ જીઃ પોરબંદરવાળાના રહેણાંક ના મકાનમાં તીનપતી રોન પોલીસ નામનો જુગાર રમતા મકાન માલિક લીલાભાઈ રણમલભાઈ કડછા ઉ.વ.૬૦ રહે એકતા આર્કેટ રાણાવાવ જી. મોકરીયા ઉ.વ.૫૩ રહે રાણાવાવ ભોરાસર વાડી વિસ્તાર જી. પોરબંદર તથા અંબાભાઈ ટપુભાઈ વાઘેલા ઉ.વ.૬૦ રહે, બિલેશ્વર ગામ તા. રાણાવાવ જી.પોરબંદર તથા લાલજીભાઈ વાલજીભાઈ લાખાણા ઉ.વ. ૫૩ રહે, રાણાવાવ ગ્રીન સીટી જી. પોરબંદર અને ભાણજીભાઈ ભીમજીભાઈ ભોગાયતા ઉ.વ.૬૩ રહે, છાયા મહેર સમાજની બાજુમાં પોરબંદરવાળાઓને રોકડા રૂ. ૨૫,૪૦૦ તથા મોટરસાયકલ-૪ કી.૮૦,૦૦૦ તથા મોબાઈલ ફોન નંગ-૫ કી.૨૫,૦૦૦ મળી કુલ રૂ.૧,૩૦,૪૦૦નો મુદ્દામાલ સાથે ઝડપી પાડી તમામ સામે જુ. ધારા કલમ ૪,૫ મુજબ ગુન્હો રજીસ્ટર કરાવેલ છે.

# સાવરકુંડલાના બોરાળા ગામે મહા રક્તદાન કેમ્પ યોજાયો

## જરૂરિયાત મંદો માટે દાતાઓ દ્વારા કરાયું બ્લડ દાન



**સમય મિરર | સાવરકુંડલા**

સાવરકુંડલા તાલુકાના બોરાળા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જીરા-સીમરણ દ્વારા ઓપરેશન સિંદૂર અંતર્ગત બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.આ બ્લડ ડોનેશન કેમ્પનું ઉદ્દેશ્ય સમાજમાં રક્તદાનનું મહત્વ સમજાવવું અને જરૂરિયાતમંદ લોકો સુધી રક્ત પહોંચાડવાનું હતું. બોરાળામાં યોજાયેલા રક્તદાન કેમ્પમાં ગ્રામજનોએ ભાગ લીધો હતો. તેમજ લોકોએ રક્તદાન કરીને સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી હતી. આ પ્રસંગે આરોગ્ય કેન્દ્રની ટીમ દ્વારા રક્તદાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. રક્તદાનના સ્વાસ્થ્યલક્ષી ફાયદાઓ અને તેના મહત્વ અંગે ગ્રામજનોને સમજણ આપવામાં આવી હતી. આ કેમ્પને સફળ બનાવવા માટે સરપંચ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર, કોમ્યુનિટી હેલ્થ ઑફિસર, હેલ્થ વર્કર અને તલાટી મંત્રીશ્રીએ ભારે જહેમત ઉઠાવી હતી. જેમાં મોટી સંખ્યામાં રાજકીય સામાજિક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# વેરાવળ મર્કન્ટાઈલ કો-ઓપરેટિવ બેંકે કર્યો રૂ.૮.૧૧ કરોડનો નફો : ચૂકવશે ૧૪ ટકા ડિવિડન્ડ

## ૫૪મી વાર્ષિક સાધારણસભામાં હિસાબો રજૂ કરાયા : સભાસદો માટે જાહેરાત કરાઈ

**સમય મિરર | વેરાવળ**

સૌરાષ્ટ્રની નાગરિક સહકારી બેન્કોમાં અગ્રસ્થાને રહેલ વેરાવળ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેન્ક લી. ની ૫૪ મી વાર્ષિક સાધારણ સભા તા.૮ ને રવીવારે વેરાવળ મુકામે સભાસદોની વિશાળ હાજરી વચ્ચે ચેરમેન નવીનભાઈ એચ. શાહ ના પ્રમુખ સ્થાને મળેલ જેમાં વાઈસ ચેરમેન ભાવનાબેન એ. શાહ, બેન્કના ડીરેકટરો તથા બોર્ડ ઓફ મેનેજમેન્ટ અને શાખા સલાહકાર કમીટીના સભ્યો ઉપસ્થિત રહયા હતા.

બેન્કના બોર્ડ ઓફ મેનેજમેન્ટના ચેરમેન બિપીનભાઈ સંઘવી દ્વારા આમંત્રિતોનું સ્વાગત કરવામાં આવેલ ત્યારબાદ ચેરમેન નવીનભાઈ એચ. શાહના નિવેદનમાં જણાવવામાં આવેલ કે, વર્ષ ૨૦૨૫ જયારે



તસવીર : મીલન ઠકરાર

આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ તરીકે ઉજવાઈ રહેલ હોય અને ભારત સરકાર દ્વારા સહકારી પ્રવૃત્તિનો વિસ્તાર કરી છેવાડાના માનવીના આર્થિક વિકાસને સાકાર કરવાના પ્રયાસો થઈ રહેલ છે ત્યારે આપની બેન્કે તેના કુલ ધિરાણના ૭૪ ટકા ધિરાણો પ્રાયોરીટી સેકટર હેઠળ વગીકૃત થતા ધંધા ઉદ્યોગોને અને તે પૈકી ૫૫ ટકા ધિરાણો નાના લોકોને અને ૧૨.૩૦ ટકા ધિરાણો વીકર સેકશન સોસાયટીના લોકોને પૂરા પાડી તેઓના જીવનમાં સકારાત્મક આર્થિક પરિવર્તન લાવેલ છે.

અહેવાલના વર્ષમાં બેન્કે યશસ્વી કામગીરી કરેલ છે. વર્ષાંતે બેન્કે રૂા.૮૭૩.૩૩ કરોડની ડીપોઝીટ, રૂા.૫૨૮.૦૧ કરોડના ધીરાણ તેમજ રૂા.૧૪૦૧.૩૪ કરોડના કુલ બીઝનેસ સાથે ઈન્કમટેક્ષા તથા જરૂરી તમામ જોગવાઈઓ કર્યાબાદ રૂા.૮.૧૧ કરોડનો ચોખ્ખો નફો કર્યો છે. બેન્કના રીઝર્વ રૂા.૯૬.૦૭ કરોડને આંબ્યા છે. તેઓએ બેન્કની પ્રગતિ અને બેન્કને આ સ્થાને સુધી પહોંચાડવાનો યશ સર્વે સભાસદો, થાપણદારો, ગ્રાહકો, શુભેચ્છકો, બેન્કના કર્મચારી ગણ, સર્વે શાખા સલાહકાર કમીટીના સભ્યો અને સમગ્ર બોર્ડ ઓફ ડીરેકટર્સ અને બોર્ડ ઓફ મેનેજમેન્ટને આપેલ અને વાઈસ ચેરમેન ભાવનાબેન એ. શાહ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માં બેન્કે કરેલ કામગીરીનો અહેવાલ રજૂ કરવામાં આવેલ હતો.


સભાસદો દ્વારા સાધારણ સભામાં રજુ થયેલ દરેક ઠરાવો સર્વાનુમતે મંજુર કરેલ અને વર્ષ દરમ્યાન બેન્કે કરેલ પ્રશંસનીય પ્રગતિની નોંધ લઈ બોર્ડ ઓફ ડીરેકટર્સને અભિનંદન પાઠવેલ હતા. બેન્ક દ્વારા ૧૪ ટકા ડીવીડન્ડ ચૂકવવાની જાહેરાતને સર્વે સભાસદોએ સહર્ષ વધાવી લીધે હતી. ડીરેકટર સુરેશભાઈ જે. કંપાણીએ ઉપસ્થિત સર્વેનો આભાર વ્યકત કરેલ હતો. સમગ્ર શૈક્ષાણિક સન્માન કાર્યક્રમનું સંચાલન બિંદુબેન કે.ચંદ્રાણી અને ડો. નિમીર્ષાબેન એસ. માખણસા દ્વારા કરવામાં આવેલ.

# વેરાવળના જયેન્દ્રભાઈ તન્નાની રાષ્ટ્રીય સ્તરના સંગઠનના ચેરમેન તરીકે વરણી

## વિવિધ સંસ્થાઓમાં સેવારત : અગ્રણીઓ દ્વારા આવકાર

**સમય મિરર | વેરાવળ**

મૂળ વેરાવળના વતની અને હાલ અમદાવાદ રહેતા જયેન્દ્રભાઈ તન્ના ની રાષ્ટ્રીય સ્તરના સંગઠનના પ્રમુખ પદ પછી ચેરમેન તરીકે પદોન્નતિ થતા ઠેરઠેરથી આવકારવામાં આવી રહેલ છે.



જયેન્દ્રભાઈ તન્નાએ વેરાવળ સોરઠ ચેમ્બરમાં ૧૯૮૭ માં સહમંત્રી તરીકે રહી કામગીરીની શરૂઆત કરી વેપાર ઉદ્યોગ ક્ષેત્રે રાષ્ટ્ર ની સર્વોચ્ચ સંસ્થાના ચેરમેન પદ હાસિલ કરનાર પ્રથમ ગુજરાતી અગ્રણી છે. ગુજરાત ચેમ્બર ઓફ કોમ. એન્ડ ઈન્ડસ્ટ્રીઝમાં વર્ષ ૨૦૧૨-૧૩ માં સેક્રેટરી તથા ૨૦૧૭-૧૮ માં ઉપપ્રમુખ પદના હોદ્દાની કામગીરી સફળતા પૂર્વક બજાવી ગુજરાત રાજ્યના વેપાર-ઉદ્યોગના લોકપ્રિયતા મેળવી હતી. આ કામગીરી દરમ્યાન સોમનાથ-વેરાવળ રેલવે બ્રોડગેજ, રાજકોટ-અમદાવાદ સિક્સ લેન હાઈવે, વેટ અને જીએસટી સરલીકરણ અને ઓકટ્રોય નાબુદી માં મહત્વની ભૂમિકામાં રહેલ હતા.

જયેન્દ્રભાઈ તન્નાની રાષ્ટ્રીય તન્ના સંગઠને વરણી કરવામાં આવતા ગુજરાત ભરની વિવિધ સંસ્થાઓના વડાઓ તેમજ વેપારી અગ્રણીઓ દ્વારા તેમની વરણીને આવકારી અને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# વણાંકબારાની સરકારી માધ્યમિક ગર્લ્સ શાળામાં સમર કેમ્પનું સમાપન

## વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓને નિષ્ણાંતો દ્વારા જીવન ઉપયોગ માર્ગદર્શન અપાયું

**સમય મિરર | દીવ**

દીવમાં વિદ્યાર્થીઓને જીવન ઉપયોગી અનેક પ્રવૃતિઓ બાદ સમર કેમ્પનું થયું સમાપન કરવામાં આવ્યું હતું.

આ સમાપન કાર્યક્રમ વણાંકબારા સરકારી ઉચ્ચતર માધ્યમિક ગર્લ્સ શાળામાં ડેપ્યુટી કલેક્ટર શિવમ મીશ્રાની અધ્યક્ષતામાં યોજાયો હતો. આ પ્રસંગે શાબ્દિક સ્વાગત બાદ શિવમ મીશ્રાનું પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ શિક્ષણાધિકારી અરવિંદ સોલંકીએ દસ દિવસના સમર કેમ્પની પ્રવૃતિઓની માહિતી આપી હતી. આ કેમ્પમાં મુખ્યત્વે અભ્યાસની સાથે સાથે કલા સક્લિ યોગા, રમત ગમત વગેરે વિવિધ પ્રવૃતિઓ પણ હતી. ત્યાર બાદ વિવિધ પ્રવૃતિઓના વિજેતાઓને મહેમાનોના હસ્તે




ઈનામો આપી સન્માનિત સાથે કેમ્પમાં સતત તકેદારી લેનારા સમગ્ર શિક્ષાના કર્મચારી ઓનું પણ સન્માન કરાયું હતું. આ પ્રસંગે શિવમ મીશ્રા આ કેમ્પનું આયોજન કરનાર સમગ્ર શિક્ષા અભિયાન અને શિક્ષણ વિભાગ તેમજ કેમ્પમાં રહેલા ૧૨૦ વિદ્યાર્થીઓની પ્રશંસા કરી હતી.

આ પ્રસંગે શિક્ષણાધિકારી અરવિંદ સોલંકી, પિયુષ મારુ તેમજ શાળાના આચાર્યો, શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતાં. દસ દિવસમાં આ કેમ્પનો ખુબ જ સારો એવો અનુભવ રહ્યો તેવું વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું.

# કોડીનારમાં નવ મહિનાથી પોલીસને હાથતાળી આપતો શખ્સ ઝડપાયો

## જામનગરની જેલમાં ધકેલી દેતી પોલીસ

**સમય મિરર | કોડીનાર**

કોડીનાર પોલીસ જુનાગઢ રેન્જ હે,પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાંજડીયા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા તથા વિભાગીય નાયબ પોલીસ અધિક્ષક ઉના વિભાગ એમ.એફ.ચૌધરીનાઓએ સમન્સ વોરંટના આરોપીને પકડી પાડવા કારદેસર કાર્યવાહી કરવા સખત સુચના કરેલ હતી.

કોડીનાર પો.ઇન્સ એન. આર.પટેલની સુચના તેમજ પો. સબ.ઈન્સ. એસ.એમ.દેવેરેના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઇ. પ્રફુલભાઇ વાઢેર તથા પો.હેડ કોન્સ. અરવિંદભાઇ જાની તથા ધીરુભાઇ બાંભણીયા તથા પો.કોન્સ. ભગવાનભાઇ જીણાભાઇ તથા ભીખુશા બચુશા તથા બાલુભાઇ ભીમાભાઇ તથા GRD શૈલેષગીરી ગૌસ્વામી તથા શેહબાજખાન પઠાણ નાઓને પેટ્રોલીંગ દરમ્યાન સંયુકત બાતમી હકિકત આધારે મ્હે,જ્યુડી.



મેજી.ફ.ક.એમ.જી.માલાણીની કોર્ટ, જામજોધપુરના ફો.પ. અ. નં. ૨૪૮/૨૦૨૪ મુજબના કામે ભરણપોષણની ચડત રકમ રૂ. ૧,૭૦,૦૦૦/- ભરવાના બાકી હોય જેમાં દર માસની ભરણપોષણની રકમના ૭ દિવસ લેખે ૧૧૯ દિવસ (૧૭ માસ૭૦૭ દિવસ)ની સાદી કેદની સજાનો આરોપી દીપકભાઇ ખીમજીભાઇ ઘોકીયા રહે,બંસીઘર સોસાયટી,કોડીનાર. સજાનો આરોપી વાળો મળી આવતા કાયદેસરની કાર્યવાહી કરી જામનગર જેલ હવાલે મોકલી આપેલ છે.

# કેશોદ બ્રહ્મસમાજ દ્વારા તેજસ્વી તારલાનો ભવ્ય સરસ્વતી સન્માન સમારોહ યોજાયો

## સમાજ અગ્રણીઓ દ્વારા એવોર્ડ અર્પણ કરાયા

**સમય મિરર | કેશોદ**

કેશોદ સમસ્ત બ્રહ્મસમાજ આયોજિત વિદ્યાર્થી સન્માન નવનિયુક્ત કર્મચારીઓ નું સ્વાગત અને નિવૃત્ત કર્મચારીઓ નું સન્માન સાથે વિશિષ્ટ વ્યક્તિઓના સન્માન નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કેશોદ તાલુકા પંચાયતના પ્રમુખ માલતીબેન ભનુભાઈ ઓડેદરા કેશોદ નગરપાલિકાના કારોબારી ચેરમેન ઉમેદભાઈ કોટક કેશોદના અગ્રણી રામભાઈ કેશવાલા ભારત વિકાસ પરીષદના સ્થાપક પ્રમુખ ડોક્ટર સ્નેહલ તન્ના પ્રમુખ આર પી સોલંકી સમસ્ત બ્રહ્મસમાજ ના હોદેદારો એચ જી ત્રિવેદી, પી ડી જોષી, વિનુભાઈ પંડ્યા અને પ્રમોદભાઈ પંડ્યા ના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

કેશોદ સમસ્ત બ્રહ્મસમાજ આયોજિત સરસ્વતી સન્માન



તસવીર : રાજુ પંડ્યા

કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો અને ભૂદેવો નું શાબ્દિક સ્વાગત પ્રવચન પ્રમુખ રાજુભાઈ પંડ્યા એ કરી હોદેદારો દ્વારા મંચસ્થ મહાનુભાવો નું ખેસ પહેરાવી પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. કેશોદ શહેરમાં વસતાં સમસ્ત બ્રહ્મસમાજ ના કેજી થી ઉચ્ચ શિક્ષણમાં ઉતિર્ણ તમામ વિદ્યાર્થીઓ નું પ્રોત્સાહિત ઈનામો મંચસ્થ મહાનુભાવો અને હોદેદારો ના હસ્તે આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. કેશોદ ખાતે સરકારી અર્ધસરકારી કચેરીઓમાં સમસ્ત બ્રહ્મસમાજ ના નવનિયુક્ત કર્મચારીઓ અધિકારીઓ નું હારતોરા કરી ખેસ પહેરાવી શ્રીમદ્ ભગવત ગીતા આપી સ્વાગત કરવામાં આવ્યું હતું અને વયમર્યાદા ના કારણે નિવૃત થતાં કર્મચારીઓ ને સન્માન પત્ર શ્રીફળ પડો આપી શાલ ઓઢાડી ખેસ પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું.

# ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળની બેઠક યોજાઈ

## સત્તાધીશો દ્વારા વિવિધ મુદ્દે ચર્ચા વિચારણા કરાઈ

**સમય મિરર | જૂનાગઢ**

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળની રાજ્ય કારોબારી ડો. આંબેડકર ભવન ગાંધીનગર ખાતે મળી હતી. જે અંતર્ગત રાજ્ય કારોબારી બેઠક ના વિવિધ મુદાઓ લગત ચર્ચા રાજ્ય મહામંત્રી દિલીપભાઈ પાઠક દ્વારા કરવામાં આવી

કારોબારી બેઠક માં જૂનાગઢ જિલ્લા પ્રમુખ ભરતભાઈ રાઠોડ દ્વારા ઉત્કર્ષ મંડળ ના ઈતિહાસ ની વાત કરવામાં આવી અને ગાંધીચિંધ્યા અથવાં બાબસાહેબ ચિંધ્યા માર્ગે જઈ મંડળ ની માન્યતા માટે ખંત થી આગળ વધવાની વાત કરવામાં આવી. આ તકે અમરેલી જિલ્લા પ્રમુખ રજનીકાન્ત મકવાણા દ્વારા સંપૂર્ણ સહકાર સાથે આગળ વધીએ એ માટે કાંઈ પણ કરવાની તૈયારી બતાવામાં આવી અને સૌ ને પણ આ માટે સહકાર માં રહેવાની ની વાત કરેલ. રાજ્ય પ્રમુખ ડી ડી મકેવાણા દ્વારા રાજ્ય ઉત્કર્ષ મંડળ માટે કરેલ અને કરવાના થતા તમામ કાર્યો ની વિગતે વાત કરવામાં આવી. રાજ્ય કારોબારી ની આભ્રાવિધિ અમૃતભાઈ પરમાર દ્વારા કરવામાં આવી

કિશોરભાઈ મકવાણા,અધ્યક્ષ રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ ના અધ્યક્ષ સ્થાને નિવૃત થતા સચિવાલય ગાંધીનગર ખાતેના અધિકારી ભરતભાઈ મોડીયા(નાયબ નિયામક રોજગાર વિભાગ ગુજરાત), મધુબેન કે પરમાર (ઉપ સચિવશ્રી શિક્ષણ વિભાગ ગુજરાત) બિપીનભાઈ નિનામા (નાયબ નિયામક શિક્ષણ વિભાગ ગુજરાત) તેમજ નિવૃત રાજ્ય કારોબારી સભ્યો અમૃતભાઈ પરમાર , જીતેન્દ્રભાઈ પંડ્યા, વિનુભાઈ ખાણીયા, કાનજીભાઈ દુલેરા રમેશભાઈ પરમાર તેમજ નવરચિત માન્યતા મેળવેલ ૬ જિલ્લા ના પ્રમુખ મહામંત્રી નું સન્માન કરવામાં આવ્યુ

# સાવરકુંડલાના લાભુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં ૮ વર્ષના બાળકની આંખની બિમારીનું ઓપરેશન

## પાંપણમાં રહેલા જંતુઓનું સફળતાપૂર્વક ઓપરેશન કરી બાળકને દ્રષ્ટિ આપતા નિષ્ણાંત તબીબો

**સમય મિરર | સાવરકુંડલા**

વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર સાવરકુંડલા (૧૦૦% નિઃશુલ્ક મલ્ટી-સ્પેશીયાલીટી હોસ્પિટલ) ખાતે છેલ્લા સાડા ત્રણ વર્ષથી આંખનો (ઓપ્થાલ્મોલોજી) વિભાગ સફળતા પૂર્વક કાર્યરત છે. અહી છેલ્લા બે મહિનાથી ડો મૃગાંક પટેલ ફૂલટાઈમ ઓપ્થાલ્મોલોજીસ્ટ ડોક્ટર તરીકે પોતાની સેવા આપી રહ્યા છે. ડો. મૃગાંક પટેલ કે જેઓ એક અનુભવી ઓપ્થાલ્મોલોજીસ્ટ છે અને ઘણા બધા જટિલ ઓપરેશન ખુબ જ સરળતા પૂર્વક કરી ચુક્યા છે. અહી જટિલ મોતિયો, વેલ તથા આંખમાં છારી બાજી જવાના ઓપરેશન નિયમીત કરવામાં આવે છે.

આ વિભાગમાં તાજેતરમાં જ એક રસપ્રદ કેસ આવ્યો કે જેમાં ૮ વર્ષના એક બાળકની આંખની પાંપણમાં ખુબ જ દુખતું હતું ખૂબ ખંજવાળ આવતી હતી અને આંખ લાલચોળ થયેલી હતી જેના લીધે બાળકને ખુબ જ મુશ્કેલીમાં હતું. ડો. મૃગાંક પટેલ



સાહેબ દ્વારા બાળકની આંખની જીણવટપૂર્વક તપાસ કરતા જાણવા મળ્યું કે બાળકની આંખની પાંપણમાં જંતુ છે એ પણ એક બે નહિ ઘણીબધી સંખ્યામાં. જે માટે ઓપરેશન ઈન્જેકશનથી કરવું પડે. પરંતુ સાહેબે આ ઓપરેશન ઈન્જેક્શન વિના ટીપા નાખીને અતિ-આધુનિક મશીન દ્વારા કર્યું.

આ ઓપરેશનમાં ડો. મૃગાંક પટેલ અને એમની ટીમની મહેનતથી બાળકની આંખની પાંપણમાંથી ૨૮ થી ૩૦ જેટલા જીવિત જંતુ(માથાની જું) કાઢવામાં આવ્યા (જે ફોટામાં એક સફેદ કાગળમાં દેખાઈ રહ્યા છે). આ જટિલ ઓપરેશન બાદ તુરંત જ બાળકને ખૂબ રાહતનો અનુભવ થયો અને બાળકને તરત જ રજા આપી દેવામાં આવી. અતિ જટિલ સફળ ઓપરેશનના બીજા જ દિવસે બાળકને ફરી જોવા માટે આંખની ઓપીડીમાં બતાવ્યું ત્યારે આંખ એકદમ તંદુરસ્ત હતી.આ સફળ ઓપરેશન બાદ બાળક તથા એમના માતા-પિતા અતિ મુશ્કિલ પરિસ્થિતિમાંથી રાહત મેળવી છે અને ખૂબ આનંદિત છે તેવું આરોગ્ય મંદિરના સતત કાર્યશીલ મેડિકલ સુપ્રીટેન્ડેન્ટ ડો. પ્રકાશ કટારીયા સાહેબની યાદીમાં જણાવવામાં આવ્યું. હવે વાત કરીએ આ લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરની તો અહીં ઉપલબ્ધ તમામ મેડિકલ સુવિધા તેમજ અહીં ગંભીર દર્દોથી પિડાતા દર્દીઓને ઓપરેશન તેમજ દવા સહિતની તમામ મેડિકલ સુવિધા વિનામૂલ્યે પ્રદાન કરવામાં આવે છે. આ ઉપરાંત આ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ થતાં દર્દી અને તેમના સગા માટે વિના મૂલ્યે ભોજન પણ ઉપલબ્ધ છે.

# કોડીનાર શહેર ભાજપ પ્રમુખ દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓનો સંકલ્પ

## ૪૬માં જન્મદિવસ નિમિત્તે લીધેલો નિર્ણય

**સમય મિરર | કોડીનાર**

૯ જૂન, ૨૦૨૫ ના રોજ, કોડીનાર શહેર ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ અજયભાઈ પરમારે પોતાના જીવનના ૪૫ વર્ષ પૂર્ણ કરી ૪૬માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો હતો.

અજયભાઈ પરમાર યુવાનવયથી જ જાહેર જીવનમાં સક્રિય રહ્યા છે. તેમણે અલગ અલગ ક્ષેત્રે અનેક સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા સમાજસેવામાં પોતાનું યોગદાન આપ્યું છે. છેલ્લા દસ વર્ષથી તેઓ ભારતીય જનતા પાર્ટીમાં નાના-મોટા હોદ્દાઓ પર રહીને સંગઠનને મજબૂત બનાવવાનું કાર્ય કરી રહ્યા છે. વર્તમાનમાં તેઓ કોડીનાર શહેર ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી રહ્યા છે. રાજકીય અને સામાજિક ક્ષેત્રે તેમની સક્રિયતા નોંધનીય છે. તેમણે અનેક સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા લોકોના હ્રદયમાં સ્થાન બનાવ્યું છે. અજયભાઈ



પરમારે પોતાના આગામી દિવસોમાં વધુને વધુ લોકોના કામો કરવા, રાજકીય અને સામાજિક ક્ષેત્રે સેવા આપવા તેમજ દેશ સેવાના કાર્યો થકી પોતાનું આગામી જીવન નિર્ધારિત કરવાનો સંકલ્પ કર્યો છે.

તેમના ૪૫માં જન્મદિવસે, કોડીનારના રાજકીય અને સામાજિક વર્તુળોમાં તેમને જન્મદિવસની તેમને ઠેર ઠેરથી શુભેચ્છાનો ધોધ વરસ્યો હતો, જેમાં તેમના મો.નં. +૯૧૯૨૭૫૨૧૧૧૧૧ પર લોકોએ શુભેચ્છાઓ પાઠવી હતી.


# શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં હવેથી વિદ્યાર્થીની સરનેમ પાછળ લખવા સુચના

## વિભાગ દ્વારા પરિપત્ર જાહેર કરાયો : નવા સત્રથી અમલવારીનો આદેશ

**સમય મિરર | ગાંધીનગર**

ગુજરાત બોર્ડ હેઠળની રાજ્યની તમામ સ્કૂલોમાં આજે ૯મી જૂનથી નવું શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ની શરૂ થયું છે. જ્યારે રાજ્યની તમામ સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને જૂન ૨૦૨૫થી શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (LC) આપતી વખતે હવેથી અટક પાછળ લખવા અંગે ગુજરાત શિક્ષણ વિભાગે પરિપત્ર જાહેર કર્યો છે.

શિક્ષણ વિભાગે પરિપત્ર મુજબ, રાજ્યમાં શાળા બદલતી વખતે વિદ્યાર્થીઓને સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ (LC) આવે છે. LCમાં વિદ્યાર્થીના નામ, પિતા, માતાનું નામ, અટક, જન્મ તારીખ સહિતની મહત્ત્વની માહિતી


ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા
Samagra Shiksha
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા
ક્રમાંક: SSA/MIS/2025/
પ્રતિ,
નિયામકશ્રી, શાળાઓ,
કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,
સેક્ટર-૧૯, ગાંધીનગર
વિષય: શાળા છોડ્યા બાબતના પ્રમાણપત્ર (School Leaving Certificate) માં વિદ્યાર્થીના નામ લખવાની પ્રથા નિર્ધારિત કરવા બાબત.
સંદર્ભ: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨-- શાળા છોડ્યા બાબતના પ્રમાણપત્ર (School Leaving Certificate)નો નમૂનો
... APAAR ID ...
બાળકનું આખું નામ લખવામાં નામના અંતે અટકનો ઉલ્લેખ કરવામાં આવે તે અંગે તથા APAAR ID, Aadhaar Card અને LC તમામ ડોક્યુમેન્ટમાં નામની એકરૂપતા જળવાઈ રહે ...
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા, ગાંધીનગર
સવિનય નકલ રવાના જાણ સારૂ:-

નોંધવામાં આવી છે. જ્યારે હાલ APAAR ID અને તેના અંતર્ગત આધારકાર્ડ સાથે બાળકોના નામ મેપિંગ કરવાની કામગીરી ચાલી રહી છે, ત્યારે જૂન ૨૦૨૫થી LCમાં વિદ્યાર્થીઓનું આખું નામ લખવામાં નામના અંતે અટકનો ઉલ્લેખ કરવાને લઈને શિક્ષણ વિભાગે સૂચન કર્યું છે.

ઘણી વખત વિદ્યાર્થીઓના અલગ-અલગ જરૂરી ડોક્યુમેન્ટમાં નામ અને અટકને લઈને મુશ્કેલી ઊભી થતી હોય છે. તેને ધ્યાનમાં રાખીને APAAR ID, આધારકાર્ડ અને LCમાં નામમાં એકરૂપતા રહે તે માટે શિક્ષણ વિભાગે રાજ્યની શાળાઓને સૂચના આપી છે

# રાજકોટ જિલ્લાના ઓસમ ખાતે બિનનિવાસી પર્વતારોહણ તાલીમ શિબિર યોજાશે



**સમય મિરર | રાજકોટ**

યુવાનોમાં સાહસિકતાના ગુણ વિકસે અને બાળકોમાં રહેલ સુષુપ્ત શક્તિઓનો વિકાસ થાય તે હેતુથી ગુજરાત સરકારશ્રીના, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, રાજકોટના સંયુક્ત ઉપક્રમે ધોરાજી તાલુકાના ઓસમ (પાટણવાવ)ખાતે ૮ થી ૩૫ વર્ષના યુવક-યુવતીઓ માટે એક દિવસીય બિનનિવાસી પર્વતારોહણ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. તાલીમ શિબિરમાં ભાગ લેવા ઇચ્છુક રાજકોટ જિલ્લાના તાલીમાર્થીઓએ તા.૨૦/૦૬/૨૦૨૫ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધીમાં નિયત નમુનામાં સંપૂર્ણ વિગતો ભરીને અરજી ફોર્મ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી,૫/૫, બહુમાળી ભવન, રાજકોટ ખાતે મોકલી આપવાની રહેશે તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી હિતેષ દિહોરાની યાદીમાં જણાવાયું છે.

# ભોયકાના ભીમ યુવા ગ્રુપ વણકર વિકાસ ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક કીટ વિતરણ






ભીમ યુવા ગ્રુપ વણકર વિકાસ ટ્રસ્ટ ભોયકા દ્વારા તારીખ ૯-૬-૨૦૨૫ ને રવિવારના રોજ ધોરણ ૧ થી ૧૨ ના તેજસ્વી વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.તેમજ શિક્ષણનું મહત્વ સમજાવવામાં આવ્યું.આ કાર્યક્રમમાં જી. કે.ચાવડા, પી. એસ. આઈ. બગોદરા, યાદવ તેમજ ડો.હિરલબેને ખાસ હાજરી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દીપકભાઈ ચાવડા તથા ગણેશભાઈ કુંજેરા દ્વારા કરવામાં આવ્યું હતું.

# ડો. શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરી : રાજકોટ માટે નવલું નજરાણું : જાણીએ.. વરિષ્ઠ કલાકારોના પ્રતિભાવો

**સમય મિરર | રાજકોટ**

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે રાજકોટમાં રૂ. ૫.૯૦ કરોડના ખર્ચે નવનિર્મિત ડો. શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરીનું લોકાર્પણ કરાયું હતું. ત્યારે રાજકોટ માટે નવલા નજરાણા સમાન રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત ડો. શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરી અંગે વરિષ્ઠ કલાકારોના પ્રતિભાવો જાણીએ.



રાજકોટમાં આર્ટ ગેલેરીનું નવીનીકરણ થવું, એ એક સુખદ ઘટના છે : કિશોરભાઈ ત્રિવેદી

સ્થાપત્યકાર કિશોરભાઈ ત્રિવેદી જણાવે છે કે, રાજકોટ ફક્ત ઔદ્યોગિક કે વ્યાપારિક શહેર નથી, પરંતુ સાંસ્કૃતિક નગરી પણ છે. દરેક પ્રકારના આર્ટ અને કલ્ચરમાં આ શહેરના લોકો રસ ધરાવે છે. આશરે વર્ષ ૧૯૯૦માં તત્કાલીન કમિશ્નરને રેસકોર્ષનું ડેવલપમેન્ટ કરવાની ઈચ્છા હતી. ત્યારે મેં આર્ટ ગેલેરી બનાવવાનો વિચાર આપ્યો. જેને પરિણામે અહીં આર્ટ ગેલેરીનું નિર્માણ થયું. ત્યારબાદ કલાકારોની અપેક્ષાને ધ્યાને રાખીને હવે અદ્યતન સુવિધાસભર વિશાળ આર્ટ ગેલેરી બની છે. જેથી, સોલો એક્ઝિબિશન, ગ્રુપ શો, વર્કશોપ કે સેમિનાર થઈ શકશે. આમ, રાજકોટમાં આર્ટ ગેલેરીનું નવીનીકરણ થવું, એ એક સુખદ ઘટના છે.

સૌરાષ્ટ્રના છેવાડાના કલાકારની બેનમૂન કલાને ઉજાગર કરી શકે એવી ગેલેરીનું નિર્માણ થવું, તે ગૌરવની વાત છે : ઉમેશભાઈ ક્યાડા રાજકોટ આર્ટ સોસાયટીના પ્રમુખશ્રી ઉમેશભાઈ ક્યાડા કહે છે કે, રાજકોટને આધુનિક આર્ટ ગેલેરીની ભેટ મળી છે, જેના માટે માત્ર રાજકોટ નહીં પણ સૌરાષ્ટ્ર અને ગુજરાતના કલાકારોમાં આનંદની લાગણી પ્રવર્તી છે. સૌરાષ્ટ્રના છેવાડાના કલાકારની બેનમૂન કલાને ઉજાગર કરી શકે એવી ગેલેરીનું નિર્માણ થવું, તે ગૌરવની વાત છે. કલાકારો પણ પ્રદર્શન કરવા માટે આતુર છે. ત્યારે નવી આર્ટ ગેલેરીમાં સહયોગ આપવા બદલ એન્જીનીયરો અને અધિકારીઓનો આભાર.

આ આર્ટ ગેલેરીના કારણે શહેરને 'કલાપ્રેમી રાજકોટની ઓળખ' મળશે : મિતાબેન ભટ્ટ ફાઈન આર્ટ અને ઈન્ટીરીયર ડીઝાઇન એક્સપર્ટ મિતાબેન ભટ્ટે જણાવ્યું કે, કલાપ્રેમીઓ માટે કલા એ મનની જરૂરિયાત છે. વિવિધ જનસુખાકારીના પ્રકલ્પોની સાથે આ આર્ટ ગેલેરી થકી સૌરાષ્ટ્રના કલાકારોને પોતાની કળા પ્રદર્શિત કરવાનું અને રાજકોટના લોકોને કળાને જાણવા તથા માણવાનું ઉત્તમ મધ્યમ મળી રહેશે. તેમજ રાજકોટના સાંસ્કૃતિક વિકાસમાં મદદ મળશે. આ આર્ટ ગેલેરીના કારણે શહેરને 'કલાપ્રેમી રાજકોટની ઓળખ' પણ મળશે.

રાજકોટ કોર્પોરેશન અને રાજ્ય સરકારના સક્રિય સહકારથી શ્રેષ્ઠ ગેલેરીનું નિર્માણ થયું છે : વિરેશભાઈ દેસાઈ ફાઈન આર્ટમાં ગોલ્ડ મેડાલિસ્ટશ્રી વિરેશભાઈ દેસાઈએ કહ્યું હતું કે, આર્ટ ગેલેરી નવી બનાવવાની કલાકારોની માંગણી પૂર્ણ થઇ છે. આ આર્ટ ગેલેરી સૌરાષ્ટ્રનું સૌથી મોટું આર્ટ સેન્ટર છે. રાજકોટ કોર્પોરેશન અને રાજ્ય સરકારના સક્રિય સહકારથી શ્રેષ્ઠ ગેલેરીનું નિર્માણ થયું છે, જેના માટે આભારી છું.

# ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓની ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજવાની જાહેરાત

**સમય મિરર | રાજકોટ**

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગે તા. ૨૨ જૂન-૨૦૨૫ રવિવારના રોજ રાજ્યના તમામ જિલ્લાઓની અંદાજે ૮,૩૨૬ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજવાની જાહેરાત કરી છે. રાજ્યમાં યોજાનાર આ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં મતદારો-કર્મચારીઓ મતાધિકારનો પૂરતો ઉપયોગ કરી શકે તે માટે કચેરીમાં યોગ્ય સુવિધા-સમયમાં છુટછાટ ઉપલબ્ધ કરાવવાની રહેશે તેમ, સામાન્ય વહીવટી વિભાગની યાદીમાં જણાવાયું છે.



કર્મચારીઓ અને તાલીમ વિભાગના પર્સનલ, પીએજી અને પેન્શન મંત્રાલયના તા. ૧૦ ઓક્ટોબર-૨૦૦૧ની માર્ગદર્શિકા મુજબ વિવિધ સંસ્થાઓમાં કાર્યરત કેન્દ્ર સરકારના કર્મચારીઓ જેમ કે બેંકો, એલઆઇસી વગેરેના કર્મચારીઓ જો તેઓ વાસ્તવિક મતદારો હોય અને પોતાનો મતાધિકારનો ઉપયોગ કરવા ઇચ્છતા હોય તો તેમનો મતાધિકાર સુનિશ્ચિત થાય તે માટે સેવા સંબંધિત જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તેમને મતદાન માટે યોગ્ય છૂટછાટ આપવાની રહેશે. જેમ કે મતદાન કરવા માટે ઓફિસમાં મોડા આવવાની છૂટ, ઓફિસથી વહેલા નીકળવાની છૂટ અથવા થોડા સમય મતદાન માટે ગેરહાજર રહેવાની છૂટ આપવી જોઈએ તેમ, યાદીમાં જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે, રવિવારના દિવસે સામાન્ય રીતે રાજ્ય સરકારના મોટાભાગની કચેરીઓ બંધ રહે છે, પરંતુ કેટલાક વિભાગો જેમ કે ગ્રામીણ બેંકો, રાષ્ટ્રીયકૃત અને ખાનગી બેંકો, સહકારી બેન્કો બેંકો, રેલવે, ટેલિફોન, પોસ્ટ કચેરીઓ, દુકાનો, વેપારિક સંસ્થાઓ, હોટલો, ઔદ્યોગિક એકમો, ફેક્ટરીઓ, હોસ્પિટલો, પોલીસ સ્ટેશનો, ફાયર બ્રિગેડ તથા અન્ય આવશ્યક સેવાઓ આપતી સંસ્થાઓ રવિવારના રોજ પણ કાર્યરત રહેતી હોય છે. આ સંસ્થાના કર્મચારીઓને મતદાન કરવા માટે યોગ્ય વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવાની રહેશે.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ફરી વિવાદમાં

# M.comમાં એડમિશન લેતાં BBAના વિદ્યાર્થીઓનો એકેડેમિક રેકોર્ડ નહીં ગણાય



**સમય મિરર | રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ફરી એક વખત વિવાદમાં આવી છે અહીં BBAમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ખઈધખમાં એડમિશન માટે ૩ શરતો મુકવામાં આવી છે જેમાં આવા વિદ્યાર્થીઓનો ગુડ એકેડેમિક રેકોર્ડ ગણાશે નહીં, ભવિષ્યમાં જ્યાં ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશન સળંગ ગણવાનું રહેતું હશે ત્યાં તેમનો નોકરી માટેનો હક્ક રહેશે નહીં તથા વિદ્યાર્થીઓ B.Ed. પાસ કરી વિદ્યાસહાયકની TET-TAT પરીક્ષામાં લાયક ગણી શકશે નહીં. જોકે આ પરિપત્રને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા અને યુનિવર્સિટીના શિક્ષણ વિદ્યાશાખાના ડીન ડો. બારોટે વિદ્યાર્થીઓ માટે નુકસાનકર્તા ગણાવ્યો છે. જેથી કુલપતિ દ્વારા આ પરિપત્ર પરત ખેંચવામાં આવે તેવી માગ કરતી લેખિત રજૂઆત કરી છે.

## સ્વચ્છ સવારી.....એસ. ટી. અમારી

# એસ.ટી. બસોની સફાઈ માટે રાજ્યના ૩૩ ડેપો ખાતે ઓટોમેટિક વ્હીકલ વોશિંગ મશીન ઈન્સ્ટોલ કરાયા

## માત્ર ૫ મિનીટથી પણ ઓછા સમયમાં મીની બસ, સ્લીપર, એક્સપ્રેસ,વોલ્વો સહિતની બસોની થાય છે સફાઈ

**સમય મિરર | અમદાવાદ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરુ થયેલા સ્વચ્છ ભારત અભિયાનના પરિણામે આજે દેશના નાગરીકો સ્વચ્છતા પ્રત્યે વધુ જાગૃત બન્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશ હેઠળ રાજ્યના જાહેર સ્થળોને પણ સ્વચ્છ રાખવા માટેના અનેકવિધ નવતર પ્રયાસો થઇ રહ્યા છે. તેવો જ એક અનોખો નવતર પ્રયાસ વાહન વ્યવહાર રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્ય વાહન વ્યાવહાર નિગમ દ્વારા હાથ ધરવામાં આવ્યો છે. એસ. ટી. નિગમ રાજ્યના નાગરિકોને માત્ર સલામત સવારી જ નહિ, પરંતુ સ્વચ્છ સવારી પણ પૂરી પાડી રહ્યું છે.




બસ હોય કે રેલવે, નાગરીકોને હરહંમેશ યાતાયાત દરમિયાન સ્વચ્છતા અતિપ્રિય હોય છે. આજે એસ. ટી. નિગમ દ્વારા ડેપો ઉપરાંત બસની સ્વચ્છતાને પણ એટલું જ પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. સ્વચ્છતા કર્મીઓ ડેપો અને બસ સ્ટેશનને સ્વચ્છ રાખી રહ્યા છે. તેવી જ રીતે, બસોને અંદર-બહારથી સ્વચ્છ રાખવા માટે એસ.ટી. નિગમ દ્વારા રાજ્યના ૩૩ ડેપોમાં 'ઓટોમેટીક વ્હીકલ વોશિંગ મશીન' કાર્યરત કરવામાં આવ્યા છે. આ મશીનના માધ્યમથી સ્લીપર, એક્સપ્રેસ, વોલ્વો તેમજ મીની બસ સહિતની તમામ બસોની સફાઈ કરવામાં આવી રહી છે. દિવસ-રાત દોડતી એસ.ટી. બસની સ્વચ્છતાને ધ્યાને લઈને નિગમ દ્વારા ગાંધીનગર, અમદાવાદ, સાણંદ, આણંદ, કપડવંજ, નડિયાદ, બોરસદ, ડાકોર, ખંભાત, રાજકોટ, ગોંડલ, વાંકાનેર, મોરબી, થરાદ, ડીસા, સિદ્ધપુર, રાધનપુર, દિયોદર, મહેસાણા, પાટણ, કડી, ઊંઝા, વડનગર, કલોલ, દ્વારકા, ભુજ, માંડવી, અંજાર, નખત્રાણા, ભાવનગર, પાલીતાણા, મહુવા અને બોટાદ મળીને કુલ ૩૩ ડેપોમાં 'ઓટોમેટીક વ્હીકલ વોશિંગ મશીન' કાર્યરત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત નવા ૦૭ મશીન ખંભાળિયા, વલસાડ, હિંમતનગર, ગોધરા, વડોદરા (પાણીગેટ), દાહોદ અને ઉધના ડેપો ખાતે ટૂંક સમયમાં જ કાર્યરત કરવામાં આવશે. આગામી સમયમાં અમરેલી, બગસરા, કોડીનાર, સાવરકુંડલા, ઉના, ડભોઈ, છોટાઉદેપુર, પાદરા, બોડેલી, અંકલેશ્વર, ભરૂચ, જંબુસર, રાજપીપળા, બારીયા, હાલોલ, લુણાવાડા, સંતરામપુર, ઝાલોદ, બાયડ, ભિલોડા, ઇડર, ખેડબ્રહ્મા, માણસા, મોડાસા, જેતપુર, જૂનાગઢ, કેશોદ, માંગરોળ, પોરબંદર, વેરાવળ, વિજાપુર, બાલાસિનોર, બારડોલી, માંડવી (સુરત), સોનગઢ, સુરત (સીટી), બીલીમોરા, ધરમપુર, નવસરી અને વાપી મળીને કુલ ૪૦ ડેપો ખાતે પણ ઓટોમેટીક વ્હીકલ વોશિંગ મશીન કાર્યરત કરવાનું નિગમનું આયોજન છે. અત્રે ઉલેખ્ખનીય છે કે, ગુજરાત એસ.ટી નિગમે હરહંમેશ નાગરિકોની મુસાફરી તેમજ સ્વચ્છતાને પ્રાથમિકતા આપી છે. જેના ભાગરૂપે નિગમે રૂ. ૧૪ લાખથી વધુની કિંમત ધરાવતા ૮૦ 'ઓટોમેટીક વ્હીકલ વોશિંગ મશીન' રૂ. ૧૧.૮૦ કરોડના ખર્ચે ખરીદી કરી ડેપોમાં ઈન્સ્ટોલ કરવામાં આવી રહ્યા છે. 'ઓટોમેટીક વ્હીકલ વોશિંગ મશીન' દ્વારા બસના આગળનો ભાગ, બંને સાઈડ તેમજ પાછળના ભાગમાં ફક્ત ૫ થી ૭ મિનીટમાં સફાઈ થઈ જાય છે અને મુસાફરોને સ્વચ્છ મુસાફરીનો લાભ મળે છે.

# ગોંડલ ચોકડી પાસે ટ્રેન અડફેટે મૃત્યુ પામેલા અજાણ્યા વ્યક્તિની માહિતી આપવા અંગે

**સમય મિરર | રાજકોટ**

રાજકોટના ગોંડલ ચોકડી પુલ નીચે રેલવે ટ્રેક પર ગત ૩૧મી મેના રોજ રાતે નવ કલાક આસપાસ આશરે ૫૦ વર્ષનો અજાણ્યો પુરુષ ટ્રેન અડફેટે આવી જતાં મૃત્યુ પામ્યો છે. ભિક્ષુક જેવા જણાતા આ પુરુષ અંગે આજી ડેમ પોલીસ સ્ટેશનમાં અકસ્માતે મોત નોંધાયું છે. તેમના અંગે જો કોઈ માહિતી કે વાલીવારસ મળી આવે તો આજી ડેમ પોલીસ સ્ટેશનના ફોન નંબર ૭૪૩૩૮ ૧૪૮૦૮, ૯૮૨૪૨ ૫૩૮૮૦ અથવા પી.એસ. આઈ. શ્રી પી.કે. ગામેતીના મોબાઈલ નંબર ૭૬૯૮૧ ૪૯૫૯૫ પર જાણ કરવા યાદીમાં જણાવાયું છે.

# અપહ્રત સગીરાની ભાળ આપવા અનુરોધ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટના રામ રણુજા-૧ પાસે માતૃશ્રી સ્કૂલ સામેની શેરીમાં રહેતી મુળ બગસરા તાલુકાની સગીરાનું તા.૨૪/૦૫/૨૦૨૫ના રોજ બપોરે ૧ વાગ્યાના સમયમાં કોઠારીયા સ્થિત રમકડાના કારખાનેથી અજાણ્યા ઈસમ દ્વારા લલચાવી કે ફોસલાવી અપહરણ કરવામાં આવેલ છે. સગીરાની ભાળ મળી આવે તો આજીડેમ પોલીસ સ્ટેશનને જાણ કરવા યાદી દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

# ગુમશુદા વૃદ્ધાની જાણકારી આપવા અંગે

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ તાલુકાના વાવડી ગામમાં આંગન રેસીડન્સી ખાતે રહેતા લાભુબેન મોહનભાઈ રૈયાણી (ઉ.વ. ૮૦) ગત તા. ૦૫ જૂનના રોજ ઘરેથી એકલા નીકળી ગયા હતાં. તેઓ પાતળો બાંધો અને ઘઉં વર્ણ ધરાવે છે. તેણે ચશ્મા અને લીલા રંગની સાડી પહેરી છે. તેના બંને હાથ પર છુંદણાના નિશાન છે. ગુમશુદા વૃદ્ધા વિશે જાણકારી મળે તો રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના ફોન નં. ૦૨૮૧-૨૫૬૩૩૪૦ અથવા મો.નં. ૬૩૫૯૬ ૨૭૪૧૫ અથવા ૯૭૧૨૫ ૨૨૩૫૫ પર જાણ કરવા યાદીમાં જણાવાયું છે.


# જાણીતા એડવોકેટ ઝાકીર આઈ. આગરીયાનો આજે જન્મદિવસ

સૌરાષ્ટ્રના જાણીતા એડવોકેટ ઝાકીર આઈ. આગરીયા નો આજરોજ તારીખ ૧૦/૦૬/૨૦૨૫ ના રોજ જન્મદિવસ છે. તેઓ લોકોના પ્રશ્નોને વાચા આપી પ્રશ્નોનો ઊકેલ લાવી લોકોમાં સારી એવી છાપ ઉભી કરેલ છે. રાજકોટ તેમજ સૌરાષ્ટ્રની અલગ અલગ અદાલતોમાં કાયદાની પ્રેક્ટિસ કરી અને લોક સેવા આપે છે. સોશિયલ મીડિયાના માધ્યમથી લોકોને કાયદા બાબત નું જરૂરી જ્ઞાન પુરૂ પાડે છે. જરૂરિયાતમંદ લોકોને વિના મુલ્યે જરૂરી કાનૂની સલાહ પુરી પાડે છે. નાના માણસને પણ તેમની પાસે યોગ્ય જવાબ મળે. નીડર, શાંત અને સરળ સ્વભાવથી લોકોના મન



જીતી લીધા છે. વિવિધ સામાજિક સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા છે. પોતાનુ મોટું મિત્ર વર્તુળ ધરાવે છે. મિત્રો માટે હંમેશા ખડે પગે રહેનાર તેમના સુખ દુઃખ ને પોતાના સમજી હર હંમેશ સાથે ઊભા હોય છે. સોશિયલ મિડિયા દ્વારા સગા, સંબંધી, મિત્રો અને વિવિધ સમાજ ના આગેવાનો અને લોકો તરફ થી શુભેરછા મળી રહી છે. તેમજ તેઓના મોબાઈલ નં. ૭૦૯૬૬ ૪૪૦૪૪ / ૮૮૬૬૧૫૬૦૫૭ માં શુભેરછા મળી રહી છે.


# પાણી પુરવઠા યોજના અન્વયે રૂ. ૫.૯૩ લાખના વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ જિલ્લામાં સરકારના ઓગ્મેન્ટેશન ઈન જનરલ રૂરલ એરીયા કાર્યક્રમના અમલીકરણ માટે જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ કાર્યરત છે. જેની બેઠકમાં કલેક્ટરશ્રી પ્રભવ જોષીના અધ્યક્ષસ્થાને ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અન્વયે કુલ રૂ. ૪૪,૨૪,૪૨૧ના વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ છે. જે પૈકી ઉપલેટા તાલુકાના મેખાટીંબી ગામમાં રૂ. ૭૩,૦૦૦ના ખર્ચે હયાત બોર પર અને કોટડાસાંગાણી તાલુકાના રાજપરા ગામમાં રૂ. ૫૪,૦૪૧ના ખર્ચે હયાત કુવા પર પમ્પીંગ મશીનરી તેમજ લોધીકા તાલુકાના રાતૈયા ગામમાં રૂ. ૪,૬૬,૬૯૩ના ખર્ચે નવા બોર તથા પમ્પિંગ મશીનરીની કામગીરી થશે. આમ, ઉપલેટા, કોટડાસાંગાણી અને લોધીકા તાલુકામાં ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અન્વયે રૂ. ૫,૯૩,૭૩૪ના વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ છે, તેમ જિલ્લા જળ અને સ્વચ્છતા એકમની યાદીમાં જણાવાયું છે.

# મોંઘીબા ગર્લ્સ હાઈસ્કૂલ-ગોંડલમાં વર્ગખંડોમાં મરામતનાં કામો માટે ટેન્ડર નોટિસ જારી

**સમય મિરર | રાજકોટ**

ગુજરાત સરકાર સંચાલિત મોંઘીબા ગર્લ્સ હાઈસ્કૂલ-ગોંડલમાં વર્ગખંડો અને અન્ય રૂમોની બારીઓમાં હેન્ડલ, સ્ટોપર, કાચ તૂટી ગયા છે. આશરે ૧૨૫ જેવા કામોમાં ચાર એમ.એમ.ના કાચ, સ્ક્રૂ ફિટિંગ, લાપી ભરવા, સ્ટોપર સહિતના ગુણવત્તાસભર કામો વ્યાજબી ઉઘડા ભાવે કરવા ટેક્સ સાથે ટેન્ડર હાઈસ્કૂલના આચાર્યશ્રી દ્વારા મગાવવામાં આવ્યા છે.



ટેન્ડર નોટિસ પ્રસિદ્ધ થયેથી સાત દિવસમાં ટેન્ડર બંધ કવરમાં કચેરી સમય દરમિયાન રજાના દિવસો સિવાય પહોંચતા કરવાના રહેશે. કવર પર કામનું નામ સ્પષ્ટ લખવું. છેકછાક, ઘુંટેલા અક્ષરવાળા તથા શરતી ભાવો રદ ગણાશે. કોઈ પણ કારણ દર્શાવ્યા સિવાય ટેન્ડર મંજૂર કે નામંજૂર કરવાનો અબાધિત અધિકાર શાળાને રહેશે તેમ આચાર્યશ્રીની યાદીમાં જણાવાયું છે.

# અજાણી લાશના વાલી-વારસને પોલીસ સ્ટેશને સંપર્ક કરવા સૂચના



**સમય મિરર | રાજકોટ**

રાજકોટ જિલ્લાના બેડી ચોકડી પાસે, અમદાવાદ બાયપાસ રોડના રેલવે બ્રિજ નીચે રેલ્વે ટ્રેક પર તા.૦૭ જૂન ૨૦૨૫ના રોજ રાત્રીના ૦૩:૨૫ કલાક પહેલા આશરે ૫૫ વર્ષીય અજાણ્યા પુરુષની લાશ મળી હતી. મૃતક શરીરે મધ્યમ બાંધાના આશરે ૫.૫ ફૂટ ઊંચાઈ ધરાવતા હતા. તેમણે શરીરે સફેદ કલરનું ગંજી તથા કાળા કલરનું પેન્ટ પહેરેલ અને સફેદ દાઢી છે. મૃતકના વાલી-વારસને સીટી બી. ડિવિઝન પોલીસ સ્ટેશન ફોન નં ૬૩૫૯૬ ૨૯૮૬૭, મો. નં. ૭૩૮૩૧૧૮૮૭૬નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# રાજકોટમાં આશાવર્કર સાથે રસોડાનો સામાન લેવા મુદ્દે પાડોશી શખ્સનો ઘરમાં ઘુસી બ્લેડથી હુમલો

## મધરાત્રે બખેડો કરનાર શખ્સે પોલીસથી બચવા પોતાના શરીરે પણ બ્લેડથી છરકા કર્યાની ફરિયાદ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં રૈયાધારે આશાવર્કર સાથે રસોડાનો સામાન લેવા લેવા મામલે પાડોશી શખ્સે માથાકૂટ કરી અને મોડી રાત્રે પરિણીતાના ઘરમાં પ્રવેશ કરી તેણીને શરીરે બ્લેડ વડે છરકા કરી પોલીસની ધરપકડથી બચવા માટે પોતાની જાતે એરોપીએ શરીરે બ્લેડ વડે છરકા કરી પોતાને ઈજા પહોંચાડી હતી. આ મામલે હવે પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.



આ ઘટના મામલે મહિલાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું રૈયાધાર અર્બન હેલ્થ કેરમાં આશાવર્કર તરીકે છેલ્લા ચાર માસ થી ફરજ બજાવું છું.ત્રણ દિવસ પહેલા પાડોશમાં રહેતા રમેશભાઈ દેવજીભાઈ રાઠોડ પોતાના રસોડાના ડ્રોવરના ફર્નિચરનો સામાન શેરીની બહાર ભાંગતુટ અર્થે લાવ્યા હોય જેથી મેં આ રમેશભાઈને ભાંગતોડ કરોમાં મારા સાસુ જસુબેનને તમો પૂછી લેજો જો આ સામાન લેવો હશે. તો મારી સાસુ લેશે અને આ રમેશભાઈએ બસો રૂપિયામાં વેચવા અમોને તૈયારી દર્શાવી સામાન અમારા સામેના મકાનમાં મૂકી દીધો હતો.

જે બાદ મારા સાસુ જસુબેનને સામાન બાબતે વાત કરતા તેઓએ સમાન લેવાનીના પાડી હતી. જે બાદ મારી સાસુ જસુબેન કે જેઓ ૫૦૧-બી રૈયાધા ર બાર માળીયા ટાઉનશીપ રામાપીર ચોકડી ખાતે રહે છે ત્યાં ગયા હતા. જ્યાંથી પરત મારા નિવાસ સ્થાને જતા આ રમેશનો મારા મોબાઈલમાં ફોન આવેલ અને સામાન વિશે પૂછતા અમારે લેવો નથી તેમ જણાવેલ જે બાદ તેને ફોન કાપી નાખેલ હતો. જે બાદ થોડીવાર બાદ આ રમેશભાઈ મને ફોન ઉપર ફોન કરતો હોય અને હું થાકી ગયેલ હોય આ રમેશ મારા ઘરની અંદર ગેરકાયદેસર મોડી રાત્રીના એકાદ વાગ્યાની આસપાસ આવી મારો દરવાજો ખુલ્લો હોય હું નિંદરમાં હોય તે દરમિયાન પોતાના હાથમાં રહેલ બ્લેડ વડે મારા હોઠના તેમજ દાઢીના તેમજ મોઢાના ભાગે છરકા મારવા લાગતા હું ઉઠી જતા મને ગાળો દેતા દેતા ઢીકાપાટુનો મારમાર્યો હતો. બાદમાં પરિણીતા બંને દીકરીઓ રાડો પાડી ઘરની બહાર દરવાજો ખોલી આ રમેશભાઈ ને ધક્કો મારી ભાગી ગયેલ અને શેરીમાં દેકારો થતા માણસો ભેગા થતા આ રમેશે પોતાની જાતે બ્લેડ વડે પોતાના શરીરે ડાબા હાથે તેમ જ ગળાના ભાગે ચેકા મારી પોતે જ ગંભીર ઈજાગ્રસ્ત થયો હતો.રમેશ પોતાની પત્ની ગુજરી જતા જનુની સ્વભાવનો થઈ ગયો છે.આ અંગે યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

# રાજકોટમાં ૧.૫૩ લાખનો વિદેશી દારૂ ભરેલી કાર સાથે બુટલેગર ઝડપાયો

## દારૂ સપ્લાય કરનાર સુરેન્દ્રનગરના શખ્સની શોધખોળ

**સમય મિરર | રાજકોટ**

શહેરના યુનિવર્સિટી રોડ પર રોયલ પાર્કમાંથી ક્રાઈમ બ્રાંચની ટીમે રૂા.૧.૫૩ લાખની કિંમતની વિદેશી દારૂ ભરેલી અર્ટીકા કાર સાથે બુટલેગરની ધરપકડ કરી હતી. પુછપરછમાં સપ્લાયર તરીકે સુરેન્દ્રનગરનાં રબારી શખ્સનું નામ ખુલ્યું છે. જેની ધરપકડ માટે તજવીજ હાથ ધરાઈ છે.



મળતી વિગતો મુજબ, શહેરના યુનિવર્સિટી રોડ પર રોયલ પાર્ક શેરી નં.૮માં દારૂ ભરેલી કાર આવવાની હોવાની બાતમીના આધારે છે, બ્રાંચના સ્ટાફે વોચ ગોઠવી હતી. તે દરમિયાન જીજે. ૩ એમ. આર. ૬૦૬૭ નંબરની અર્ટીકા કાર ત્યાંથી પસાર થતાં તેને અટકાવતાં કારમાંથી અલગ અલગ બ્રાંડની વિદેશી દારૂની ૨૨૦ બોટલ દારૂ મળી આવ્યો હતો. પોલીસે રૂા.૧.૫૩ લાખની કિંમતનો દારૂ અને અર્ટીક સહિત રૂ.૯૫૪ લાખનો મુદ્દામાલ કબજે કરી અર્ટીકાના ચાલક ગુરૂજીનગર આવાસ યોજના કવાર્ટર નં.૩૬માં રહેતાં સુનિલ ઉર્ફે ભોલો સંતોષ દુબેની ધરપકડ કરી હતી જેની પુછપરછમાં આ દારૂનો જથ્થો સુરેન્દ્રનગરનાં જગદીશ રબારીએ ભરી આપ્યો હોવાનું તેણે કબુલ્યું હતું.પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, ડીસીપી ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહિલ અને એસીપી બી.બી. બસીયાની સુચનાથી પીઆઈએમ. આર. ગોંડલીયાની ટીમના ચેતનસિંહ ગોહિલ, દિપકભાઈ ડાંગર, કનકસિંહ સોલંકી, ઉમેશભાઈ ચાવડા, ગીરીરાજસિંહ જાડેજા અને સુભાષભાઈ ઘોઘારીએ કામગીરી કરી હતી.

# હરભમજીરાજ ગરાસિયા છાત્રાલય દ્વારા SP પ્રદિપસિંહજી જાડેજાનો ૧૧ મીએ સન્માન સમારોહ

## સુકી સાજડીયાળી ગામના વતની પ્રદિપસિંહ જાડેજાને બઢતી મળતાં ઠેરઠેરથી શુભેચ્છા

**સમય મિરર | રાજકોટ**

શ્રી હરભમજીરાજ ગરાસીયા છાત્રાલય દ્વારા તાજેતરમાં એસ.પી. તરીકે બઢતી પામેલા પ્રદિપસિંહ ઘનશ્યામસિંહ જાડેજાનો તા. ૧૧ ને, બુધવારે સાંજે ૬ વાગ્યે રજપુત સ્થિત શ્રી હરભમજીરાજ ગરાસીયા છાત્રાલય ખાતે સન્માન સમારંભનો કાર્યક્રમ યોજાશે જેમાં સમાજના અગ્રણીઓને ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



વધુ વિગત મુજબ રાજકોટ તાલુકાના સુકી સાજડીયાળી ગામના વતની અને હાલ અમદાવાદ જે ડિવિઝનમાં એસીપી ફરજ બજાવતા પ્રદિપસિંહ ઘનશ્યામસિંહ જાડેજાને એસપી તરીકે પ્રમોશન મળતા શ્રી હરભમજીરાજ ગરાસીયા છાત્રાલય અને તેની સંલગ્ન સંસ્થાઓ દ્વારા સન્માન સમારંભ તા. ૧૧ ને, બુધવાર સાંજે ૦૬-૦૦ વાગ્યે શ્રી હરભમજીરાજ ગરાસીયા છાત્રાલય, ૫-રજપુતપરા ખાતે રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમના પ્રમુખ સ્થાને માંધાતાસિંહજી જાડેજા ઠાકોર સાહેબ ઓફ રાજકોટ રહેશે. રાષ્ટ્રપતિ ચંદ્રક વિજેતા પ્રદિપસિંહજી જાડેજાએ પોતાની કારકિર્દીનો પ્રારંભ પીએસઆઈ તરીકે કરેલો તેમજ ગુજરાતના વિવિધ શહેરોમાં ફરજ બજાવી છે. એમા ખાસ કરીને લીંબડી, ભાવનગર, જુનાગઢ સહિત સ્થળોએ ફરજ દરમિયાન પોતાનું ઉત્તરદાયિત્વ નિભાવી સામાજિક સેવાઓને લોકો આજે પણ યાદ કરે છે, સરળ, વિનમ્ર અને બહોળુ મિત્રવર્તુળ ધરાવતા પ્રદિપસિંહજી જાડેજાએ સમાજનું નામ રોશન કરી ખુબ સારી લોકચાહના પ્રાપ્ત કરી છે, આ સન્માન સમારંભમાં પધારવા હાદિક આમંત્રણ પાઠવવામા આવે છે.

આરોપી અગાઉ 24 ગુનામાં સંડોવાયો'તો; બે બાઈક ચોરીના ભેદ પણ ખુલ્યા

# રાજકોટમાં દુકાનમાંથી સવા લાખની ચોરી કરનાર રીઢો તસ્કર ઝડપાયો

**સમય મિરર | રાજકોટ**

રૈયા રોડ પુર બ્રહ્મસમાજ ચોક પાસે આવેલી નચિકેતા ઈલેક્ટ્રિક નામની દુકાન ધરાવતા વિપુલભાઈ નિરંજની (રહે. સોમનાથ સોસાયટી-૩, મેઈન રોડ, રૈયા ટેલિફોન એક્સચેન્જ પાસેની દુકાનમાંથી રૂા. ૧.૨૫ લાખની રોકડ સાથેના થેલાની ઉઠાંતરી કરનાર રીઢા તસ્કરને ગાંધીગ્રામ પોલીસે પકડી લઈ રૂ. ૧.૭૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.ધરપકડ કરાયેલામાં હનિફશા ઈબ્રાહીમશા શાહમદાર (રહે. ચુનારાવાડ ચોક પાસે, ફૂટપાથ ઉપર, ભાવનગર રોડ)નો સમાવેશ થાય છે. બ્રહ્મસમાજ ચોક પાસે ઈલેક્ટ્રિકની દુકાન ધરાવતા વિપુલભાઈએ બે દિવસ પહેલા રાત્રે વેપારના રૂ. ૧.૨૫ લાખ થેલામાં રાખી થેલો ટેબલ નીચે રાખ્યો હતો. જેમાં રોકડ ઉપરાંત ક્રેડીટ કાર્ડ-ડેબીટ કાર્ડ વગેરે દસ્તાવેજો પણ હતા.તે



લઘુશંકા કરવા દુકાનની બહાર નીકળ્યા બાદ પરત આવીને જોતાં રોકડ રાખેલો થેલો જોવા મળ્યો ન હતો. આથી આ મામલે ફરિયાદ નોંધાવી હતી. ગાંધીગ્રામ પોલીસના સ્ટાફે આ અંગે સીસીટીવી ફૂટેજ સહિતના આધારે તપાસ શરૂ કરતા સીસીટીવીમાં અગાઉ અલગ-અલગ ચોરીમાં સંડોવાઈ ચૂકેલો હનીફશા શાહમદાર કેદ થતાં પીઆઈએસ.આર. મેઘાણી અને હેડ કોન્સ્ટેબલ મશરીભાઈ અને પ્રદીપભાઈ સહિતના સ્ટાફે હનીફશાને સોજીત્રા નગર પાણીના ટાંકા પાછળથી ચોરાઉ બાઈક સાથે ઝડપી લીધો હતો. એટલુ જ નહીં પૂછપરછમાં તેણે અન્ય એક બાઈક ચોરીની કબૂલાત આપતા પોલીસે બે બાઈક, ફોન અને રોકડ સહિત રૂ.૧.૭૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.આરોપી અગાઉ રાજકોટ અને મોરબીમાં વાહન ચોરી સહિત ૨૪ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે.

# રાજકોટથી ગુમ થયેલ તરુણને દિલ્હીથી પોલીસે શોધી પરિવારને સોંપ્યો

## પોલીસે 1500 કિલોમીટરની સફર ખેડી 36 કલાકમાં તરૂણનો પતો મેળવી લીધો

**સમય મિરર | રાજકોટ**

રાજકોટના ભક્તિનગર પોલીસ મથક વિસ્તારમાંથી ગુમ થયેલા ૧૫ વર્ષના તરુણને પોલીસે રાજકોટથી દિલ્હી સુધી ૧૫૦૦ કિ.મી.નો સફર ખેડીને અલગ અલગ શહેરોમાં તપાસ કરી ૩૬ કલાકમાં શોધી કાઢી પરિવારને સોંપ્યો હતો.પોલીસની આ કામગીરીથી બાળકના પરિવારજનોએ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો. ભક્તિનગર પોલીસ મથક વિસ્તારમાં એક ૧૫ વર્ષના તરૂણની ગુમ થવા અંગેની નોંધ તેના પરિવાર દ્વારા ગત તા.૫-૬નાં રોજ કરવામાં આવી હતી. બાળકનું અપહરણ થયાની કોર્ટની ગાઈડલાઈન મુજબ પોલીસે ફરિયાદ લીધી હતી. આ અંગે ગુનાની ગંભીરતાને જોતાં ભોગ બનનાર તરૂણને કોઈ નુકસાન ન થાય તે માટે ભક્તિનગરના પીઆઈ એમ.એમ. સરવૈયાના માર્ગદર્શન હેઠળ ભક્તિનગર પોલીસ મથકના પીએસઆઈ જે.જે. ગોહિલ સાથે મહાવીરસિંહ ચુડાસમા, પ્રકાશભાઈ અને તેમની ટીમે આ બાળકને શોધવા માટે કામે લાતું. સુરેન્દ્રનગર ખાતે બાળકને જોયો હોવાની માહિતીને આધારે ભક્તિનગર પોલીસની ટીમ સુરેન્દ્રનગર પહોંચી હતી ત્યાંથી મહેસાણા અને અમદાવાદ તરફની માહિતી મળતાં આ તરૂણને શોધવા માટે અમદાવાદ રેલવે સ્ટેશને અને મહેસાણામાં તપાસ કરી હતી તે દરમિયાન આ બાળક દિલ્હી તરફ હોવાની વિગતો મળતાં ભક્તિનગર પોલીસની ટીમ દિલ્હી પહોંચી હતી. જ્યાં દિલ્હીના એરપોર્ટ, મેટ્રો સ્ટેશન તથા પહાળગંજ વિસ્તારની હોટલ તેમજ આસપાસના ટેકસી ચાલક અને રીક્ષા ચાલકોની પુછપરછના આધારે આ ગુમસુદા તરૂણની માહિતી મેળવવા માટે ભક્તિનગર પોલીસે ૧૫૦૦ કિ.મી.ની સફર કરી ૩૬ કલાકની જહેમત બાદ અંતે નોઈડા વિસ્તારમાં મેટ્રો સ્ટેશન અને ટેકસી સ્ટેન્ડ આસપાસ બાદ નોઈડા મેટ્રો રેલવે સ્ટેશનમાંથી આ બાળકને શોધી કાઢી તેને રાજકોટ લાવી તેના પરિવારને સોંપ્યો હતો. ભક્તિનગર પોલીસે ટેકનીકલ તથા હ્યુમન સોર્સિસના આધારે રાજકોટથી લઈ દિલ્હી સુધી ૩૬ કલાકમાં ૧૫૦૦ કિ.મી.ની સફર કરીને તરૂણને શોધી કાઢી પોલીસ પ્રજાની મિત્ર છે તે સુત્ર સાર્થક કરી પરિવારને બાળકને સોંપતા પરિવારજનોની આંખમાં પણ ખુશીના આસુ આવી ગયા હતાં.

સોની વેપારીની ફરિયાદના આધારે તપાસનો ધમધમાટ

# રાજકોટમાં ભગવાનના વાઘા બનાવવા આપેલું ૬ કિલો ચાંદીનું કારીગરે બુચ માર્યું

**સમય મિરર | રાજકોટ**

શહેરના પેલેસ રોડ પર સોનીની દુકાન ધરાવતાં વેપારીએ સ્વામીનારાયણ ભગવાનના વાઘા બનાવવા માટે તેના કારીગરને આપેલું ૬ કિલો સોનુ કારીગર ઓળવી જઈ પરત આપતો ન હોય જેથી તેમને પોલીસમાં છેતરપીંડીની ફરિયાદ નોંધાવતાં પોલીસે કારીગર વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



જાણવા મળતી વિગત મુજબ, યુનિવર્સિટી રોડ પર આયુર્વેદિક હોસ્પિટલની પાછળ આઈકોન પ્લેટીનીયમમાં રહેતાં અને પેલેસ રોડ પર આશાપુરા ચોક ખાતે શ્રીજી સિલ્વર નામની દુકાન ધરાવતાં તેજસભાઈ સુરેશભાઈ રાણપરા (ઉ.૨૭)એ એ ડીવીઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ગુંદાવાડીમાં ગીરીરાજ એપાર્ટમેન્ટમાં રહેતાં તેના કારીગર નલીનભાઈ અમરશીભાઈ પાટડીયાનું નામ આપ્યું છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ તેમને ગત તા.૧૫-૧-૨૦૨૫નાં સ્વામીનારાયણ ભગવાનની મૂર્તિના વાઘા બનાવવા માટેનો ઓર્ડર મળ્યો હતો. જેથી તેમણે તેના કારીગર નલીનભાઈ પાટડીયાને વાઘા બનાવવા માટે ૪૮૯૩.૫૦૦ ગ્રામ ચાંદી અને સ્વામીનારાયણ ભગવાનની મૂર્તિ આપી હતી અને એક મહિનામાં કામ પુરૂ કરવા જણાવ્યું હતું. આ ઉપરાંત અગાઉનું ચાંદી ૧૧૨૬ ગ્રામ કારીગર પાસેથી લેવાનું બાકી હતું.

દરમિયાન કારીગર વાઘા બનાવીને આપતો ન હોય જેથી તેની પાસે અવારનવાર ઉઘરાણી કરતાં તેણે જણાવેલું કે તેણે બીજા કામમાં ચાંદી વાપરી નાખ્યું છે અને હાલ તેની પાસે કોઈ ચાંદી નથી નવું કામ આવશે તો તેમાંથી વાઘા બનાવી આપશે અથવા ચાંદી પરત આપશે. તેમ કહ્યું હતું. પરંતુ આજ સુધી ચાંદી પરત આપેલું ન હોય આમ કારીગર કુલ ૬૦૨૦.૩૧૦ ગ્રામ ચાંદી કિ.રૂા.૬ લાખ ઓળવી ગયો હોય જે અંગે એ ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પીએસઆઈ ડી.વાય.મહંતે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અકસ્માત કેસમાં મૃતક અને બે ઈજાગ્રસ્તોને ૯૩.૨૦ લાખનું વળતર ચૂકવવા વીમા કંપનીને કોર્ટનો હુકમ

## બાઈકચાલકને હડફેટે લઈને ખાનગી મિનિ બસ પલટી ખાઈ ગયાના ૯ વર્ષ પહેલાના કેસમાં મહત્વનો ચુકાદો

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ ભાવનગર હાઈવે ઉપર સરધારના લાખાપર ગામ નજીક બાઈકચાલકને હડફેટે લઈને ખાનગી મિનિ બસ પલટી ખાઈ ગયાના ૯ વર્ષ પહેલાના ગંભીર અકસ્માતમાં જસદણના રામળિયા ગામના એક યુવાનનું મૃત્યુ અને અન્ય બે યુવાનોને ગંભીર ઈજાના કિસ્સામાં મોટર એકસીડન્ટ ક્લેઈમ ટ્રિબ્યુનલ દ્વારા કુલ રૂપિયા ૯૩.૨૦ લાખનું વળતર એક માસમાં જ ચૂકવી દેવા વીમા કંપનીને હુકમ કર્યો છે.

આ અંગેની હકીકત મુજબ, ગત તાઃ ૧૪-૮-૨૦૧૬ના રોજ ખાનગી મિનિ બસ જી.જે.- ૧૦- વી-૦૯૪૧ સવારના સરધારના લાખાપર ગામ પાસે પસાર થતી હતી ત્યારે બસના ચાલકે રસ્તા પર જઈ રહેલા એક મો.સા. ચાલકને હડફેટે લઈ પોતાની બસને પલ્ટી મરાવી દઈ જસદણ તાલુકાના રામળિયા ગામના ખોડાભાઈ ચનાભાઈ કંબોયાનું મોત થયું હતું, જ્યારે રામળીયા ગામના હિતેશભાઈ સુરેશભાઈ ગોંડલીયાને મગજમાં જીવલેણ ઈજા, ડાબી આંખ ગુમાવી દીધેલ અને નવઘણભાઈ જેન્તીભાઈ કંબોયાને બન્ને પગમાં ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેમાં મૃત્યુ પામનાર ખોડાભાઈના વારસદારોએ તથા ઈજાઓ બંને હિતેશ ગોંડલીયા અને નવઘણ કંબોયાએ રાજકોટની કોર્ટમાં ક્લેઈમ કેસો દાખલ કર્યા હતા. જેમાં એચડીએફસી વીમા કંપનીએ મોટો વાંધો એવો લીધો હતો કે બસના



એડવોકેટ

માલીક દેવશીભાઈ પોલાભાઈ મોરીએ ડ્રાઈવર બદલાવેલ છે, જે ડ્રાઈવર હતા તેની પાસે લાયસન્સ ન હતું, તેવો તેથી વીમા કંપનીએ વળતર ન ચુકવવા માટે ભારપૂર્વક રજૂઆતો કરી હતી, પરંતુ ઈજાગ્રસ્તો હિતેશભાઈ તથા નવઘણભાઈએ ડ્રાયવરને ઓળખતા નથી તેવી જુબાની આપેલ, તેથી ડ્રાયવર બદલાવેલ છે કેમ તેનો પ્રશ્ન ઉભો રહેતો નથી, તેમજ અરજદારના વકીલ દ્વારા હિતેશભાઈને મગજનું ડીસએબીલીટી કાઢી આપનાર ડો. દિનેશ ગજેરા કે જેઓ સ્ટર્લિંગ હોસ્પિટલ હોસ્પિટલમાં લોકોને સારવાર આપે છે, તેમણે કોર્ટમાં હાજર રહી સચોટ અને સત્ય જુબાની આપી હતી, આમ અરજદારના વકીલની ધારદાર દલીલ તથા રજુઆતોને ધ્યાનમાં લઈ રાજકોટના એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજે બસની વીમા કં. એચ.ડી.એફ. સી. ઈન્સ્યોરન્સ સામે હિતેશભાઈ સુરેશભાઈ ગોંડલીયા કે જેમણે એક આંખ ગુમાવી છે તેમને ૪૧.૭૦ લાખ, નવથણભાઈને બંને પગે ગંભીર ઈજાનું રૂ. ૧૫.૫૦ લાખ તેમજ ગુજરનાર ખોડાભાઈ કંબોયાના વારસદારોને રૂ. ૩૬ લાખ વળતર માસ ૧માં ચુકવી આપવા હુકમ ફરમાવતા વીમા કં.એ તમામ રકમ અપીલ કર્યા વિના કોર્ટમાં જમા કરાવી દીધી છે.

આ કામમાં અરજદારો વતી રાજકોટના કલેઈમ ક્ષેત્રના ગોહિલ એસોસિયેટ્સના વકીલ શ્યામ જે. ગોહિલ, હીરેન જે.ગોહિલ, મૃદુલા ગોહિલ, પુનીતા પટેલ(વેકરીયા), દીવ્યેશ કણજારીયા, અશોક લુભાણી રોકાયા હતા.

# ૪૧ ધારાશાસ્ત્રીઓને માંદગી સહાય પેટે ૧૪.૪૦ લાખ ચૂકવવા નિર્ણય

## બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની બેઠકમાં લેવાયો મહત્ત્વનો નિર્ણય

**સમય મિરર | રાજકોટ**

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની તારીખ ૮ ને રવિવારના રોજ મળેલી બેઠકમાં ૪૧ જેટલા ધારાશાસ્ત્રીઓની માંદગી સહાય અંતર્ગત મળેલી અરજીમાં ૧૪.૪૦ લાખની સહાય મંજૂર કરવામાં આવી છેબાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા સને ૧૯૯૨ થી ગુજરાત એડવોકેટ વેલ્ફેર ફંડ મારફતે મૃત્યુસહાય અને માંદગી સહાય સમીતિ દ્વારા જરૂરીયાતમંદ ધારાશાસ્ત્રીઓને આંશિક માંદગી સહાય બાર કાઉન્સિલ ઓફ ગુજરાત તરફથી આપવામાં આવે છે. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની માંદગીસહાય સમીતિના ચેરમેન દિલીપ કે.પટેલ અને સભ્યો ભરત વી. ભગત , શંકરસિંહ એસ.ગોહિલ ની હાજરીમા તા.૮/૦૬/૨૦૨૫ ના રોજ મોટીંગ મળી હતી.. જેમાં બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની માંદગીસહાય સમીતિમાં સમગ્ર ગુજરાતના તાલુકા અને જીલ્લા અદાલતોના ૪૧ જેટલા ધારાશાસ્ત્રીઓની માંદગી સહાય મેળવવા માટેની અરજીઓ મંજુર કરતા માંદગી સહાય પેટે કુલ રૂપિયા ૧૪.૪૦ લાખ ચૂકવવાનો નિર્ણય કરવામાં આવેલ છે. ૧૦ ઉપરાંતના ધારાશાસ્ત્રીઓને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની વધારાની સહાય આપતી કમીટીમાં પણ ધારાશાસ્ત્રીઓને વધુ માંદગી સહાય મળી રહે તે માટે ભલામણ કરવામાં આવેલી છે. ઉલ્લેખનીય છે કે વેલ્ફેર ફંડની રીન્યુઅલ ફી ભરનાર ધારાશાસ્ત્રીઓને જ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની માંદગીસહાયનો લાભ મેળવવા હકકદાર બને છે.

એનડીપીએસના ગુનામાં બંનેની ધરપકડ કરી જેલ હવાલે કરાયા'તા

# પ્રતિબંધિત કોડેન સીરપના જથ્થા સાથે ઝડપાયેલા બે આરોપીની જામીન અરજી મંજૂર

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં સદર ભીલવાસ પાસેથી મટનની દુકાનના ઓટા ઉપરથી ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર પ્રતિબંધિત કોડેન સીરપના જથ્થા સાથે ઝડપાયેલા બે શખ્સોની ચાર્જશીટ પછીની જામીન અરજી એનડીપીએસ કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવી છે.

આ અંગેની હકીકત મુજબ, ડીસીબી પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફૂલછાબ ચોક પાસે ખાનગી રાહે બાતમી મળેલ કે ભીલવાસ સોસાયટી, શેરી નં.૪, હુશેની ચોક ખાતે મટનની દુકાન ધરાવતો હુશેન અહેમદ કટારીયા નામનો ઈસમ તથા તેનો માણસ રફીક ઉર્ફે જોન ગનીભાઈ ચૌહાણ બંને મટનની દુકાન બહાર બેસી



એડવોકેટ

શંકાસ્પદ નશાકારક કફ સીરપનો જથ્થો રાખી વેચાણ કરે છે અને હાલ વેચાણ ચાલુ છે તેવી ચોક્કસ અને ભરોસાપાત્ર માહીતી મળેલ હતી જેથી રેડ કરતા બાતમીવાળા ઈસમો મળી આવેલ હતા અને

એક પ્લાસ્ટીકના બાચકામાં બ્લૂ કલરના ઢાંકણાવાળી શંકાસ્પદ પ્રવાહી ભરેલી ૧૦૦ એમએલની કુલ ૧૦૫ નંગ બોટલ મળી આવેલ હતી, તેનીસાયન્ટીફીક અધીકારી દ્વારા તપાસ કરતાં આ બોટલમાં એન.ડી.પી.એસ. મુજબ અને ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન ન મળે તે પ્રતીબંધિત નશાકારક કોડેન હોય તેવો રિપોર્ટ આવતા વિગતવાર ફરીયાદ ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં નોધવામાં આવેલ હતી. અને બંને આરોપીની અટક કરી સ્પેશ્યલ એનડીપીએસ કોર્ટ સમક્ષ રજૂ કરતાં કોર્ટ દ્વારા બંને આરોપીને રાજકોટ જિલ્લા જેલ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. બાદ અને ચાર્જશીટ થઈ જતા બંને આરોપી હુશેન અહેમદ કટારીયા તથા રફી ઉર્ફે જોન ગનીભાઈ ચૌહાણ દ્વારા પોતાના એડવોકેટ મારફત જામીન અરજી કરેલ હતી. જે અન્વયે આરોપીઓ વતી રોકાયેલ એડવોકેટે કરેલ દલીલ મુજબ, આ ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર પ્રતિબંધિત સીરપનો જથ્થો હાલના આરોપીની દુકાનની બહાર પડેલો હતો, તે આરોપીઓની માલિકીનો ન હતો, તેમજ જામીન અરજી સંદર્ભે હાઈકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ ધ્યાનમાં રાખી ગુજરાત હાઈકોર્ટ દ્વારા આરોપીને જામીન મુક્ત્ત કરવાનો હુકમ ફરમાવેલ હતો.

આ કેસમાં આરોપી વતી એડવોકેટ રણજીતભાઈ એમ. પટગીર, સાહીસ્તાબેન એસ. ખોખર, દયા કે છાયાણી, નીમેશ વી. જાદવ, શ્રધ્ધા આર. ખખ્ખર રોકાયા હતા.

# દોઢ કરોડથી વધુ રકમ પડાવી લેવાના ગુનામાં મુખ્ય સૂત્રધારના જામીન મંજૂર કરતી અદાલત

## ઈમ્પોર્ટ એક્સપોર્ટ લાયસન્સ સહિતના કામો માટે કસ્ટમ અધિકારી સાથે વગ હોવાનો દાવો કરી પૈસા પડાવી લીધા'તા

**સમય મિરર | રાજકોટ**

ઈમ્પોર્ટ એક્સપોર્ટ લાયસન્સ સહિતના કામો માટે કસ્ટમ અધિકારી સાથે વગ હોવાનો દાવો કરી રૂપિયા દોઢ કરોડથી વધુ રકમ પડાવી લેવાના ગુનામાં મુખ્ય આરોપીના કોર્ટે જામીન મંજૂર કરવાનો કોર્ટ દ્વારા હુકમ કર્યો હતો.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ શહેરના જયદેવભાઈ નિમાવત ની ઓળખાણ મધુરભાઈ અગ્રાવત સાથે થઈ હતી અને તેમણે એક્સપોર્ટ ઈમ્પોર્ટ ના લાયસન્સ ની જરૂરિયાત અંગે વાત કરતા મધુર ભાઈએ પોતાની ઓળખાણ કસ્ટમ અધિકારી સાથે હોવાની વાત કર્યા બાદ કટકે કટકે કામ માટે ૧,૫૦,૬૦૦૦ રકમ લીધી હતી અને કામ ન કરતા આપેલી રકમ પરત મેળવવા ક્રાઈમ બ્રાન્ચની ઇઓડબલ્યુ શાખા માં તારીખ ૫ ૩ ૨૫ ના રોજ ફરિયાદ નોંધાવી હતી અને જે ગુનાના કામે પોલીસે ધરપકડ કરી હતી. તપાસ પૂર્ણ થતા મધુરભાઈ અગ્રાવતને જેલ હવાલે કર્યા હતા.બાદ કોર્ટમાં જામીન અરજી કરવામાં આવી હતી. જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા મધુરભાઈ ના વકીલ પાર્થરાજસિંહ ઝાલા દ્વારા દલીલ કરવામાં આવી હતી કે મધુરભાઈ વેપારી માણસ છે કોર્ટમાં વિવિધ ચુકાદાઓ રજૂ થયા હતા અને બચાવ પક્ષની દલીલ ગ્રાહ્ય રાખી મધુરભાઈ અગ્રાવત ની જામીન અરજી મંજૂર કરી છે. આ કામમાં મધુરભાઈ અગ્રાવત વતી રાજકોટના વકીલ હુસેનભાઈ હેરંજા, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ, ફેજાન ભાઈ સમા, અંકિતભાઈ ભટ્ટ અને રહીમભાઈ હેરંજા રોકાયા હતા

# શૈક્ષણિક સત્રનો પ્રારંભ : બાળકોની કિલકારીથી શાળાઓ જીવંત બની

## ઉનાળુ વેકેશન પૂર્ણ થતાં અભ્યાસ શરૂ : કુમકુમ તિલક કરી ભૂલકાઓનું સ્વાગત કરાયું

સમય મિરર | રાજકોટ

ગુજરાત રાજ્યની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સોમવારથી નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રારંભ થઈ ગયો છે. વર્ષ ૨૦૨૪-૨૫દ્ય ૩૫ દિવસના ઉનાળુ વેકેશન બાદ ફરી એકવાર રાજ્યના હજારો સ્કૂલ કેમ્પસ લગભગ ૧.૧૫ કરોડ જેટલા બાળકોના કિલોલથી ગૂંજી ઉઠ્યા છે, જેનાથી શૈક્ષણિક માહોલ જીવંત બન્યો છે.


(તસ્વીર : દિવ્યરાજસિંહ સરવૈયા)

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સંલગ્ન તમામ શાળાઓમાં ગત તારીખ ૫મી મેથી ૩૫ દિવસનું ઉનાળુ વેકેશન જાહેર કરવામાં આવ્યું હતું, જે ગઈકાલે તારીખ ૯મી જૂનના રોજ પૂર્ણ થયું છે. નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભને લઈને વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સ્કૂલો શરૂ થવાના છેલ્લા દિવસે એટલે કે, ગઈકાલે રવિવારે બજારોમાં પુસ્તકો, નોટબુક, સ્કૂલ ડ્રેસ, સ્કૂલ બેગ સહિતની શૈક્ષણિક સામગ્રી ખરીદવા માટે વાલીઓ અને વિદ્યાર્થીઓની ભારે ભીડ જોવા મળી હતી, જે દર્શાવે છે કે નવું સત્ર શરૂ કરવા માટે સૌ કોઈ ઉત્સુક હતા.

વર્ષ ૨૦૨૫-૨૬ના શૈક્ષણિક કેલેન્ડર મુજબ, પ્રથમ સત્ર માટે ૧૦૫ દિવસ અને બીજા સત્ર માટે ૧૪૪ દિવસની ફાળવણી કરવામાં આવી છે. પ્રથમ સત્ર તારીખ ૯ જૂન, ૨૦૨૫ થી તારીખ ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી ચાલશે. દિવાળી વેકેશન પ્રથમ સત્ર પૂર્ણ થયા બાદ તારીખ ૧૬ ઓક્ટોબર, ૨૦૨૫થી તારીખ ૫ નવેમ્બર, ૨૦૨૫ સુધી કુલ ૨૧ દિવસનું દિવાળી વેકેશન રહેશે. બીજું સત્ર તારીખ ૬ નવેમ્બર ,૨૦૨૫ થી કુલ ૧૪૪ દિવસના બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે, જે તારીખ ૩ મે, ૨૦૨૬ સુધી ચાલશે. ઉનાળુ વેકેશન ૨૦૨૬ બીજું સત્ર પૂર્ણ થયા બાદ તારીખ ૪ મે, ૨૦૨૬થી ૩૫ દિવસનું ઉનાળુ વેકેશન આપવામાં આવશે, જે તારીખ ૭ જૂન, ૨૦૨૬ સુધી ચાલશે.

### છાત્રોને શૈક્ષણિકનું માર્ગદર્શન અપાયું

HBK સ્કૂલના પ્રિન્સિપાલ અમિત શાહે જણાવ્યું હતું કે, લાંબા સમય બાદ વિદ્યાર્થીઓ સ્કૂલમાં આવ્યા જેથી શિક્ષક અને વિદ્યાર્થીઓ બંનેમાં ઉત્સાહ છે. વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે પ્રોત્સાહન આપીને અભ્યાસ અને સ્કીલ અંગે સમજણ આપી છે. વિદ્યાર્થીઓને અભ્યાસનું મહત્ત્વ સમજાવીને આજથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ કરાવ્યો છે.

ઈ-મેઈલ આવતા જ દોડાદોડી : ડોગ-બોમ્બ સ્ક્વોડ દ્વારા સઘન ચેકિંગ : તમામને કોર્ટની બહાર કઢાયા

# ગુજરાત હાઈકોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી : સુરક્ષા એજન્સીઓ એલર્ટ

સમય મિરર | અમદાવાદ

ગુજરાતમાં વિવિધ સંસ્થાઓને બોમ્થી ઉડાવી દેવાની ધમકી છાશવારે મળી રહી છે. ત્યારે ગુજરાત હાઈકોર્ટને પણ બોમ્થી ઉડાવી દેવાની ધમકી આપતો ઈ-મેલ આવ્યો હતો. ધમકી મળતા જ પોલીસ તુરંત હાઈકોર્ટ દોડી જઈ અને ડોગ-બોમ્બ સ્ક્વોડ દ્વારા ચેકિંગ શરૂ કર્યુ હતું. ઉપરાંત દરવાજા બંધ કરી તપાસ શરૂ કરવામાં આવી હતી. ઝોન ૧ ઈનચાર્જ ડીસીપી સફીન હસને જણાવ્યું હતું કે હાઈકોર્ટના ઈ-મેલ પર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે, જેને લઈને તપાસ કરવામાં આવી છે. હાઈકોર્ટના ગેટ બંધ કરી પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. ઈ-મેલ કરનારની પણ તપાસ કરવામાં આવી રહી છે.



ઘટનાની જાણ થતાં જ બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝેબલ ટીમની ગાડી અને ફાયરની ગાડી હાઈકોર્ટમાં પહોંચી ગઈ છે. ગેટ નંબર-૫ હાઈકોર્ટ સ્ટાફ પ્રવેશનો ગેટ બંધ કરવામાં આવ્યો છે. આ સાથે કોર્ટમાં પ્રવેશતા વાહનોનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

### બ્રેક બાદ કામગીરી બંધ કરાઈ

રિસેસ બાદ કોર્ટ બંધ કરવાની સૂચના આપવામાં આવી છે. આ સાથે વકીલોને પણ કોર્ટ છોડવા સૂચન કરાયું છે. હાલમાં સિક્યોરિટી ચેકિંગ ચાલું છે.તમામ સ્ટાફને પણ હાઈકોર્ટ છોડવા સુચન કરવામાં આવ્યું છે. હાલ ચેકિંગ કામગીરી પર વધારે ધ્યાન આપવામાં આવ્યું છે.

# નાગરિક બેંકના ચિફ મેનેજર, સરકારી કર્મચારી સહિત છ લોકોના હૃદય રોગના હુમલાથી મોત

## મારવાડી કોલેજના ડ્રાઈવરને રૂમમાં અને રિક્ષા ચાલકને રીક્ષામાં જ કાળનો ભેટો : શહેરમાં ફફડાટ

સમય મિરર | રાજકોટ

રાજકોટમાં હૃદય રોગના હુમલાએ હાહાકાર મચાવ્યો હોય તેમ દરરોજ અનેક માનવ જીંદગીઓ કાળના ખપ્પરમાં હોમાઈ રહી છે. જ્યારે વધુ ૬ લોકોના શ્વાસ થંભી ગયા હોવાની ઘટના સામે આવી છે. જેમાં પ્રાદેશીક નગરનિયામક કચેરીના કોમ્પ્યુટર ઓપરેટર, મારવાડી કોલેજના ડ્રાઈવર, નાગરિક બેંકના ચીફ મેનેજર અને રિક્ષા ચાલક સહિતના છ લોકોના મોત નિપજ્યા હતાં.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ શહેરમાં રામાપીર ચોકડી પાસે રહેતા અને પ્રાદેશીક નગરનિયામક કચેરીમાં કોન્ટ્રાક્ટ બેઝ પર કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતા ઈશિત કમલેશભાઈ પંચોલી ઉ.વ. ૨૫ પોતાના ઘરે હતો ત્યારે હૃદય રોગનો હુમલો આવતા બેભાન હાલતમાં ઢળી પડ્યો હતો. યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ત્યાં મોત થયું હતું.

બીજા બનાવમાં મોરબીમાં આવેલી સુમરા સોસાયટીમાં રહેતા અને મારવાડી કોલેજમાં ડ્રાયવર તરીકે ફરજ બજાવતા ઈસ્માલભાઈ હાજીભાઈ સુમરા ઉ.વ. ૫૩ સવારના સાડા નવેક વાગ્યાના અરસામાં મારવાડી કોલેજના ડ્રાયવર રૂમમાં સુતા હતા ત્યારે આવેલો હૃદય રોગનો હુમલો જીવલેણ નિવડ્યો હતો.

ત્રીજા બનાવમાં પોપટ પરા વિસ્તારમાં આવેલા હંસરાજનગરમાં રહેતા અને નાગરિક બેંકમાં ચિફ મેનેજર તરીકે ફરજ બજાવતા ધર્મેશભાઈ પ્રાણલાલભાઈ ટાંક ઉ.વ. ૪૭ પોતાનું બાઈક ઈને જતા હતાં ત્યારે ચાલુ બાઈકે ચક્કર આવતા પટકાયા હતાં. તબીબે ધર્મેશભાઈ ટાંકનું હૃદય રોગના હુમલાથી મોત નિપજ્યું હોવાનું જાહેર કર્યુ હતું.

ચોથા બનાવમાં મનહરપરા બેડી પરા ફાયર બ્રીગેડ પાછળ રહેતા અને રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા લક્ષ્મણભાઈ હરજીભાઈ વાઘેલા ઉ.વ. ૪૬ સવારના સમયે ઈસ્ટઝોન આરએમસી ઓફિસ પાસે પોતાની રિક્ષામાં બેઠા હતાં ત્યારે હૃદય રોગનો હુમલો આવેલ બેભાન હાલતમાં ઢળી પડ્યા હતાં. પ્રૌઢને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતાં. પરંતુ ત્યાં તેમનું મોત નિપજ્યું હતું.

પાંચમાં બનાવમાં રૈયા રોડ ઉપર વૈશાલી નગરમાં રહેતા ચેતન્ય જેઠાભાઈ જોશી ઉ.વ. ૫૪ વહેલી પરોઢિએ પોતાના ઘરે બેભાન હાલતમાં ઢળી પડ્યા હતાં. પ્રૌઢને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતાં. જ્યાં ફરજ પરના તબીબે પ્રૌઢનું હૃદય રોગના હુમલાથી મોત નિપજ્યું હોવાનું જાહેર કર્યુ હતું.

છઠ્ઠા બનાવમાં યુનિવર્સિટી રોડ ઉપર આવેલી ભિડભંજન સોસાયટીમાં રહેતા દાનાભાઈ રઘુભાઈ બાંભવા ઉ.વ. ૬૮ રાત્રીના સમયે પોતાના ઘરે હતા ત્યારે હૃદય રોગનો હુમલો આવતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. જ્યાં તેમની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ મોત નિપજ્યું હતું.

ખેડાના કપડવંજ-મોડાસા હાઈ-વે પર બનેલી ગંભીર ઘટના

# એસટી બસ, ટ્રક અને ડમ્પર વચ્ચે ત્રિપલ અકસ્માત : કંડક્ટર અને પેસેન્જરનું મોત

## આઠથી વધારે મુસાફરોને ઈજા થતાં સારવારમાં ખસેડાયા : ઓવરટેક કરવાની લ્હાયમાં બનેલો બનાવ

સમય મિરર | ખેડા

કપડવંજ-મોડાસા રોડ પર પાંખિયા ચોકડી નજીક ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે. એસટી બસ, ટ્રક અને ડમ્પર વચ્ચે ટ્રિપલ અકસ્માત સર્જાયો છે. અકસ્માતમાં બસના કંડક્ટર તેમજ એક પેસેન્જરનું મોત થયું છે, જ્યારે આઠથી વધું લોકોને ઈજા પહોંચી છે. બીજી તરફ બસના આગળના ભાગનો ફુરચા થઈ ગયા હતા.

કપડવંજ-મોડાસા સ્ટેટ હાઈવે પર એક ગોઝારા અકસ્માતની ઘટના બની છે. આ હાઈવેના પાંખિયા ચોકડી નજીક એસટી બસ, ટ્રક અને ડમ્પર વચ્ચે ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો. જોરદાર ટક્કરને પગલે ત્રણેય વાહનને મોટું નુકસાન થયું છે. એસટી બસના કંડક્ટર તેમજ એક પેસેન્જર કે જે રિટાર્યડ એસટી ડ્રાઈવર હતો જેનું ઘટનાસ્થળે કરુણ મોત નીપજ્યું છે. આ ઉપરાંત એસટી બસમાં સવાર સહિત અન્ય વાહનના મળી કુલ આઠ ઉપરાંત



વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થઈ છે. આ તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત સારવાર માટે કપડવંજની સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

આ એસટી બસ બાયડથી કપડવંજ તરફ જઈ રહી હતી એ દરમિયાન અકસ્માત સર્જાયો છે.

ઘટનાને પગલે મામલતદાર તેમજ કપડવંજ ગ્રામ્ય પોલીસ ઘટનાસ્થળે દોડી આવી આગળ કાર્યવાહી હાથ ધરી રહી છે.

અકસ્માતના પગલે અંદાજે ત્રણ કિલોમીટર સુધી ટ્રાફિક જામ થઈ ગયો હતો, જેને કપડવંજ રૂરલ પોલીસે નિયંત્રણ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. બીજી બાજુ આ અકસ્માતમાં એસ.ટી.નો કંડક્ટર સંજયભાઈનું મૃત્યુ થયું છે. જ્યારે એસ.ટી. માં મુસાફરી કરી રહેલા એસ.ટી.ના રિટાયર્ડ ડ્રાઈવર પણ મૃત્યુ પામ્યા છે. આમ બેના મોત જ્યારે ૮થી વધુ વ્યક્તિઓને ઈજા થઈ છે. આ બનાવ સંદર્ભે કપડવંજ ગ્રામ્યના પીઆઈ એ.આર.ચૌધરીએ જણાવ્યું કે, આ અકસ્માતમાં બે લોકોના મોત છે, જ્યારે ૮થી વધુ લોકો ઈજાગ્રસ્ત છે, જેઓને સારવાર અર્થે કપડવંજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવ્યા છે. આ મામલે ગુનો નોંધવાની કામગીરી પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે.

ગુજરાતમાં સતત વધી રહેલા એક્ટિવ કેસો

# રાજકોટમાં વધુ 10, અમદાવાદમાં 131 અને રાજ્યભરમાં કોરોનાના 1000થી વધુ દર્દીઓ

## અમદાવાદમાં અત્યાર સુધીમાં ત્રણ લોકોના મોત, 268 દર્દીઓને ડિસ્ચાર્જ કરાયા : નવા દર્દીઓને હોમ આઈસોલેટ કરાયા



સમય મિરર | અમદાવાદ

રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી માહિતી અનુસાર ૮ જૂન સુધી ગુજરાતમાં ૯૮૦ કોરોનાના એક્ટિવ કેસો નોંધાયા હતા. જેમાંથી ૩૨ હોસ્પિટલમાં દાખલ છે, ૯૪૮ હોમ આઈસોલેટ છે જ્યારે ૨૭ લોકોને ડિસ્ચાર્જ કરી દેવામાં આવ્યા છે. ત્યારે અમદાવાદમાં આ વખતે પહેલીવાર એક જ દિવસમાં કોરોનાના ૧૩૧ કેસ આવ્યા છે. જ્યારે રાજકોટમાં ૧૦ કેસ નોંધાયા છે. આ સાથે જ ગુજરાતમાં કોરોનાના એક્ટિવ કેસનો આંકડો ૧૦૦૦ને પાર પહોંચ્યો છે.

અમદાવાદમાં આજે વધુ ૧૩૧ નવા કોરોના કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં ૯૧૬ જેટલા કેસ નોંધાયા છે જેમાંથી ૬૪૬ જેટલા એક્ટિવ કેસ છે જ્યારે ૨૬૮ લોકોને અત્યાર સુધીમાં ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનમાં અત્યાર સુધીમાં ત્રણ લોકોના મૃત્યુ નોંધાયા છે, જ્યારે શહેરના પશ્ચિમ વિસ્તારમાં સૌથી વધારે કોરોનાના કેસો નોંધાયા છે.

રાજકોટ સિવિલના આરોગ્ય અધિકારી ડો.જયેશ વાંકાણીએ જણાવ્યું હતું કે, કોવિડનાં અત્યાર સુધીમાં જોવા જઈએ તો ૧૦૨ જેટલા કેસ નોંધેલા છે ગત ૨૪ કલાકમાં ૧૦ પોઝિટિવ કેસ આવ્યા છે. આ ઉપરાંત જે છે સાજા થવાનો રેટ પણ ઘણો બધો વધારે આપણને જોવા મળી રહ્યો છે. ખાસ કરીને લોકો જે છે એ ચોથા પાંચમાં દિવસે એસિમ્ટોમેટિક એટલે લક્ષણ વિહીન જણાઇ રહ્યા છે. બે દર્દી જ હોસ્પિટલમાં દાખલ છે એમની કો-મોર્બિડ કન્ડિશન છે. આ લોકોને ઓક્સિજન ઘટવાથી દાખલ કરી દેવામાં આવ્યા છે. પરંતુ જોવા જઈએ તો રિકવરી રેટ ઘણો બધો સારો કહી શકાય ૫૦% ઉપરાંત દર્દીઓ હાલ સક્સેસફુલી કોરોનાને મ્હાત આપી ચુક્યા છે.

સોલા સિવિલના આરએમઓ ડો. દેવાંગ શાહના જણાવ્યા અનુસાર, સાબરકાંઠાના કોટડાની કોરોના પોઝિટિવ ૧૬ વર્ષીય કિશોરીને ૪ જૂને હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. ફેફસાંમાં ગંભીર ઈન્ફેક્શન અને હિપેટાઈટિસની બીમારીને લીધે કિશોરીની હાલત બગડતાં રેમડેસિવિર અને હિપેરીનનું ઈન્જેક્શન આપ્યું હતું. શુક્રવારે રાતે તેની હાલત ગંભીર થતાં વેન્ટિલેટર સપોર્ટ પર રખાઈ હતી. હોસ્પિટલે બજારમાંથી રૂ.૩૯ હજારનું ૪૦૦ મિલીનું ટોસિલિઝુમેબ ઈન્જેક્શન ખરીદીને આપ્યું હતું, પરંતુ કોરોના સાથે હિપેટાઈટીસ-બીની ગંભીર અસરથી તેનું રવિવારે સવારે મોત થયું છે.

### રાજકોટમાં રિકવરી પણ ઝડપી

રાજકોટ શહેરમાં કોરોનાના કેસમાં સતત વધારો જોવા મળી રહ્યો છે, જોકે તેની સામે રિકવરી રેટમાં પણ નોંધપાત્ર સુધારો થયો છે. આજે વધુ ૧૦ નવા પોઝિટિવ કેસ નોંધાયા છે, જેમાં ૨ મહિલા અને ૮ પુરુષનો સમાવેશ થાય છે. આ સાથે શહેરમાં અત્યારસુધીમાં કુલ દર્દીઓની સંખ્યા ૧૦૫ પર પહોંચી ગઈ છે. નવા કેસ ચિંતાનો વિષય છે, પરંતુ આશાની વાત એ છે કે કોરોનાને માત આપનારા દર્દીઓની સંખ્યામાં પણ ઝડપથી વધારો થઈ રહ્યો છે. આજે વધુ ૧૦ દર્દી કોરોનામુક્ત થતાં રિકવરી પામેલા દર્દીઓનો કુલ આંક ૫૪ થયો છે.



# સ્ટેચ્યુ ઓફ યુનિટીની 2.50 લાખથી વધુ સહેલાણીઓએ મુલાકાત લીધી

## એક જ મહિનામાં પ્રવાસીઓનો વધુ ધસારો જોવા મળ્યો

સમય મિરર | રાજપીપળા

ગુજરાત પ્રવાસીઓ માટે મનપસંદ સ્થળ બની રહ્યું છે. અને તેમાં વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સૌને આકર્ષિત કરી રહી છે. આ વર્ષે એક જ મહિનામાં સ્ટેચ્યુ ઓફ યુનિટમાં ૨.૫૦ લાખ પ્રવાસીઓએ મુલાકાત લીધી છે. વેકેશનમાં સહેલાણીઓ ઉમટી પડ્યા હતાં.

૪૧થી ૪૫ ડિગ્રી તાપમાન વચ્ચે પણ પ્રવાસીઓની સુવિધા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. SOU સત્તામંડળ દ્વારા કેનોપી વોકવે, પીવાના પાણીની વ્યવસ્થા, એસી બસ અને એસી બસ સ્ટોપ, સ્પ્રિંકલર જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. SOU નર્મદાના CEO અમિત અરોરાએ જણાવ્યું કે, પ્રવાસીઓને મુક્ત મને ફરવાનો આનંદ મળે તે માટે સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી છે. પરિવાર સાથે આવતા પ્રવાસીઓની વિશેષ કાળજી લેવામાં આવી રહી છે. જે પહેલાં વિદેશ ફરવા જતા પ્રવાસીઓ હવે એકતાનગરની મુલાકાતે આવી રહ્યા છે.

# લંડનથી પરત ફરતા સાથે જ IPS અધિકારીઓના ક્લાસ લેતા ગૃહમંત્રી

## પોલીસના જ અન્ય વિભાગમાં દરોડા પાડવાની ઘટનાની અસર

સમય મિરર | ગાંધીનગર

ગાંધીનગરમાં IPS અધિકારીઓના આંતરીક ડખ્ખાથી રાજ્ય સરકારની છબી ખરડાઈ છે. જેને લઈને ગૃહમંત્રી એક્શનમાં આવ્યા હતાં અને લંડનથી પરત ફરતાની સાથે જ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. અને ક્લાસ લીધા હતાં. આ બેઠકની રાજ્યભરના પોલીસ બેડામાં ચર્ચા થઈ રહી છે.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી ઓલિમ્પિકના આયોજન અંતર્ગત લંડનના પ્રવાસે હતા. પરંતું ગાંધીનગર પરત ફરતા જ તેમણે તાત્કાલિક બેઠક બોલાવી હતી. IPS અધિકારીઓ ના આંતરીક વિખવાદનો મુદ્દો સામે આવતા જ તેમણે તાબડતોબ બેઠક બોલાવી હતી.

આજે DGP વિકાસ સહાય, રાજકુમાર પાંડિયન અને નિર્લિપ્ત



રાયને હર્ષ સંઘવીનું તેડું આવ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, IPS અધિકારીઓના આંતરીક વિખવાદ મુદ્દે આ બેઠક યોજાઈ હતી. DGP વિકાસ સહાય, adgp રાજ કુમાર પાંડિયન, SMC વડા નિર્લિપ્ત રાય ગૃહ રાજ્યમંત્રીને મળવા પહોંચ્યા હતા. DGP ની સૂચનાથી SMC એ CID crime ની અરજીઓની તપાસ કરી હતી. સિનિયર IPS અધિકારીઓના વિખવાદના કારણે વિવાદ થયો હતો.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી લંડનના પ્રવાસે હતા. એક સપ્તાહના આ પ્રવાસ દરમિયાન એક આઈપીએસ અધિકારીએ ખેલ પાડ્યાની ચર્ચા ગૃહ વિભાગ અને સચિવાલયમાં થઈ રહી છે. ગુજરાતના ઈતિહાસમાં ક્યારેય પણ ન બની હોય તેવી ઘટના બની. પોલીસ વિભાગની એક એજન્સી દ્વારા પોલીસ વિભાગની જ બીજી એજન્સીની કચેરીએ રેડ પાડવામાં આવી. આ રેડ બાદ પીએસઆઇ કક્ષાના એક અધિકારીને સસ્પેન્ડ કરાયો. જોકે આ રેડ અરજીઓ દબાઈ રાખવા અને તેમાં ભ્રષ્ટાચારની ગંધ આવતી હોવાની વાત અત્યારે ચર્ચા રહી છે.

# પોલીસ વેરિફિકેશન છતાં 50થી વધુ બોગસ પાસપોર્ટ ઈશ્યુ

## બાંગ્લાદેશીઓના નકલી ડોક્યુમેન્ટ બનાવવા કોર્પોરેટરોના લેટરપેડનો દુરપયોગ : બે શંકાસ્પદ એજન્ટોની ધરપકડ કરાઈ

સમય મિરર | અમદાવાદ

અમદાવાદના ચંડોળા તળાવમાં મેગા ડિમોલેશન બાદ બાંગ્લાદેશીઓના બોગસ પાસપોર્ટ બન્યા હોવાનું કૌભાંડ સામે આવ્યું હતું. જેમાં પોલીસના વેરિફિકેશન કરવા છતાં ૫૦થી વધારે બાંગ્લાદેશીઓના નકલી પાસપોર્ટ બન્યા છે. જેમાં બે શંકાસ્પદ એજન્ટોની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસ વર્તુળમાં ચર્ચા થઈ રહી છે.

ક્રાઇમ બ્રાંચે બોગસ પાસપોર્ટના રેકેટને ઝડપી લેવા માટે ઇસનપુર પોલીસ સ્ટેશનથી શરુ કરેલી તપાસમાં એક પછી એક સફળતા મળી રહી છે. ૫૫૦ પાસપોર્ટની વિગતો ક્રાઇમ બ્રાંચને મળી હતી. જેની ઉંડાણપૂર્વક તપાસ કરતા વિવિધ ડોક્યુમેન્ટના આધારે બાંગ્લાદેશીઓએ એજન્ટો મારફતે પાસપોર્ટ મેળવી લીધા હતા. ક્રાઇમ બ્રાંચ આવનારા દિવસમાં આ સમગ્ર રેકેટ મામલે ગુનો દાખલ કરશે. આવનારા દિવસોમાં હજુ પણ બોગસ ડોક્યુમેન્ટના આધારે પાસપોર્ટ બનાવી દીધા હોવાનો પર્દાફાશ થાય તેવી શક્યતા છે.

ક્રાઇમ બ્રાંચે તમામ વેરિફિકેશનના ડોક્યુમેન્ટ



મેળવીને રિજનલ પાસપોર્ટ ઓફિસમાં મોકલી આપ્યા હતા. ક્રાઇમ બ્રાંચે ઝીણવટભરી તપાસ કરતા સામે આવ્યું કે ૫૦થી વધુ પાસપોર્ટ બોગસ ડોક્યુમેન્ટના આધારે બન્યા છે. બાંગ્લાદેશીઓના પાસપોર્ટ મામલે અમદાવાદ ક્રાઇમ બ્રાંચે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

આ અંગે ક્રાઇમ બ્રાંચના ડીસીપી અજીત રાજીયાને જણાવ્યું કે ઇસનપુર પોલીસ સ્ટેશનથી ચાર વર્ષમાં ૫૫૦ પાસપોર્ટનું વેરિફિકેશન થયું છે. જેમાં ઉંડાણપૂર્વક તપાસ કરતા ૫૦ બોગસ ડોક્યુમેન્ટના આધારે પાસપોર્ટ બન્યા છે. આ પ્રકરણમાં એજન્ટને પકડવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. હાલ બે જેટલી જાણવા જોગ ફરિયાદ નોંધવામાં આવી છે અને હજી રિજનલ પાસપોર્ટ ઓફિસ પાસેથી વધુ વિગત મેળવવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

### અગાઉ એક મહિલાની અટકાયત કરાઈ હતી

બનાવટી પાસપોર્ટ બનાવવાના રેકેટમાં ક્રાઇમ બ્રાંચની ટીમે એક બાંગ્લાદેશી મહિલાની ધરપકડ કરી હતી. મહિલાએ બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરીને ભારતીય પાસપોર્ટ મેળવી લીધો હતો. મહિલાઓ સાથે અન્ય ચાર લોકોની પણ ધરપકડ કરાઇ હતી. આ તમામ શંકમદોની પુછપરછ કરવામાં આવી રહી હતી ત્યારે બીજા પણ પાસપોર્ટ બનાવ્યા હોવાનો ઘટસ્ફોટ થયો છે.